આજનો સુવિચાર

જીવનમાં હમેશા પરિવર્તન અનિવાર્ય છે, પાણીને પણ તરવું હોય તો બરફ બનવું જ પડે છે !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૨૯ જૂનાગઢ તા.૧૮-૫-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઇલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઇલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઇન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 129, Junagadh : Date : 18 May, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

કિરણ રિજિજુ પાસેથી કાનૂન મંત્રાલય આંચકી લેવાયું : અર્જુન મેઘવાલ નવા મંત્રી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૮

ટીમ મોદીના ફેરફારનો દૌર શરૂ થઇ ગયો હોય તેમ જણાય છે. કેન્દ્રીય કાનુન મંત્રી કિરેન રિજિજુને તેમના પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે અને તેમને અર્થ સાયન્સ મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવીછે. સરકારે કાનુન મંત્રાલયનો સ્વતંત્ર હવાલો અર્જુનરામ મેઘવાલને સોંપ્યો છે. એવા સમાચાર છે કે કેન્દ્ર સરકારમાં પ્રધાનોની સમીક્ષાનો દૌર ચાલુ છે. અન્ય મંત્રાલયો અંગે હજુ જાણવા મળ્યુ નથી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક અચાનકજ નિર્ણયમાં કેન્દ્રીય કાનુન મંત્રી પદેથી કિરેન રિજિજુને હટાવીને તેમના સ્થાને અર્જુન મેઘવાલને દેશના નવા કાનુન મંત્રી બનાવ્યા છે. લાંબા સમયથી સુપ્રીમ કોર્ટ તથા એકંદરે જયુડીશરી સાથે ટકકર ભર્યા વિધાનો કરી રહેલા કિરેન રિજજુ પાસેથી આ ખાતુ આંચકી લેવાયુ છે અને તેમનું અર્થસાયન્સ મંત્રાલયમાં

જવાબદારી સોંપવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ફેરફારની ભલામણ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને ગતરાત્રીના મોકલી હતી જેને સ્વીકારી લેવામાં આવી છે જયારે અર્જુન મેઘવાલ હાલ તેમના વિભાગો ઉપરાંત કાનૂન અને ન્યાયમંત્રાલયનો વધારાનો હવાલો સંભાળશે.

આગામી પાંચ વર્ષ ભિષણ ગરમી પડશે : ૨૦૧૬નો રેકોર્ડ પણ તૂટશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૮

આગામી પાંચ વર્ષમાં વૈશ્વિક તાપમાનમાં વધારો થવાની સંભાવના છે. કહેવામાં આવી રહ્યું છે કે વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૭વચ્ચે સૌથી વધુ ગરમી પડવાની છે. આ સાથે એવી આગાહી પણ કરવામાં આવી છે કે આ પાંચ વર્ષમાં એક એવું વર્ષ આવશે, જે ૨૦૧૬નો તાપમાનનો રેકોર્ડપણ તોડીનાખશે. સંયુક્ત રાષ્ટ્રની વિશ્વ હવામાન સંસ્થાએ માહિતી આપી છે. **WMO** (વર્લ્ડ મેટ્રોલોજીકલ ઓર્ગેનાઈઝેશન) અનુસાર, આગામી પાંચ વર્ષમાં રેકોર્ડ સ્તરની ગરમી નોંધાય તેવી ૯૮ ટકા સંભાવના છે. યુનાઈટેડ નેશન્સે ગ્રીનહાઉસ વાયુઓ અને અલ નીનોના કારણે તાપમાનમાં વધારો થવાની ચેતવણી જારી કરી છે, જે ક્લાઈમેટ ચેન્જના પ્રવેગને કારણે વધુ વધવાની ધારણા છે. હવામાન સંસ્થાના મહાસચિવ પ્રોફેસર પીટરી તાલાસે જણાવ્યું હતું કે આ પાંચ વર્ષમાં સ્વાસ્થ્ય, ખાદ્ય સુરક્ષા, જળ વ્યવસ્થાપન અને પર્યાવરણ પર તેની દૂરગામી અસરો પડશે, જેના માટે આપણે તૈયાર રહેવાની જરૂર છે. વર્લ્ડ મેટ્રોલોજિકલ ઓર્ગેનાઈઝેશને કહ્યું કે પેરિસ ક્લાઈમેટ એગ્રીમેન્ટમાં જે વૈશ્વિક તાપમાન નક્કી કરવામાં આવ્યું હતું તે તેનાથી વધી રહ્યું છે. યુનોની હવામાન કમીટીનાં રીપોર્ટમાં એમ કહેવાયું છે કે ગ્રીનહાઉસ ગેસોના બેફામ ઉત્સર્જન અને અલનીનો સીસ્ટમને કારણે તાપમાનમાં વધારો થશે. ઔદ્યોગીક પુર્વેનાં સ્તર કરતાં તાપમાન ૧.૫૦ ડીગ્રી ઉંચે જવાની ૬૬ ટકા સંભાવના છે. વિશ્વ

હવામાન વિભાગે સમગ્ર વિશ્વને અત્યાધીક તાપમાનનાં પડકારનો સામનો કરવાની ચેતવણી આપી છે. આવતા મહિનાઓમાં ઉદભવનાર અલ-નીનો પણ તાપમાન વધારશે. રિપોર્ટમાં એમ કહેવામાં આવ્યુ છે કે, કાળઝાળ તાપમાન ગરમીને કારણે ખાદ્ય સુરક્ષા આરોગ્ય, જળસંકટ તથા પર્યાવરણમાં અનેક વિધ મુશ્કેલી ઉભી થઈ શકે છે અને તેના માટે અગાઉથી જ તૈયારી કરવી પડશે. ૨૦૨૩ થી ૨૦૨૭ સુધી દરમ્યાન દર વર્ષે તાપમાન સરેરાશ ૧.૧ થી ૧.૮ ડીગ્રીવધુ રહેશે. જોકે, આ તાપમાન વધારો કાયમી નહી રહેવાની સ્પષ્ટતા પણ કરવામાં આવી છે.

મુંબઈનાં ૨૬/૧૧ હુમલાનાં આરોપી તહવ્વુર રાણાનાં ભારત પ્રત્યાર્પણને અમેરીકાની કોર્ટે મંજુરી આપી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૮

અમેરિકાની એક અદાલતે ૨૬/૧૧ મુંબઈ હુમલાના આરોપી તહવ્વુર રાણાના ભારત પ્રત્યાર્પણને મંજૂરી આપી દીધી છે. ભારત માટે આ એક મોટી જીત છે. રાણા પાકિસ્તાની મૂળનો કેનેડિયન બિઝનેસમેન છે. ભારતીય સત્તાવાળાઓએ રાણા પાસેથી ૨૦૦૮ના મુંબઈ હુમલાની તપાસની માંગ કરી હતી. અધિકારીઓએ જણાવ્યું કે તે હુમલામાં રાણા પણ સામેલ હતો.

ભારતને આ નિર્ણયની અપેક્ષા હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર એક મહિના પહેલા ભારત પ્રત્યાર્પણની તૈયારી કરી રહ્યું હોવાની માહિતી મળી હતી. પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓએ ૨૦૦૮માં મુંબઈ પર હુમલો કર્યો હતો. ભારતે ૧૦ જૂન ૨૦૨૦ના રોજ તહવ્વુર રાણા વિશે ફરિયાદ કરી હતી. ભારતે આ ૬૨ વર્ષીય આરોપીની અસ્થાયી ધરપકડની માંગ કરી હતી. ભારતની વિનંતી પછી, બાઈડન સરકારે તેને ટેકો આપ્યો અને તેને મંજૂરી આપી.

આ કેસની સુનાવણી યુએસ ડિસ્ટ્રીક્ટ કોર્ટ સેન્ટ્રલ ડિસ્ટ્રીક્ટ કેલિફોર્નિયામાં થઈ હતી. અમેરિકી મેજિસ્ટ્રેટ જસ્ટીસ જેક્લીન ચુલજિયાને કહ્યું કે કોર્ટ સમક્ષ મુકવામાં આવેલા પુરાવા સંપૂર્ણપણે વિચારણા કરવા યોગ્ય છે. તેમણે કહ્યું કે ભારત દ્વારા જે પણ પુરાવા આપવામાં આવ્યા છે તેનો નજીકથી અભ્યાસ કરવામાં આવ્યો છે. આ પછીજ નિર્ણય લેવામાં આવ્યો હતો. બુધવારે કોર્ટે ૪૮ પાનાનો આદેશ જારી કર્યો હતો. કોર્ટે સ્વીકાર્યું કે રાણાનું પ્રત્યાર્પણ વાજબી છે.

આખરે કર્ણાટકનું કોકડું ઉકેલાયું : શનિવારે નવી સરકારની શપથવિધિ

સિધ્ધરમૈયા મુખ્યમંત્રી અને ડી. કે. શિવકુમાર નાયબ મુખ્યમંત્રી બનશે : સોનિયા ગાંધીએ વિવાદ ઉકેલ્યો

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૮

દક્ષિણના રાજય કર્ણાટકમાં પ્રચંડ જીત મેળવ્યા બાદ કોંગ્રેસમાં મુખ્યમંત્રી પદ અંગે સર્જાયેલા સંકટનો અંત આવી ગયો છે અને પીઢનેતા સિદ્ધારમૈયા રાજયના નવા મુખ્યમંત્રી તરીકે તા.૨૦ના રોજ શપથ લેશે. છેલ્લા ૯૬ કલાકથી પહેલા અને બાદમાં દિલ્હીમાં રાજકીય બેઠકોના દૌર બાદ પણ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ડી.કે.શિવકુમાર મુખ્યમંત્રી પદથી કઈ ઓછું સ્વીકારશે નહી અને તેઓ એક સામાન્ય ધારાસભ્યની જેમ બેસવા તૈયાર છે તેવો કોંગ્રેસ મોવડીમંડળને સ્પષ્ટ સંદેશ આપી દેતા કોંગ્રેસ પ્રમુખ મલ્લીકાર્જુન ખડગે પક્ષના વરિષ્ઠ નેતા શ્રી રાહુલ ગાંધી તથા મહામંત્રી અને પ્રભારી સહિતના વરિષ્ઠ નેતાઓની બેઠકોમાં પણ ડી.કે.શિવકુમાર અડગ રહ્યા હતા અને અંતે પક્ષના પુર્વ પ્રમુખ સોનિયા ગાંધી સમક્ષ આ વિવાદ જતા તેઓએ 'વીટો'નો ઉપયોગ કરીને શિવકુમારને નાયબ મુખ્યમંત્રીપદ સ્વીકારવા જણાવી દેતા સંકટ પુરુ થયું છે.

કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા મુજબ નિશ્ચિત થયેલી ફોર્મ્યુલા મુજબ સિદ્ધારમૈયા મુખ્યમંત્રીપદ સંભાળશે અને મંત્રીમંડળમાં નંબર-૨ પર ડી.કે.શિવકુમાર નાયબ મુખ્યમંત્રી બનશે અને તેમની એ શરત પણ સ્વીકારી લેવાઈ છે જેમાં તે માટે એક જ નાયબ મુખ્યમંત્રી પદ હશે અને તે સ્થાન પર તેઓ હશે. આમ અગાઉ બે કે ત્રણ નામની મુખ્યમંત્રીની જે ફોર્મ્યુલા હતા તે પણ તેઓના આગ્રહથી પડતી મુકાઈ છે. હવે તા.૨૦ને શનિવારના બપોરે ૧૨.૩૦ વાગ્યે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને નાયબ મુખ્યમંત્રીપદે ડી.કે.શિવકુમાર શપથ લેશે. ગઈકાલે મોડીરાત્રી સુધી કર્ણાટક સંકટપુર્ણ કરવા ખાસ બેઠકો યોજાઈ હતી. અંતે કોંગ્રેસના પુર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ પોતાની ખાસ 'વગ'નો ઉપયોગ કરી આ વિવાદ ઉકેલ્યો હતો. હવે નવા મંત્રીમંડળની રચના અંગે કોંગ્રેસના મહામંત્રી વેણુગોપાલનના નિવાસે બેઠક યોજાશે. સિદ્ધારમૈયા અને ડી.કે.શિવકુમાર બન્ને તેમના નિવાસે પહોંચ્યા છે તથા આજે હવે ફરી એક વખત સાંજે બેંગ્લોરમાં પક્ષના ચુંટાયેલા ધારાસભ્યોની બેઠક સાંજે ૭ વાગ્યે મળશે જેમાં સિદ્ધારમૈયાને વિધાનસભા પક્ષના નેતા અને ડી.કે.શિવકુમારને નાયબ નેતા તરીકે નિયુક્ત કરશે અને બાદમાં તેઓ રાજયપાલ સમક્ષ સરકાર રચવાનો દાવો કરશે.

હોમ અને ઓટો લોન ધારકો માટે રાહતની શકયતા

(દિલ્હી બ્યુરો)

નવી દિલ્હી તા. ૧૮

દેશમાં સતત વ્યાજદર વધારીને નાના લોન ધારકો માટે 'જીવવું મુશ્કેલ' જેવી સ્થિતિ હશે. વધુ વ્યાજ અને ઉંચા માસીક હપ્તાની સ્થિતિ બન્યા બાદ હવે ફુગાવો ઘટતા રિઝર્વ બેંક આગામી સમયમાં વ્યાજદરમાં પણ ઘટાડો કરી શકે છે. જો કે હવે જુન માસમાં રીઝર્વ બેંકની મોનેટરી કમીટીની બેઠકમાં એપ્રિલ માસની જેમ વ્યાજદર અંગેના નિર્ણયમાં થોભો અને રાહ જુઓની સ્થિતિ બની શકે છે પણ જો ફુગાવો સતત નીચે રહે તો આ વર્ષના અંત સુધીમાં ઉંચા વ્યાજ દરનો સમય પુર્ણ થયો છે તેવું માની શકાય છે.

હાલમાં જ જાહેર થયેલો જથ્થાબંધ ફુગાવો હવે ૩૪ માસ બાદ માઈનસ ૦.૯૨ નોંધાયો પણ હજુ રીટેલઈન્ફલેશન એટલે કે છૂટક ફુગાવો ૪.૭% છે પણ વાસ્તવમાં મોંઘવારી કે ભાવઘટાડો તેટલો થયો નથી અને હજુ અનિશ્ચિત ચોમાસાની સ્થિતિ બની રહી છે જેથી જો ચોમાસુ નબળુ કે નિષ્ફળ જાય તો પરીસ્થિતિ વધુ બગડશે. રિઝર્વ બેંક હાલ સ્થિતિ પર નજર રાખીને બેઠી છે અને તેને નિર્ણયની કોઈ ઉતાવળ પણ નથી.

છેલ્લા ૧ વર્ષમાં વ્યાજદર ૨.૧૦% વધુ છે. અમેરિકી ફેડે ફરી વ્યાજદર વધાર્યા છે પણ ભારતમાં વ્યાજદર કરતા મોંઘવારી મોટો મુદ્દો છે અને ૨૦૨૪ની લોકસભા તથા તે પુર્વેની ધારાસભા ચૂંટણી પણ આવી રહી છે. આમ પોલીટીકલ પહેલું પણ જોવો પડશે.

ઈલેકટ્રીક ટુ-વ્હીલરની સબસીડી ઘટાડાશે : વાહનો મોંઘા થશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૧૮

પ્રદુષણને કાબુમાં લેવાં પેટ્રોલ-ડીઝલનાં બદલે ઈલેકટ્રીક વાહનોનો ટ્રેન્ડ શરૂ થયો છે. ત્યારે ઈલેકટ્રીક ટુ-વ્હીલરમાં અપાતી ૪૦ ટકાની સબસીડી ઘટાડીને ૧૫ ટકા કરવાની દરખાસ્તને પગલે ઈલેકટ્રીક-ટુ-વ્હીલરનાં ભાવમાં વધારો થવાની સંભાવના છે.

કેન્દ્રનાં ભારે ઉદ્યોગ મંત્રાલય દ્વારા આ દરખાસ્ત કરવામાં આવી છે જે વિશે આખરી નિર્ણય આંતર-મંત્રાલય કમીટી લેશે. સુત્રોના જણાવ્યા પ્રમાણે ઈલેકટ્રીક વાહનોના વધુ ગ્રાહકોને સબસીડી આપી શકાય તેવા ઉદેશ સાથે આ ભલામણ કરવામાં આવી છે. થ્રી-વ્હીલર માટેની સબસીડી ફાળવણી વણવપરાયેલી છે. તે પણ ટુ-વ્હીલર માટે ટ્રાન્સફર કરવા સુચવાયું છે. આ દરખાસ્તનો સ્વીકાર થવાના સંજોગોમાં વધુ ગ્રાહકો સબસીડીનો લાભ મેળવી શકશે. જોકે ઈલેકટ્રીક સ્કુટરનાં ભાવ વધશે. અત્યાર સુધીમાં ૫.૬ ૩ લાખ ગ્રાહકોને સબસીડીનો લાભ અપાયો છે. વર્તમાન સબસીડીચાલુ રાખવામાં આવે તો બે જ મહિનામાં બજેટ વપરાઈ જવાની સ્થિતિ છે.

અંબાણી - અદાણી ઘણા લાંબા સમયથી ટોપ-ટેન ધનકુબેરોની યાદીમાંથી બહાર

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૧૮

વિશ્વના ટોચના અબજોપતિઓની યાદીમાં જોરદાર સ્પર્ધા ચાલી રહી છે. જયાં એક તરફ એલોન મસ્ક બર્નાર્ડ આર્નોલ્ટ સાથે નંબર વનની ખુરશી પર ફરીથી કબજો કરવા માટે સ્પર્ધા કરી રહ્યા છે, તો બીજી તરફ એમેઝોનના જેફ બેઝોસ મસ્કને પાછળ છોડવા માટે સખત પ્રયાસ કરી રહ્યા છે. દરમિયાન લાંબા સમય સુધી ટોપ-૧૦ બિલિયોનેર્સ લિસ્ટમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યા બાદ, ભારતીય અબજોપતિ મુકેશ અંબાણી અને ગૌતમ અદાણી લાંબા સમયથી ટોપ-૧૦ લિસ્ટમાંથી બહાર થઈ ગયા છે.

વિશ્વનું સૌથી સમૃધ્ધ શહેર ન્યુયોર્ક જમીનમાં ધસી રહયું હોવાનાં અહેવાલ

ન્યુયોર્ક,તા. ૧૮ : દુનિયાનું સૌથી અમીર ગણાતું ન્યુયોર્ક શહેર પાતાળમાં ધસી રહ્યું છે આવો ખુલાસો એક સ્ટડીમાં કરવામાં આવ્યો હતો.

ન્યૂયોર્ક દર વર્ષે ૧થી ૨ મિલીમીટર નીચે ધસી રહ્યું છે અને તેનું સૌથી મોટું અને મહત્ત્વનું કારણ છે તેની જમીન પર બનાવવામાં આવેલી મોટી મોટી અને ઊંચી ઊંચી ઈમારતો. આ શહેરમાં ૩.૪૦ લાખ સુપર રિચ લોકો રહે છે અને ન્યુયોર્ક શહેર દુનિયાનું સૌથી અમીર શહેર કહેવાય છે.

બુધવારે ભારતની વીજ માંગ ૨૨૦ ગીગાવોટનાં સર્વોચ્ચ આંકડે પહોંચી ગઈ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૧૮

ભારતની રોજીંદી વીજમાંગ ગઈ કાલે બુધવારે ૩ વાગ્યે ૨૨૦ ગીગાવોટનાં સર્વોચ્ચ આંકડે પહોંચી ગઈ હતી. ભારતના ઈતિહાસમાં અત્યાર સુધીની આ એક દિવસની સર્વાધિક માંગ છે. વીજ મંત્રાલયે પોતાના અનુમાનમાં દેશમાં વીજળીની માંગ એપ્રિલથી જૂન મહિના દરમ્યાન ૨૨૦ ગીગાવોટ પહોંચવાની આશા વ્યકત કરી હતી. એપ્રિલ મહીનામાં કમોસમી વરસાદ થવાના કારણે ઉચ્ચ સ્તરની માંગ મે મહીનામાં ઉભી થઈ છે.

દેશભરમાં ઉષ્ણતામાન વધી રહ્યું છે ત્યારે આશા રખાઈ રહી છે કે જો ચોમાસા પહેલા કોઈ વાવાઝોડાના વરસાદથી રાહત નહીં મળે તો વીજમાંગ ૨૨૦ ગીગાવોટના સ્તરથી આગળ જઈ શકેછે. કેન્દ્ર સરકારે વીજળીની માંગ આ સ્તરે પહોંચતા કોલસાની માંગની સ્થિતિનું અનુમાન કર્યું છે. અને આ વર્ષે ઉનાળામાં ૨૨૦ ગીગાવોટની ઉચ્ચ માંગને ધ્યાનમાં રાખીને ગ્રીડની તૈયારીઓ કરાઈ છે.

સરકારના આંકડા અનુસાર, ઐતિહાસિક સ્તર પર વીજળીની ઉંચી માંગની સ્થિતિમાં થર્મલ પાવર સ્ટેશનો ચલાવવા માટે એપ્રિલ-જૂન ૨૦૨૩ દરમ્યાન કુલ ૨૨.૨ કરોડ ટન કોલસાની જરૂર પડશે. આ વર્ષની શરૂઆતમાં વીજ મંત્રાલય તરફથી કરાયેલ અંદાજ અનુસાર ઘરેલુ કોલસાની ઉપલબ્ધતા ૨૦.૧ કરોડ ટન રહેવાની આશા છે. જ્યારે કુલ માંગ ૨૨.૨ ક્રોડ ટન રહેવાની શકયતા છે.

ફલેટ વેચવાનો છે

જૂનાગઢમાં ઝાંઝરડા રોડ વિસ્તારમાં ગાયત્રી સ્કુલની બાજુમાં બીજા માળે, 2BHK ફલેટ કસમાં વ્યાજબી ભાવમાં ફલેટ વેચવાનો છે

:: સંપર્ક ::
૯૯૨૫૭ ૫૫૦૦૮

લેવા-વેચવા

લોકેશન વાડી ભાવમાં મિલ્કતો, ફલેટ, ડુપ્લેક્ષ, જમીન, દુકાન, બંગલા વગેરે તાત્કાલીક લેવા-વેચવા માટે સંપર્ક કરો

મયંક એસ્ટેટ બ્રોકર
રસિકભાઈ પટેલ
મો. ૯૫૮૬૩ ૪૧૦૨૧
૯૪૨૭૩ ૭૭૯૧૭

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

વર્ષા
ઈન્ડસ્ટ્રીઝ એન્ડ પ્રા. લી.

મહાસાગર પેટ્રોલ પંપ સામે, રાજકોટ હાઈવે રોડ, સુખપુર - ૩૬૨ ૩૧૦
જી. જૂનાગઢ (ગુજરાત)
ફોન : ૦૨૮૫-૨૬૬૦૦૮૮
(૦૨૮૫) - ૨૬૬૦૦૯૯

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના પ્રોફેસર કમલ હરગોવિંદભાઈ મહેતાએ પ્રોફેસર જયદિપસિંહ કે. ડોડીયા સામે બદનક્ષી બદલ રૂપિયા ૫૦,૦૦,૦૦૦/- વળતર પેટે મેળવવા કરેલ દાવો અદાલતે રદ કર્યો

એડવોકેટ હાર્દિક જી.ડોડીયા

સને ૨૦૨૦માં અલગ અલગ છાપામાં અલગ અલગ સમયે છપાયેલ સમાચારો જયદીપસિંહ કે. ડોડીયાએ છપાવેલ હોવાનો આક્ષેપ કમલ હરગોવિંદભાઈ મહેતાએ કરેલ જે આક્ષેપો કમલ હરગોવિંદભાઈ મહેતાએ નામદાર કોર્ટમાં સાબિત કરી શકેલ નહિ જેથી દાવો રદ કરવામાં આવેલ છે

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૮

પ્રોફેસર કમલ મહેતાએ પોતાની બદનક્ષી થયેલ હોવા અંગે કરેલ આક્ષેપો મુજબ તા.૧૩/૦૩/૨૦૨૦નાં રોજ પ્રતિવાદી જયદિપસિંહ કે. ડોડીયાએ તેમની સહિથી એક પ્રેસનોટ તૈયાર કરી રાજકોટથી પ્રસિદ્ધ થતા જુદા જુદા દૈનિક પત્રોમાંમોકલાવેલ જેમાંજણાવેલું હતું કે પ્રો.કમલ મહેતાએ તા.૨૨/૦૩/૨૦૧૪ના રોજ અગાઉથી નકકી થયા મુજબ માત્ર એક વગદાર વિદ્યાર્થીને પી.એચ.ડી.માં પ્રવેશ આપવા માટે ડીનશ્રીની ગેર હાજરીમાં માત્ર એકજ વિષય નિષ્ણાંતની હાજરીમાં ડી.આર.સી બોલાવી હતી અને આ વિદ્યાર્થીને પ્રવેશ આપેલ છે. આ વિદ્યાર્થીના માર્ગદર્શક તરીકે અંગ્રેજી વિષયના અભ્યાસ સમિતીના અધ્યક્ષ ડો.ઈરોઝ વાજાને ફાળવવામાં આવ્યા હતાં. પ્રવેશ આપવાનુંઅગાઉથી નક્કી કરીએ એકવિદ્યાર્થી માટે ડી.આર.સી.નું નાટક કરવું તે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રસ્થાપિત ધારા ધોરણોની બિલકુલ વિરુદ્ધ બાબત છે. આઉપરાંત પ્રોફેસર મહેતાએ ઓપન કેટેગરીમાં તેના અધ્યક્ષ તરીકેના કાર્યકાળમાં એમ.એ.માં પુરા ૫૫% ન હોવા છતાં બે વિદ્યાર્થીઓને પ્રવેશ આપી પીએચ.ડી. પ્રવેશ માટેનાં યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૦૯નો છડે ચોક ભંગ કરેલ છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પીએચ.ડી.ઓર્ડીનન્સનુંમનઘડત અર્થઘટન કરી કેટલા વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં પણ બે વર્ષ વિલંબ કરેલ છે. ''.....'' પ્રોફેસર મહેતાના અધ્યક્ષ તરીકેના કાર્યકાળમાંવિવિધ કક્ષાએથયેલા છબરડાઓની વર્તમાન કુલપતિ ડો.નીતિન પેથાણી વાકેફ છે. ભવનના અધ્યક્ષનો ચાર્જ સામાન્યરીતે ભવનનાસિનીયર મોસ્ટ અધ્યાપકને આપતો હોય છે. પરંતુ પ્રો. કમલ મહેતાની સામેની ફરિયાદો કુલપતિ દ્વારા પણ ગંભીરતા પૂર્વક ધ્યાને લેવામાં આવેલ છે. પ્રો. મહેતાને પુનઃ અધ્યક્ષ બનાવવા માટે તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં એક વગદાર જૂથ દ્વારા કુલપતિ ઉપર પણ સતત યેનકેન પ્રકારે દબાણ લાવવામાંઆવ્યું હતું. પરંતુ કુલપતિ ડો. નિતીનભાઈ પેથાણી તેમનાનિર્ણય ઉપર અડગ રહિને કુલપતિ પદની ગરિમાંજાળવી રાખી છે. ''પ્રતિવાદીની આ પ્રેસનોટનાં આધારે તા.૨૩/૦૩/૨૦૨૦નાં રોજ સાંજ સમાચારમાં ''સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં અંગ્રેજી ભવનમાં પીએચ.ડી. પ્રવેશમાં યુ.જી.સી. નિયમોમાં છડે ચોક ભંગ''નાં હેડિંગસાથે એક સમાચારપ્રસિદ્ધ થયેલ જેમાં વાદી દ્વારા આચરવામાં આવેલ ગેરરીતી અંગે તપાસ સમિતી રચવા ડો. ડોડીયાએ કુલપતિને કરેલ રજુઆત જેવી હકીકતો જણાવવામાં આવેલ આ પ્રેસનોટનાં આધારે તા.૧૪/૦૩/૨૦૨૦નાંરોજ નવ ગુજરાત સમય નામના દૈનિક પત્રમાં તથા સંદેશમાં પણ આવા જ સમાચાર પ્રસિદ્ધ થયેલા ત્યારબાદ તા.૧૫/૦૩/૨૦૨૦નાં રોજ અમરેલી એક્સપ્રેસમાં આજ પ્રેસનોટનાં આધારે સમાચાર પ્રસિદ્ધ થયેલા પ્રતિવાદીએ કરેલા આક્ષેપો ખોટા બનાવીને અનેવાદીની બદનક્ષી થાયતેવા પ્રકારની છે. યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૦૯ની જોગવાઈ વિરૂદ્ધની યુનિવર્સિટી કોઈને પીએચ.ડી.માં પ્રવેશ ન આપે છતાંપ્રતિવાદીએ છાપામાં ખોટી જાહેરાતોઆપી, વાદીનીબદનક્ષી કરેલ છે. વાદી પ્રવેશ અપાયેલ વિદ્યાર્થીનેઓળખતા પણ નહતાં અને પ્રતિવાદી આર.ડી.સી.ની મિટીંગમાં હાજર રહેલ અને રોજકામમાં સહિ છે છતાં ઘણા વર્ષોબાદખોટી બનાવટીપ્રેસનોટ આપેલ છે અને નિયમોથી વિરૂદ્ધનુંઅર્થઘટનકરી રહેલાછે. આ પ્રેસનોટથી વાદીના સગા, મિત્રો અને ભૂતપૂર્વવિદ્યાર્થીઓમાં એવી છાપ ઉભી થયેલ કે,વાદીએ ગેરરીતી કરેલ છે. જેથી વાદીની પ્રતિષ્ઠા અને ગૌરવને ગંભીર અસર કરેલી છેજેનાથી વાદીએ દુઃખ,ત્રાસ અનેઆઘાત થયેલછે તથા શરમજનક સ્થિતિમાં મુકાયેલ છે. જેથી વાદીએ પ્રતિવાદીને તા.૨૯/૦૬/૨૦૨૦નાં રોજ નોટીસ આપી, લખાણો પાછા ખેંચી લેવા અનેજો ના ખેંચે તો નુકશાન વળતર દાવો દાખલ કરવા જણાવતા, પ્રતિવાદીએ તા.૧૦/૦૭/૨૦૨૦નાં રોજ તદન ઉડાઉ અને ખોટા જવાબ આપેલ છે. પ્રતિવાદીએ તેમના નોટીસનાં લેખિત જવાબમાં બદનક્ષી થયેલ હોવાનો ઈનકાર કરેલ છે, પરંતુ સમાચાર તેઓએ પ્રસિદ્ધ કરાવેલા હોવા બાબતે કોઈ હકીકત જણાવેલ નથી. જેથી હાલનોદાવો લાવેલ છે. પ્રોફેસર કમલ હરગોવિંદભાઈ મહેતાએ રજુ કરેલ પુરાવા અને તેમના સાહેદોની જુબાની સહિતની બાબતો નામદાર અદાલતે સ્વીકારેલ નહિ અને રજુ થયેલ પુરાવાથી પ્રોફેસર કમલ મહેતાની બદનક્ષી સાબિત થતી હોવાનું પુરવાર ન જણાતાં નામદાર અદાલતે રૂપિયા ૫૦,૦૦,૦૦૦/-(પચાસ લાખ રૂપિયા) જેવી માતબર રકમ વળતર પેટે મેળવવા અંગેનો દાવો રદ કરેલ છે. આ દાવાનાં પ્રતિવાદી પ્રોફેસર જયદિપસિંહ કે. ડોડીયાએ, પ્રોફેસર કમલભાઈ મહેતાએ કરેલ દાવામાં પોતાની દલીલો કરતા જણાવેલ કે આ કામે વાદી જે પ્રેસનોટને આધારે પ્રતિવાદી વિરૂદ્ધ બદનક્ષીનો દાવો લાવેલછે તે વોટ્સએપ કોપી છે કોઈ અસલ ન્યુઝપેપર રજુ કરેલ નથી અનેઈ-કોપી રજુ કરેલ છે. જેમાં પુરાવા ૬૫-બી મુજબનું સર્ટીફીકેટ નથી જે ન્યુઝપેપર્સમાં આ પ્રેસનોટ પ્રસિદ્ધ થયેલી છે તેના કોઈ એકઝીકયુટીવ એડિટરને તપાસવામાં આવેલ નથી. વધુમાં આર.ટી.આઈ. હેઠળનાં જવાબ મુજબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં સત્તાધીશો દ્વારા કોઈતપાસસમિતી નિમાઈનથી અને કોઈની સામે તપાસ માંગવી એ બદનક્ષી ન ગણી શકાય. પ્રતિવાદી તરફે રજુ જવાબ સાથે રજુ નામદાર ગુજરાત હાઈકોર્ટના જજમેન્ટ મુજબ ૫૫% થી ઓછા હોય તો પીએચ.ડી.માં એડમીશન ના મળે. વધુમાં વિદ્યાર્થીનુંએડમીશન ૨૦૧૩માં થયેલ અને રજીસ્ટ્રેશન ૨૦૧૬માં જે વિલંબ થયેલ છે. વધુમાં વાદી તરફે પત્રકારને તપાસેલ છે જે નાથી વાદીની દાવા હકીકતને સમર્થન મળેલ નથી અને તે પત્રકાર પાસે સરકાર માન્ય ઓળખપત્રક નથી વધુમાં આ કામે અન્ય વાદીના સાહેદોને તપાસેલ છે અત્યારે આધુનિક ડીજીટલ યુગ છે અને ડીજીટલ યુગમાં કોઈ કોઈનેપત્ર લખે તે શક્ય નથી. માત્ર પુરાવો ઉભો કરવાના આશયથી આવા પત્રો અને સાહેદોને ઉભા કરેલું જણાયછે. ઉપરોક્ત પ્રતિવાદીનો બચાવ, પ્રતિવાદીએ કરેલ વાદીની, વાદીનાં અન્ય સાહેદોની વિગતવાર ઉલટ તપાસ, પ્રતિવાદીએ તેના કેસના સમર્થનમાં કરેલ દલીલો તથા દલીલો સાથે રજુ કરેલજુદી જુદી વડીઅદાલતના ચુકાદાઓ ધ્યાને લેતા રાજકોટના મહે. અધિક સિનીયર સિવિલ જજ એસ.જે.પંચાલ વાદીનો દાવો પુરવાર થતો નહોવાની હકીકત માની વાદીનો દાવો રદ યાને નામંજૂર કરતો હુકમ ફરમાવેલ છે. આ કામમાં પ્રતિવાદી તરફે વકીલ તરીકે રાહુલ કે.શાહ, ઋષિત ડી. પટેલ, હાર્દિક જી. ડોડીયા તથા જયદેવ જે. શીશાંગીયા રોકાયેલ હતા.

દ્વારકાના દરિયામાં આખરની ભરતીનો કરંટ શરૂ થતા ગોમતી ઘાટ ભડકેશ્વ સહિત દરિયા કાઠો રેઢો પડ



ગોમતી ઘાટ ઉપર જોખમી દરિયાઈ મોજા સાથે સેલ્ફી લેતા ટુરીસ્ટો સબંધિકત તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૮

દ્વારકાના દરિયામાં આખરની ભરતીનો કરંટ શરૂ થયગયેલહોય ત્યારે દરિયા કાઠો રેઢોપટ જોવા મલ્યો છે. દરિયાઈ આખરનીભરતીના ગોમતીઘાટ ભડકેશ્વર લાઈટ હાઉસ દરિયાઈ કાઠા ઉપર મસ મોટા મોજા ઉછડવાના શરૂ થયા છે. ગોમતીઘાટ ભડકેશ્વર મંદિર પાછળ યાત્રિકો ટુરીસ્ટો દરિયાઈ મોજા સાથે જોખમી ફોટો ગ્રાફી કરતા કેમેરામાંકેદ થયા હતા. જોકે યાત્રિકો દરિયાઈ પાણીથી અજાણ હોય ગોમતી ઘાટ ઉપર ના તો સિક્યુરેટી ના તો રેસ્કયુટીમ સબંત્રધિત તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં સુતુ હોય ગોમતી ઘાટ ઉપર દરિયાઈ મોજાથી લોકો અજાણ હોવાથી અનિછીય બનાવો બનશે તોજવાબદાર કોણ ? તેવા સવાલો ઉઠવા પામ્યા છે. ઉલ્લેખીયન છેકે ગોમતી ઘાટ તેમજ પંચકુઈ દરિયાઈ બિચ વિસ્તાર તરફ દર વર્ષે આખરની ભરતીમાં બે ચાર લોકો દરિયામાં તણાઈને મોતને ઘાટ ભેટ્યા હોવાના કિસ્સાઓ બન્યા છે. કોઈ અનિછીય બનાવો ન બને તે માટે સબંધિકત તંત્ર યુધ્ધના ધોરણે ગોમતી ઘાટે સિક્યુરેટી તેમજ રેસ્કયુ ટીમ તૈનાત કરે ભડકેશ્વર મંદિરે સન્સેઈન પોઈંટ દરિયા કાઠા વિસ્તાર સિક્યુરેટી ગોઠવે તેવી માંગ ઉઠવા પામી છે.

જૂનાગઢના સાહસવીર યુવાનો વિશ્વના સૌથી ઊંચા હિમાલયના ૧૯૦૨૦ ફુટ ઉંચા "ઉમલિંગ લા પાસ" (હાઈસ્ટ મોટરેબલ રોડ ઈન ધ વોલ્ડ)ને બાઈક ઉપર સર કરશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮



સૌરાષ્ટ્રમાંથી સૌ પ્રથમ વખત લગભગ ૫૫૦૦ કિલોમીટર બાઈક ઉપર સફર કરી લેહ લદાખમાં આવેલા વિશ્વના સૌથી વધુ ૧૯૦૨૦ ફૂટ ઊંચા એવા "ઉમલીંગ લા પાસ" ની સાહસયાત્રા કરવા જૂનાગઢ અનેરાજકોટના યુવાનો તા. ૨૦/૫/૨૩માં રોજ જઈ રહ્યા છે. આ ટીમના લીડર અને જાણીતા સાહસવીર જશરાજ મેવચાની સાથે જોડાશે જૂનાગઢના હાર્દિક કારીયા, ઉદય પંડ્યા અને રાજકોટના અન્ય ત્રણ યુવાનો હર્ષિલ રાવલ, હિરેન વરસાણી, પ્રશાંત કયાડા જે હિમાલયના ઉત્તુંગ અને અતિ કઠીન શિખરો બાઈક ઉપર સર કરશે. અત્યંત મુશ્કેલ એવી આ યાત્રા ૧૫ થી ૨૦ દિવસ ચાલશે. ખૂબ જ ઉંચાઈ ઉપર આવેલ ઝોઝીલા, રોહતાંગ, બારા લાચા લા, લાચુંગ લા, તગલાંગ લા, નામિરા લા, ફોટુ લા, ચાંગ લા વગેરે સર કરીનેયુવાનો ૧૯૦૨૦ ફૂટ ઊંચા ઉમ્લિંગ લા પહોંચશે. જશરાજ મેવચા દ્વારા આવી અનેક સાહસ યાત્રા પહેલા પણ કરવામાં આવી છે. જેમાં અરૂણાચલની ચાઈના બોર્ડર કિબીથું, નાગાલેન્ડના નક્સલવાદી વિસ્તારમા પ્રવાસ અને બીજી ઘણી સાહસ પ્રવૃત્તિઓમાંતેઓ આગળપડતા છે. આ કઠીન પ્રવાસ દરમ્યાન તંબુમાં રહેવું, જાતે રસોઈ બનાવવી, પાકિસ્તાન અનેચીન સરહદ નજીકના સંવેદનશીલ વિસ્તારોમાંથી પસાર થવું, માઈનસ ઠંડીમાં રહેવું, ઓકસીજનની કમી, અતિ જોખમી નદી નાળા પસાર કરવા, જેવી અનેક કુદરતી આપત્તિઓને પાર કરેલ છેઅનેફરી નવી યાત્રા માટે થનગનતા યુવાનોને આવી અનોખી સાહસ યાત્રાની સફળતા માટે અનેક નામાંકિત લોકો તથા સંસ્થાઓ તરફથી અભિનંદન સાથે હાર્દિક શુભકામનાઓ પાઠવવામાંઆવી છે.

૧૮ મે - આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ : આ વર્ષનું સૂત્ર છે ''સસ્ટેઈનીબિલિટી એન્ડ વેલ બીઈંગ''

ભૂતકાળ વિષે જાણવાની જિજ્ઞાસાને લીધે ઈતિહાસ વિષયનો આવિર્ભાવ થયોને અસ્તિત્વમાં આવેલા સંગ્રહાલયો વિવિધ વસ્તુઓ પ્રદર્શિત કરી સાંસ્કૃતિક વારસાને જાળવવા નવી પેઢી સુધી પહોંચાડવાનું ઉત્તમ કાર્ય કરે છે

દર વર્ષે ૧૮મી મેના દિવસે ''આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ''ની ઉજવણી કરવામાં આવે છે જેનું આ વર્ષનું સૂત્ર છે- ''સસ્ટેઈનીબિલિટી એન્ડ વેલ બીઈંગ'' પોતાના ભૂતકાળવિષે જાણવાની જિજ્ઞાસાને લીધે ઈતિહાસ વિષયનો આવિર્ભાવ થયો છે, જેના કારણેઅસ્તિત્વમાં આવેલા સંગ્રહાલયો રોજિંદી જીવનશૈલી, ખાન-પાન, વિવિધ વસ્તુઓ વગેરે પ્રદર્શિત કરે છે અને સાંસ્કૃતિક વારસાની જાળવણી અને ઈતિહાસને નવી પેઢી સુધી પહોંચાડવાનું ઉત્તમ કાર્ય કરે છે. ગુજરાતમાં વર્ષ ૧૮૭૭માં સૌ પ્રથમ બનેલા કચ્છ સંગ્રહાલય બાદ રાજકોટમાં ૧૮૮૮માં બારટન વોટસન મ્યુઝિયમ બન્યું, ધીમે ધીમે રાજયમાં સંગ્રહાલયો વધતા ગયા, હાલ રાજયમાં કુલ ૧૮ જેટલા સંગ્રહાલયો સામેલ છે. જે પૈકી નવનિર્માણ પામી રહેલા શ્રી થલ સંગ્રહાલયમાં પાટણ જિલ્લાના કલા વારસાના નમૂનાઓનો સંગ્રહ કરાશે જયારે દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણના જીવનચરિત્ર આધારિત સંગ્રહાલય, વડનગરમાં તાનારીરી સંગીત સંગ્રહાલય, સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલામાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના જીવન-કવન અંગેનું સંગ્રહાલય વગેરે સંગ્રહાલયો ગુજરાતના ભવ્ય અનેભાતીગળ વારસાને લોકસમુદાયો સમક્ષ ઉજાગર કરી રહયા છે. આ ઉપરાંત, ગુજરાતમાં કલા, કૃષિ, તબીબી, વિદ્યા, પુરાતત્વ, પ્રાકૃતિક ઈતિહાસ, વિજ્ઞાન, બાળસંગ્રહાલય અનેઆદિવાસી વ્યક્તિ વિષયક જેવા અનેક વિષયો ઉપરના સંગ્રહાલયો છે, જેને લાખો લોકો ગૌરવ સાથે નિહાળેછે. રાજકોટના જયુબિલી બાગ ખાતે આવેલા વોટસન મ્યુઝીયમને પુરાતત્વ, લઘુચિત્ર, હસ્તપ્રતો, આધુનિક ભારતીય કલા, કાપડ, કાષ્ટ કલા, ખનીજ, પ્રાણી જેવા વિવિધ વિભાગોમાં વિભાજિત કરાયું છે. વોટસન મ્યુઝીયમ ખાતે અનેક પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી રહી છે, રસના વિષયથી લઈને રીસર્ચના વિષય સુધી આ મ્યુઝિયમ સેતુ સમાન છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ જયાં પોતાનો મેટ્રિકસ સુધીનો અભ્યાસ કર્યો એ આલ્ફ્રેડ હાઈસ્કુલને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિશ્વ કક્ષાના મ્યુઝિયમ તરીકે ''મહાત્મા ગાંધી મ્યુઝીયમ''ના નામે કાયાપલટ કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ ૩૯ ભવ્ય ગેલેરીઓમાં તેમના જીવન પ્રસંગોનુંડિજિટલ નિરૂપણ કરીને જીવંત રીતે રજૂ કરવામાં આવ્યા છે, અને લાઈટ અને સાઉન્ડ શો દ્વારા ગાંધીજીને આબેહૂબ રજૂ કરવામાં આવે છે. ૨૦૧૮ થી આજ સુધી અંદાજે બે લાખથી વધુ લોકો આ મ્યુઝીયમ નિહાળી ચુકયા છે. રાજકોટની મુલાકાતે આવતા વિદશી પ્રવાસીઓ માટે આ ગાંધી મ્યુઝીયમ નવલું નજરાણું બની ચુકયું છે. સંગ્રહાલયોની જાળવણી તથા અન્ય કામગીરી માટે વર્ષ ૨૦૨૩ માં રાજય સરકારે રૂા.૫૫ કરોડની ફાળવણી કરી છે. સંગ્રહાલયના વિવિધ પ્રભાગોનું ઓનલાઈન નિદર્શન થઈ શકે તે હેતુથી હવે ઓનલાઈન વર્ચ્યુઅલ ટૂર બનાવી તેની વેબસાઈટ ઉપર પણ મૂકવામાંઆવી રહી છે. દેશ અને દુનિયામાં મ્યુઝિયમની સાચવણી માટે આધુનિક અને ભવ્યબિલ્ડિંગો બનાવવામાંઆવી રહ્યા છે.

આલેખન - દેવ મહેતા

માનવાધિકાર અને મહિલા બાળ વિકાસ સંગઠન જૂનાગઢ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

માનવાધિકાર અને મહિલા બાળ વિકાસસંગઠન જૂનાગઢ જિલ્લામાં પરમપૂજ્યશ્રી મુક્તાનંદબાપુના ૬૫ માં જન્મદિવસ નિમિતે રાષ્ટ્રીય અધ્યક્ષ નીલેશભાઈ જોશીના માર્ગદર્શન હેઠળ અને ગુજરાત રાજ્ય મીડિયા ઈન્ચાર્જ પાર્થભાઈ પંડ્યાની આગેવાનીમાં એક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા પ્રમુખ વિવેકભાઈ મહેતા, જિલ્લા મહિલા પ્રમુખ વૈશાલીબેન રાઠોડ, જિલ્લા ઉપપ્રમુખ સીમાબેન મકવાણા, શહેર મહિલા પ્રમુખ નયનાબેન કોટડીયા, શહેર ઉપપ્રમુખ દેવેન્દ્રભાઈ કૂદેચા અને સમગ્ર ટીમ, ખરેડી બ્રહ્મ સમાજ પ્રમુખ કિશોરભાઈ જોશી, ટ્રસ્ટી શૈલેષભાઈ ભટ્ટ, ૧૮૧ સ્ટાફ, નારી અદાલત, સખી મંડળ સ્ટાફ, મહિલા પોલીસ સ્ટાફ સહિત તમામ લોકોએ હાજરી આપી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો એમ જિલ્લા મીડિયા ઈન્ચાર્જ ચેતન્યભાઈ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

માંગરોળ મુકામે મુક્તાનંદ બાપુના ૬૫ માં પ્રાગટ્ય દિવસ નિમિતે માનવ કલ્યાણ અને પર્યાવરણ સુરક્ષા અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૮

તારીખ ૧૭-૫-૨૦૨૩ બુધવારના દિવસે જય અંબે મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ચાપરડાના સંત શિરોમણી આદરણીય શ્રી મુક્તાનંદજીબાપુના ૬૫ માં પ્રાગટ્યદિવસ નિમિતે મુરલીધર વાડીમાંગરોળખાતે સવારે ૮થી ૧૨ સુધીના સમયગાળામાં શ્રી જીવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ગૌ રક્ષા સેના માંગરોળ દ્વારા માનવ કલ્યાણ અનેપ્રકૃતિ-પર્યાવરણ સુરક્ષા અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બ્લડ ડોનેશન કેમ્પ, ગાયત્રી યજ્ઞ, ચક્ષુદાન-દેહદાન સંકલ્પ પત્ર, રોપા વિતરણ તેમજ ચકલીના માળાવિતરણ વગેરેનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં માંગરોળના ગાયત્રી પરિવાર દ્વારા પર્યાવરણની શુધ્ધી અર્થે ગાયત્રી યજ્ઞ કરવામાં આવ્યો હતો. હાલ ચાલી રહેલ ઉનાળાની ઋતુમાં કાળઝાળ ગરમી હોવા છતાં રક્તદાતાઓએ પોતાનો કિંમતી સમયફાળવી અને ૧૧૮ યુનિટ રકત થેલેસેમિયા ગ્રસ્ત બાળકો માટે ભેટ આપ્યું હતું .જે રક્તયુનિટનો શ્રી રામ બ્લડબેંક-પોરબંદર દ્વારા સ્વિકાર કરવામાં આવ્યો હતો. મૃત્યુંબાદ આ નાશવંત શરીરના અંગો જરૂરિયાતમંદને ઉપયોગી થાય એ માટે થતા ચક્ષુદાન, અંગદાન અને દેહદાન જાગૃતિ અંગે કાર્યરત જુદી જુદી સેવાકીય પ્રવૃતિ સાથે સંકળાયેલ ટીમો દ્વારા સુંદર આયોજન કરીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં માંગરોળતાલુકા તેમજ આજુબાજુના આગેવાનો ઉપસ્થિત રહી સેવાકીય પ્રવૃતિ કરતા લોકોનો ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ઉપસ્થિત સાધુ-સંતો, આગેવાનો, માનવ તેમજ પ્રકૃતિ અંતર્ગત વિવિધ સેવાકીય પ્રવૃતિ સાથે સંકળાયેલ કાર્યકરો, આજુબાજુની ગૌશાળામાં કાર્યરત ગૌ સેવાના ભેખધારી એવા ગૌસેવકો, રક્તદાતાઓ, શ્રી રામ બ્લડ બેંક- પોરબંદરની ટીમ, માંગરોળ તાલુકાના પત્રકાર મિત્રો, આયોજકોનોઆ તકે ખુબ ખુબ આભાર વ્યક્ત કરેલ હતો.

મોરબીના હળવદ ખાતે વરિયાળીમાં ભેળસેળ કરતુ કૌભાંડ પકડાયું

રૂા.૧.૧૩ કરોડની કિંમતનો આશરે ૫૯ હજાર કિલોગ્રામ જથ્થો જપ્ત

(પ્રતિનિધિ દ્વારા)

મોરબી તા.૧૮

મોરબી જિલ્લાના હળવદ ખાતે ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમ દ્વારા વરિયાળીમાં થતું ભેળસેળનું કૌભાંડ પકડી પાડવામાં આવ્યું છે, જેમાં વરીયાળી અને કલરનો મળી રૂા.૧.૧૩ કરોડની કિંમતનો આશરે ૫૯ હજાર કિલોગ્રામ જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે, તેમ ખોરાક અને ઔષધનિયમન તંત્રના કમિશનર ડો.એચ. જી. કોશિયાએ જણાવ્યું છે.

મોરબી જિલ્લાના હળવદ તાલુકાના અવધ ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં હિતેષભાઈ મુકેશભાઈ અગ્રવાલ નામનો વ્યકિત વરીયાળીમાં કલર ભેળવી ભેળસેળવાળી વરીયાળી બનાવીને વેચાણ કરતો હોવાની બાતમી મળીહતી. જેના આધારે ખોરાક અનેઔષધ નિયમનતંત્ર-મોરબી અને લોકલ કાઈમ બ્રાન્ચ-મોરબીની સંયુક્ત ટીમ દ્વારા ઓચિંતી તપાસ હાથ ધરી વરિયાળીમાં અખાદ્ય કલર ભેળવવાનું કૌભાંડ પકડી પાડી ધોરણસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

:: અવસાન નોંધ ::

રાજકોટ : સ્વ. મણીબેન હીરાભાઈ પરમાર (ઉ.વ. ૮૫) તે મોહનભાઈ, ભરતભાઈ, જીતુભાઈ (માહિતી કચેરી રાજકોટ), સવિતાબેન, પુષ્પાબેનનાં માતા તા. ૧૬ મે મંગળવારનાં રોજ દેવલોક પામ્યા છે. સદગતનું બેસણું તા. ૧૯-૫-૨૩ શુક્રવારનાં રોજ સાંજે ૫ થી ૭કલાકે તેમનાં નિવાસ સ્થાન ૫, રાજનગર રોડ, નાના મૌવા મેઈન રોડ, ડો. છાટબારનાં દવાખાના સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

સંસદ સભ્ય ડો.કીરીટ સોલંકીએ વિસાવદરના સરસઈ ગામની મુલાકાત લઈ વિકાસના કામોની ચર્ચા કરી

ગામના વિકાસમાં જે કામ કરવા પાત્ર હોય તે કામોને અગ્રતા આપવા સૂચના અપાઇ

જૂનાગઢ, તા.૧૮

સંસદ સભ્ય ડો.કીરીટ સોલંકીએ સાંસદ આદર્શ ગ્રામ યોજના હેઠળ વિસાવદર તાલુકાના સરસઈ ગામના વિકાસ કરવા માટે સરસઈ ગામની મુલાકાત લીધી હતી અને ગામના સંત રોહિદાસજીના આશ્રમ ખાતે જિલ્લા કક્ષાના અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં સરસઈ ગામના વિકાસમાં જે કોઈ કામ કરવા પાત્ર હોય તે કામોને અગ્રતા આપવા સૂચના આપવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે માધ્યમિક તથા પ્રાથમિક શાળામાં નવા ઓરડા, પેવર બ્લોક તથા શેડનું કામ, સંત રોહિતદાસજીના નામનો કોમ્યુનીટી હોલ, આંગણવાડીના કામો, અલગ-અલગ શેરીઓમાં સ્ટ્રીટ લાઈટ, પીવાના પાણીની પાઈપ લાઈન, સીસી રોડ, પેવર બ્લોક, ભૂગર્ભ ગટર, કચરા પેટીઓ, બોર બનાવવાનું કામ, એક લાઈબ્રેરીનું કામ તથા સંત રોહિદાસજી આશ્રમમાં ખુટતી સુવિધાઓ પુરી કરવાનું કામ પેટા આરોગ્ય કેન્દ્ર, ગામમાં પ્રવેશદ્વાર બનાવવાનું કામ, પંચાયત ઘર ઉપર સોલારનું કામ જેવા કામો અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, નિવાસી અધિક કલેક્ટર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, અધિક્ષક ઈજનેર પીજીવીસીએલ, પશુપાલન અધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી, માર્ગ અને મકાન કાર્યપાલક ઈજનેર, પાણી પુરવઠા બોર્ડ તથા તાલુકા કક્ષાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જી ૨૦ની દીવ બેઠકનું પ્રતિનિધિ મંડળ સાસણ ગીરની મુલાકાત લેશે

આવતીકાલ તા.૧૯ મેના રોજ સવારે ૯ વાગે દેવળીયા પાર્કની મુલાકાતનું આયોજન

જૂનાગઢ,તા.૧૮

જી-૨૦ની દીવ ખાતેની બેઠકના સભ્યોનું પ્રતિનિધિ મંડળ આગામી તારીખ ૧૯ મેના રોજ સવારે ૯ કલાકે જૂનાગઢ જિલ્લાના ગીર સાસણની અભ્યાસુ મુલાકાત લેશે. જૂનાગઢ જિલ્લા વહીવટી અને તંત્ર વન વિભાગ સંકલનથી જી-૨૦ ના ડેલિગેટ્સને આવકારવા તેમજ દેવળિયા પાર્કની મુલાકાત અંગે તૈયારીઓ કરવામાં આવી રહી છે. જી -૨૦ અંગે સાયન્સ-૨૦ની ઈવેન્ટ દિવ ખાતે યોજાઈ રહી છે. તે અંતર્ગત સાયન્ટિફિક ચેલેન્જર્સ એન્ડ ઓપ્ર્ચુનીટી ટુવાર્ડસ અચીવીંગ અ સસ્ટેનેબલ બ્લુ ઈકોનોમી બેઠકમાં સહભાગી થયેલા સભ્યો આગામી તારીખ ૧૯ મેના રોજ સાસણ દેવળીયા પાર્કની મુલાકાત લેશે. ટૂંકા રોકાણ બાદ બપોરના સમયે આ સભ્યો સોમનાથ જવા રવાના થશે.

કલેકટર અનિલ રાણાવસિયાના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

જમીન, પુરવઠા, શિક્ષણ, ખેતી સહિતના પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ લાવવા સંબંધિત અધિકારીઓને સૂચના આપતા કલેકટર

જૂનાગઢ,તા.૧૮

કલેકટર અનિલ રાણાવસિયાની અધ્યક્ષતામાં કલેકટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જમીન, પુરવઠા, શિક્ષણ, ખેતી, આરોગ્ય સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં માણાવદર, વંથલી અને મેંદરડામાં જમીન સર્વેની કામગીરી, ખેડૂતોની પેન્ડિંગ રહેતી અરજીઓના નિકાલ કરવા, ગૌચર જમીન, દબાણ, માણાવદર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ડિમોલિશન કરવા, મેંદરડા, માણાવદરમાં ખેતીવાડી શાખાની જગ્યા ફાળવવા સહિતના પ્રશ્નોનું કલેકટરે ત્વરિત નિરાકરણ લાવવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. આ બેઠકમાં માણાવદરના ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી, સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટારીયા, જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, જૂનાગઢ જિલ્લા પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટી, અધિક કલેકટર પી. જી. પટેલ, તેમજ સર્વે પ્રાંત અધિકારીઓ, મામલતદારો તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભવનાથ શનિદેવ મંદિર ખાતે

શતિદેવ જન્મોત્સવ નિમિત્તે પૂજા- મહાયજ્ઞનું આયોજન

દર્શન-મહાપ્રસાદ માટે પધારવા ભાવિકોને અપીલ

જૂનાગઢ, તા.૧૮

ભવનાથ ખાતેના શનિદેવ મંદિરે આવતીકાલ તા.૧૯ મે શુક્વારના રોજ શનિદેવ જન્મોત્સવ નિમિત્તે પૂજા-મહાયજ્ઞ સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શનિદેવ મંદિરના તુલસીનાથબાપુના જણાવ્યા મુજબ શનિદેવ જન્મોત્સવ પ્રસંગે આયોજીત મહાયજ્ઞનો પ્રારંભ તા.૧૯ના રોજ ૭:૩૦ કલાકે થશે. ત્યારબાદ ૯:૩૦ કલાકે ગણપતિ તથા શનિદેવ વગેરેની પૂજા રાખવામાં આવી છે. જયારે ભોજન પ્રસાદ બપોરના ૧૨ કલાકે અને મહાયજ્ઞની પૂર્ણાહુતી સાંજે ૬ કલાકે થશે. દર્શન, પૂજન-અર્ચન અને પ્રસાદનો લાભ લવા ભાવિકોને તુલસીનાથબાપુએ આમંત્રણ પાઠવ્યું છે.

જૂનાગઢ ખેતલીયા દાદાનાં મંદિરે ભંડારાનું આયોજન

સમાધી પૂજન, સંતવાણી, મહા પ્રસાદ, સંતો-મહંતો ઉપસ્થિત રહેશે

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ ઝાંઝરડા રોડ સ્થિત ખેતલીયા દાદા મંદિર આનંદ આશ્રમ ખાતે આગામી તા.૨૦ને શનિવારના રોજ બ્રહ્મલીન સંત પૂ.રાજભારતીબાપુ (શ્રી રામકૃષ્ણાનંદભારતી) તેમજ કરૂણાનંદભારતીબાપુના ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. પૂ.અખંડાનંદભારતીબાપુ ગુરૂશ્રી વિશ્વભંરભારતીજી મહારાજએ જણાવ્યું હતું કે, સવારે શ્રી રામકૃષ્ણાનંદભારતીબાપુ તેમજ કરૂણાનંદભારતીબાપુની સમાધીનું પૂજન કવામાં આવશે તેમજ બપોરે સંતો-મહંતો અને ભાવિકો માટે મહાપ્રસાદ ભંડારો અને રાત્રે ૯:૩૦ કલાકે સંતવાણીના કાર્યક્રમો લોક સાહિત્યકાર દેવરાજ ગઢવી તથા સંતવાણીના આરાધક શૈલેષ મહારાજ તેમજ ભગવતીબેન ગોસ્વામી સાહિતના કલકાર સંતવાણી રજુ કરશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સંતોને શ્રધ્ધાંજલી આપવા અને સંતવાણીનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને પૂ.અખંડાનંદ ભારતીબાપુએ નિમંત્રણ પાઠવેલ છે.

ડો. હરીભાઈ ગોધાણી કેમ્પસનું ગૌરવ

જૂનાગઢ, તા.૧૮

શ્રી સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ – જોષીપુરા, જૂનાગઢ સંચાલિત શ્રી એચ. એમ. પટેલ મહિલા લો કોલેજ, સમગ્ર ગુજરાતમાં દીકરીઓ માટેની એકમાત્ર એવી લો કોલેજની વિદ્યાર્થીની દીકરીઓએ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કાયદાશાખાની તમામ કોલેજો ક્ષેત્રે વર્ષ ૨૦૧૮-૧૯માં વાછાણી દિશા વિનોદભાઈ વર્ષ ૨૦૧૯-૨૦માં ખિચડિયા પાયલ રમેશભાઈ અને વર્ષ ૨૦૨૦-૨૧માં હુમ્મર શ્રદ્ધા દિલીપભાઈ એ યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ હાંસલ કરી સંસ્થાના આધ્યસ્થાપક તેમજ ગ્લોરી ઓફ ગુજરાત એવાર્ડ વિભૂષિત પ્રખર કેળવણીકાર અને સંનિષ્ઠ સમાજસેવક પરમ વંદનીય ડો.હરિભાઈ ગોધાણી સાહેબનું સપનું સાકર કરી પોતાના પરિવાર તેમજ સંસ્થાનું ગૌરવ વધારેલ છે. તેમની જવલંત સફળતા બદલ સંસ્થાના ચેરમેન મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી મૃણાલિનીબેન ગોધાણી, સમગ્ર ટ્રસ્ટીગણ તથા શિક્ષણ નિયામક શ્રી પોલરા , શ્રી વોરા અને વહીવટી અધિકારી શ્રી ગજેરા અને શ્રી રફાળિયા , લો કોલેજના ઈ.આચાર્ય હિરલબેન જોશી, માનદ સેવા આપતા વય નિવૃત સરકારી વકીલ મોહનભાઈ બાબરિયા તેમજ લખમણભાઈ લાખાણી, પ્રાધ્યાપકો માધુરીબેન ઠૂમ્મર, નીતિકાબેન ડેડકીયા અને તમામ સ્ટાફ ગણે ભવિષ્યમાં ઉતરોતર પ્રગતિ કરો તેવી શુભેછા પાઠવેલ હતી.

ઘેલા સોમનાથ સહિત જસદણ-વિંછીયા તાલુકાની મુલાકાત લેતા કલેક્ટર પ્રભવ જોષી

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૮

કલેક્ટર પ્રભવ જોષીએ રાજકોટ જિલ્લાના જસદણ-વિંછીયા તાલુકાની મુલાકાત લીધી હતી. તેમજ તાલુકામાં થઈ રહેલી વિવિધ કામગીરીની સમીક્ષા કરી હતી. કલેકટર જોષીએ વિંછીયાના સામુહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈને આરોગ્યકર્મીઓ સાથે વાર્તાલાપ કરીયો હતો. અને કેન્દ્રમાં ઉપલબ્ધ સ્વાસ્થ્ય સંબંધી સુવિધાઓ અંગે માહિતી મેળવી જરૂરી સૂચનો કર્યા હતા. ઉપરાંત તાલુકા અંતર્ગતના વિવિધ ગામોના સરપંચઓ સાથે બેઠક કરીને સ્થાનિક માંગણીઓ અને પ્રશ્નો અંગે જનપ્રતિનિધિઓ પાસેથી વિગતવાર જાણકારી મેળવી તેના નિરાકરણ માટે ચર્ચા કરી હતી. તેમણે વીરનગર પાસે તૈયાર થઈ રહેલા અમૃત સરોવરની પણ મુલાકાત લઈ સાઈટ ઉપર ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. પવિત્ર ઘેલો નદીનાં કિનારે વિંછીયા તાલુકાનાં સોમપીપળીયા ખાતે આવેલાં સુપ્રસિદ્ધ યાત્રાધામ ઘેલા સોમનાથ મંદિરને તંત્ર દ્વારા પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે, એ સંદર્ભમાં ઘેલા સોમનાથ મહાદેવ મંદિરની પણ કલેક્ટર પ્રભવ જોષીએ મુલાકાત લીધી હતી અને દર્શનાર્થીઓ માટેની વ્યવસ્થાઓ અને અન્ય વિકાસકાર્યોની સમીક્ષા કરી હતી તેમજ મંદિર પરિસરમાં આવેલ ઘેલા સોમનાથ મંદિર ટ્રસ્ટ સંચાલિત ગૌ-શાળાની મુલાકાત લઈ વિવિધ સુચનો કર્યા હતાં. ઉપરાંત, કલેક્ટરએ મંદિર ખાતે શ્રદ્ધાપૂર્વક દર્શન પૂજન પણ કર્યા હતાં.

મોંગરોળના શીલ ગામે ઘરેલું હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ-૨૦૦૫ અંગે જાગૃતિ શિબિર યોજાઈ

પોલીસ સ્ટેશન બેઝડ સપોર્ટ સેન્ટર, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન, ગંગા સ્વરૂપા આર્થિક સહાય, વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય અંગે માહિતી અપાઈ

જૂનાગઢ, તા.૧૮

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલાઓની સુરક્ષા અને કલ્યાણને ધ્યાન લઈ સમયાંતરે મહિલાલક્ષી કાયદાઓ અને યોજનાઓના પ્રચાર-પ્રસાર અર્થે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવતું હોય છે. જે અન્વયે જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા માંગરોળ તાલુકાના શીલ ગામે જિલ્લા પંચાયતના સદસ્ય શ્રીમતી શિલ્પાબેન ચુડાસમાનાં અધ્યક્ષસ્થાને ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અન્વયે જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા પંચાયતના સદસ્ય શ્રીમતી શિલ્પાબેન ચુડાસમાએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

પોલીસ સ્ટેશનના શી ટીમનાં પોલીસ કર્મચારી રસીલાબેન તથા શીતલબેન વડિયાતરે પોલીસ સ્ટેશન અને શી ટીમની કામગીરી વિશે તેમજ મોબાઈલ ફોનનો ઉપયોગ કરતી વખતે કઈ બાબતોથી સાવચેત રહેવું અને સાઈબર ક્રાઈમ સંબંધી કોઈપણ મહિલાને કંઈપણ મુશ્કેલી જણાય તો પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવ્યું હતું. સખી વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલક અંકિતાબેન ભાખર દ્વારા વન સ્ટોપ સેન્ટરની સેવાઓ વિશે માહિતી આપી હતી. દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી એમ.જી.વારસુર દ્વારા ઘરેલુ હિંસા અધિનિયમ અને તેની વિવિધ જોગવાઈઓ વિશે વિસ્તૃત સમજ આપી હતી.

જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડો.ચંદ્રેશ ભાંભી દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ જેવી કે, પોલીસ સ્ટેશન બેઝડ સપોર્ટ સેન્ટર, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના, બેટી બચાવો બેટી પઢાવો વગેરે વિશે માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં શીલ ગ્રામ પંચાયતનાં સદસ્ય કંચનબેન ચુડાસમા, શીલ કન્યા શાળાનાં આચાર્ય હંસાબેન, ગામના તમામ આશાવર્કર બહેનો, મહિલા અને બાળ અધિકારીની કચેરીના ફિલ્ડ ઓફિસર પલ્લવીબેન પાઘડાર, મીરાબેન કરમુર, કૃપાબેન ખુંટ, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રના કર્મચારી અને બહોળી સંખ્યામાં ગામની મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

પાતાપુર ગામેથી ૧૬ વર્ષની કિશોરી ગુમ

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ તાલુકાના પાતાપુરની અને હાલ ઝાંઝરડા ગામ હનુમાનજી મંદિરની બાજુમાં ભાડેથી મકાનમાં રહેતી ૧૬ વર્ષ ૧૦ મહિનાની કિશોરી તા.૧૧/૫/૨૦૨૩ને ૩-૩૦ વાગ્યા આસપાસ પાતાપુર ગામેથી ગુમ થઈ છે. તેમની ઉંચાઈ ૫ ફુટ, બાધો મધ્યમ અને રંગ ઘઉંવર્ણ છે. તેમણે પિંક કલરનો ડ્રેસ પહેરેલ છે. આ કિશોરીની કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવા જૂનાગઢ તાલુકા પોલીસે જણાવ્યું છે.

માળીયા હાટીનાનાં અમરાપુર ગામે એનઆરએલએમ યોજના અંતર્ગત બેન્ક ઓફ બરોડા સીસી પોઈન્ટની સેવા શરૂ કરાઈ

(રમેશ કારીયા દ્વારા)

અમરાપુર, તા.૧૮

માળીયા હાટીના તાલુકાના અમરાપુર ગામે એનઆરએલએમ યોજના અંતર્ગત તેમજ બેન્ક ઓફ બરોડા સીસી પોઈન્ટની સેવાનો શુભ પ્રારંભ માળીયા તાલુકા વિકાસ અધિકારી તેમજ બેન્ક ઓફ બરોડા અમરાપુર બ્રાન્ચના મેનેજર તેમજ સ્ટાફની ઉપસ્થિતિમાં બેંકીંગ સેવામાં વધારાની સુવિધા ગ્રાહકો માટે શરૂ કરવામાં આવતા લોકોમાં આનંદની લાગણી ફેલાઈ હતી. ઉપરોકત સેવા શરૂ કરવાનો મુખ્ય હેતું લોકોને સરળતાથી બેંકીંગ સેવાનો લાભ મળે તેમજ બહેનોને પગભર કરવા માટે અને બહેનો સરળતાથી રોજગારી પ્રાપ્ત કરી આંગળ આવે. આ કાર્યક્રમમાં સખી મંડળની બહેનો તેમજ અમરાપુર ગામના આગેવાનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.



જયારે તારી ભાભી ઘરમાં અશાંતિ કરે ત્યારે જ હું શાંતિ મેળવવા જ્ઞાનના પરબ લાયબ્રેરીમાં જાઉં છું !

ઈન્ટરનેટના યુગમાં લાયબ્રેરી એટલે શું ? તે નવી પેઢીમાંથી કેટલા જાણે છે ? તે પણ અભ્યાસનો વિષય છે !

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

પાકિસ્તાન આતંકવાદ મામલે પોતાનું વલણ બદલવા રાજી નથી

શું એ સંયોગ છે કે ગોવાના બેનોલિમમાં, શાંઘાઈ સહયોગ સંગઠન (એસસીઓ)ના વિદેશ મંત્રીઓની બેઠકમાં અને પાકિસ્તાની વિદેશ મંત્રીની હાજરીમાં ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકર જ્યારે આતંકવાદના ફંડિંગ કરનારાઓ પર રોક લગાવવાની જરૂરિયાત ગણાવતા હતા, એ જ વખતે જમ્મુ-કાશ્મીરના રાજોરીમાં પાક પ્રાયોજિત આતંકવાદી પકડાયા અને તેમની સાથે અથડામણમાં સેનાના પાંચ જવાન શહીદ થયા. આના પહેલાં ગુરૂવારે પણ બારામુલામાં બે આતંકી માર્યા ગયા હતા. એ માનવાનાં કારણ છે કે પાક વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટોની ભારત યાત્રાના અવસરને, જે લગભગ બાર વર્ષ બાદ કોઈ પાક વિદેશ મંત્રીની ભારત યાત્રા છે, આતંકીઓએ સીમાપાર ગતિવિધિઓ અને કાર્યવાહી માટે પસંદ કરી. એસસીઓ બેઠક વચ્ચે રાજોરીમાં પાક પ્રાયોજિત આતંકીઓની હાજરીથી પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાજ શરીફના એ કથિત દાવાની પણ પોલ ખૂલતી દેખાઈ કે પાકિસ્તાન આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતાના સંયુક્ત મૂલ્યોને આગળ વધારવામાં પોતાની ભૂમિકા નિભાવવા માટે પ્રતિબધ્ધ છે. એસસીઓની બેઠકમાં જયશંકરના ભાષણની પ્રતિક્રિયામાં બિલાવલ ભુટ્ટોએ જે રીતે એમ કહ્યું કે આપણે આતંકવાદને ડિપ્લોમેટિક પોઈન્ટ સ્કોરિંગ માટે હથિયારની જેમ ઉપયોગ ન કરવો જોઈએ.

આ જ દર્શાવે છે કે આંતરિક સ્તર પર ભીષણ પડકારોનો સામનો કરવા અને વિશ્વ મંચ પર સતત અલગ પડવા છતાં પાકિસ્તાન આતંકવાદ મામલે પોતાનું વલણ બદલવા રાજી નથી. એસસીઓ બેઠકમાં પાકિસ્તાનના વલણમાં નરમાઈ જરૂર આવી છે, પરંતુ તે ભરોસાને લાયક નથી. આતંકવાદને વિત્તપોષિત કરવાની પોતાની નીતિથી પીછેહઠ નહિ કરવાને કારણે જ પાકિસ્તાન સાથે આપણા ઔપચારિક સંબંધો નથી અને ના એસસીઓની બેઠકમાં પાક વિદેશ મંત્રી સાથે અલગ કોઈ બેઠક થઈ, જેવી ચીન અને રશિયાના વિદેશ મંત્રીઓ સાથે જયશંકરની બેઠક થઈ. તેમ છતાં જો જોઈએ તો કુલ મળીને ગોવામાં એસસીઓના વિદેશ મંત્રીઓની બેઠકમાં ન માત્ર કેટલાય મુદ્દા પર સાર્થક વાતચીત થઈ છે, બલ્કે તેનાથી વિશ્વમંચ પર ભારતની છબિ પણ મજબૂત થઈ છે. બે દિવસીય આ બેઠકની શરૂઆતના સમયે જ વિદેશ મંત્રી એસ.જયશંકરની એસસીઓના મહાસચિવ સાથે બેઠક થઈ હતી, જેમને ભારતની ભૂમિકાનાં વખાણ કર્યાં હતાં. આશા રાખવી જોઈએ કે એસસીઓ, જેને નાટોના વિકલ્પ તરીકે જોવામાં આવે છે, તે યુરેશિયામાં શાંતિ સ્થાપિત કરવા માટે પોતાના લ-યમાં ખરું ઉતરશે. પાકિસ્તાન જો સકારાત્મક મનથી મંત્રણા કરવા માંગતું હોય તો ભારત હંમેશાં તેનું સ્વાગત કરશે, પરંતુ તેના પહેલાં પાકિસ્તાને પોતાને ત્યાં આતંકવાદનો સફાયો કરવો પડશે. એસસીઓથી પણ ભારતનો આતંકવાદને લઈને સંદેશ સ્પષ્ટ છે. મંત્રણાનો ઢોંગ અને આતંકવાદ સાથે સાથે ન ચાલી શકે. આતંક પર એક્શન વિના સંબંધો પર જામેલ બરફ પીગળવો મુશ્કેલ છે.

દિલ્હી-સિડની એર ઈન્ડિયાની ફ્લાઈટમાં હાલક-ડોલક થતાં અનેક મુસાફર ઘાયલ

નવી દિલ્હી, તા.૧૮

દિલ્હી-સિડની એર ઈન્ડિયાની ફ્લાઈટમાં અચાનક ઈમરજન્સી સર્જાઈ હતી. હવામાં જ અચાનક ફ્લાઈટ હાલક ડોલક થવા લાગી હતી. આ કારણે અનેક મુસાફરો ઘાયલ થયા હતા. જો કે કોઈ મુસાફરને હોસ્પિટલ લઈ જવાની જરુર પડી ન હતી. પ્રાથમિક સારવાર આપવામાં આવી છે. તમામ મુસાફરો સુરક્ષિત હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. છેલ્લા ઘણા સમયથી કેટલીક ફ્લાઈટો ખામીને કારણે ઈમરજન્સી લેન્ડિંગ થઈ રહી છે ત્યારે હવે આજે વધુ એક ફ્લાઈટ અચનાક હવામાં હાલક ડોલક થતા મુસાફરોના શ્વાસ અધ્ધર ચડી ગયા હતા. ફ્લાઈટ અચાનક જ ઝટકા મારવા લાગતા અંદર બેઠેલા મુસાફરો ડરી ગયા હતા.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જીવનની એક પળ, કરોડો સૂવર્ણ મુદ્રાઓ આપવા છતાંય નથી મળતી.

- વાલ્મીકીજી

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.દએ-૧૩૯૨, મુ. શવ્વાલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, વૈશાખ વદ-૧૪, તા.૧૮ મે ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૬, મુસ્લિમ તા.૨૭, અશ્વિની નક્ષત્ર, સૌભાગ્ય યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૧૦, સૂ.અ.૭:૨૫
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પરિશ્રમનું શ્રેષ્ઠ ફળ મળે. ઉપરી અધિકારીથી લાભ થાય.
વૃષભ: મિલ્કતના પ્રશ્નો હલ થાય. વ્યર્થ ક્રોધ ટાળવો હિતાવહ.
મિથુન: સફળતા માટે મહેનત કરવી પડે. નવિન ખરીદી થાય.
કર્ક: કાર્યબોજ વિશેષ રહે. નાણાંભીડ અનુભવાય.
સિંહ: અણધાર્યો ધનલાભ થાય. ભાગીદારથી ચેતતા રહેવું હિતાવહ.
કન્યા: મનમાં ચંચળતા રહે. અણધારી આફત આવી પડે.
તુલા: જીવનસાથીના આરોગ્ય અંગે સંભાળવું. મનમાં વ્યગ્રતા રહે.
વૃશ્ચિક: કાર્યોમાં વિલંબથી સફળતા મળે. પરિવારજનોમાં વાદ-વિવાદ થાય.
ધન: ખર્ચ પર કાબુ રાખવો. ચિંતાનો ઉકેલ મળે.
મકર: મનમાં અશાંતિ રહે. મનની મુરાદ બર આવે.
કુંભ: નવિન આયોજનો સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય અંગે સાવચેત રહેવું.
મીન: આર્થિક સમસ્યા હળવી બને. અગત્યના કાર્યમાં સફળતા મળે.

વિદ્યાર્થીઓને આન્સરશીટમાં ૫૦૦ની નોટ ચોંટાડવાનું ભારે પડી ગયું

બોર્ડે કાર્યવાહી કરતા બંનેને એક વર્ષ માટે બેન કર્યા છે

એક અધિકારીએ જણાવ્યું કે, અમે આ વિદ્યાર્થીઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી નથી કારણ કે આ છેતરપિંડીનો કેસ નથી

અમદાવાદ, તા.૧૮

બોર્ડની પરીક્ષા પાસ કરવા માટે ઘણીવાર વિદ્યાર્થીઓ કાપલી લઈને પરીક્ષાખંડમાં બેસી જતા હોય છે તો કોઈ અલગ જ પ્રકારથી ગેરરીતિ અને ચોરી કરતા હોય છે. પણ અમદાવાદમાં બનેલા એક કિસ્સામાં તો ધોરણ ૧૦ના બે વિદ્યાર્થીઓ મૂલ્યાંકનકર્તાઓને જ લાંચ આપી દીધી. ઘટના પર નજર કરીએ તો ધોરણ-૧૦માં ભણતા બે વિદ્યાર્થીઓ તેમની આન્સરશીટમાં રૂ.૫૦૦ની નોટ ચોટાડીને તેમને પાસ કરવા માટે મૂલ્યાંકનકર્તાઓને લાંચ આપવાનો પ્રયાસ કર્યો હતો. સમગ્રમામલો સામે આવ્યા બાદ બંને વિદ્યાર્થીઓને એક વર્ષ માટે બોર્ડની પરીક્ષા આપવા પર હવે પ્રતિબંધ મૂકવામાં આવશે અને વર્તમાન પરીક્ષામાં તેઓનાપાસ ગણાશે. આ સમગ્ર મામલે ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડના એકવરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે 'ગુજરાતી માધ્યમમાં ભણતા બંને છોકરાઓ તેમના પર્ફોર્મેન્સને લઈને સ્યોર નહોતા એટલે તેમણે કાગળ પર રૂ. ૫૦૦ની નોટો ચોટાડીને મૂલ્યાંકનકર્તાને વિનંતી કરી હતી "કૃપા કરીને મને પાસ કરો, કારણ કે હું પરીક્ષાની તૈયારી કરી શક્યો નથી.' બંને મેસેજ ગુજરાતીમાં હતા. ઉલ્લેખનીય છે કે, ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ૧૪થી ૨૯ માર્ચ દરમિયાન લેવામાં આવી હતી. આન્સરશીટના મૂલ્યાંકન દરમિયાન શિક્ષકોએ ગણિત અને અંગ્રેજીની આન્સરશીટમાં ચલણી નોટો સ્ટેપલ કરેલી હતી. પ્રોટોકોલને ધ્યાનમાં રાખીને બોર્ડે બંને વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી કરી છે. એક અધિકારીએ જણાવ્યું કે, અમે આ વિદ્યાર્થીઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી નથી કારણ કે આ છેતરપિંડીનો કેસ નથી. પરીક્ષા સુધારણા સમિતિ પહેલા વિદ્યાર્થીઓની વાત સાંભળશે અને પછી તેમની સજા નક્કી કરશે. તેમણે કહ્યું કે, એવી શક્યતા છે કે તેઓ નાપાસ થશે અને એક વર્ષ માટે પરીક્ષામાંથી બાકાત રહેશે. અધિકારીએ જણાવ્યું હતું કે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ કેટલીકવાર પરીક્ષા દરમિયાન આન્સરશીટમાં નોટો ચોટાડતા હોય છે. પરંતુ શાળાના વિદ્યાર્થીઓમાં આ પ્રકાર નું કૃત્ય અસામાન્ય છે. અધિકારીએ જણાવ્યું હતું કે, આ વિદ્યાર્થીઓએ એક વર્ષ પછી રિપીટ વિદ્યાર્થીઓ તરીકે પરીક્ષા આપવી પડશે. અધિકારીએ જણાવ્યું હતું કે આવો જ એક કિસ્સો ૨૦૨૨માં નોંધાયો હતો, જ્યાં મધ્ય ગુજરાતના ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીએ તેની કેમિકલ્સ અને ફિઝિકસની આન્સરશીટમાં રૂ. ૫૦૦ની નોટો સ્ટેપલ કરી હતી. તે પરીક્ષામાં નાપાસ થયો હતો અને તેને એક વર્ષ સુધી પરીક્ષા આપવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. મીડિયા રિપોર્ટ અનુસાર ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ૨૦૧૮માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ના સેકશન ૪૩માં સુધારો કરીને નવી જોગવાઈ લાગુ કરવામા આવી હતી. જેમાં કુલ ૩૩ પ્રકારના ગુના સામે સજાની જોગવાઈ કરવામાં આવી છે. જેમાંથી ૮૦ ટકા કેસમાં વિદ્યાર્થીનું પરીક્ષાનું પરિણામ રદ કરી શકાય છે. પરીક્ષા દરમિયાન પરીક્ષાર્થી પાસે જે તે સંબંધિત વિષયને લગતી હાથેથી લખેલી કાપલી, નોટ્સ, માર્ગદર્શિકા, બુક, નકશો વગેરે મળશે તો પરીક્ષાર્થીને ચાલુ વર્ષે અને એ પછીનું વધુ એક વર્ષ પરીક્ષા આપવા નહી મળે. આ ઉપરાંત કોઈ વિદ્યાર્થીની આન્સરશીટમાથી અન્ય વિદ્યાર્થી કોપી કરતો ઝડપાશે તો બંને વિદ્યાર્થીની સમગ્ર પરીક્ષા રદ કરી દેવામાં આવશે.

રશિયા-યુક્રેન યુદ્ધમાં ઘાતક હથિયારોના ઉપયોગની હોડ જામી

રશિયાએ અમેરિકાની એક પેટ્રિયટ મિસાઈલ સિસ્ટમ તોડી પાડી

અમેરિકન મીડિયાએ ખુલાસો કર્યો, રશિયાએ વળતો પ્રહાર કર્યો

મોસ્કો, તા.૧૮

યુક્રેન અને રશિયા વચ્ચેના યુધ્ધમાં રશિયા અને પશ્ચિમના દેશો વચ્ચે પોતાના ઘાતક હથિયારોનો ઉપયોગ કરવાની જાણે હોડ જામી છે. આ પહેલા રશિયાની હાયપરસોનિક મિસાઈલ કિંઝલને અમેરિકન પેટ્રિયટ મિસાઈલ સિસ્ટમની મદદથી તોડી પાડવામાં આવી હતી. જોકે રશિયાએ પણ તેનો બદલો લીધો છે અને અમેરિકાની એક પેટ્રિયટ મિસાઈલ સિસ્ટમ તોડી પાડી છે. અમેરિકન મીડિયાએ આ વાતનો ખુલાસો કર્યો છે. જેમાં કહેવાયુ છે કે, જ્યારે રશિયા તરફથી યુક્રેન પર હુમલા થઈ રહ્યા હતા ત્યારે એક પેટ્રિયટ સિસ્ટમ પણ તબાહ થઈ ગઈ હતી. જો આ વાત સાચી હોય તો અમેરિકા માટે આ મોટો ઝાટકો છે.

આ મીડિયા રિપોર્ટમાં અપાયેલી જાણકારી પ્રમાણે રશિયાએ જ્યારે કીવ પર પોતાની સૌથી એડવાન્સ મિસાઈલ કિંઝલ વડે હુમલો કર્યો ત્યારે તેને રોકવામાં પેટ્રિયટ સિસ્મટને પણ ખાસુ નુકસાન થયુ છે. જોકે આ નુકસાન કેટલુ છે તે હજી સ્પષ્ટ થયુ નથી. મિસાઈલ સિસ્ટમને રિપેર કરવાની જરુર પડશે તો થોડા સમય માટે તેને મોરચા પરથી હટાવવી પણ પડશે. ઉલ્લેખનીય છે કે, રશિયાએ કુલ ૬ કિંઝલ મિસાઈલ તેમજ બીજા પ્રકારની મિસાઈલો તથા ડ્રોન વડે યુક્રેન પર હુમલો કર્યો હતો. યુક્રેનનુ કહેવુ હતુ કે, રશિયા તરફથી થયેલો અત્યાર સુધીનો આ સૌથી મોટો હુમલો હતો.

પેટ્રિયટ મિસાઈલની વાત કરવામાં આવે તો અમેરિકા તેને સૌથી અત્યાધુનિક રક્ષા કવચ ગણાવે છે. આ સિસ્ટમ દુશ્મન તરફથી લોન્ચ થતી મિસાઈલ્સ તથા વિમાનોને અને ડ્રોનને હવામાં જ તોડી પાડવા માટે સક્ષમ છે. અમેરિકાએ યુક્રેનને રશિયન હવાઈ હુમલાથી રક્ષણ આપવા માટે આ સિસ્ટમ મોકલાવી છે. દુનિયામાં અમેરિકાએ પોતાના બીજા મિત્ર દેશોને પણ આ મિસાઈલ સિસ્ટમ આપેલી છે. યુક્રેનમાં મે મહિનાના પ્રારંભથી તેનો ઉપયોગ શરુ કરી દેવાયો છે.

જેનિફરે મિત્ર મંદારને ખુલ્લો પાડ્યો

મંદારની વાત સાંભળીને મને સૌથી વધારે નવાઈ લાગી હતી : જેનિફર

જ્યારથી જેનિફરે આસિત મોદી પર આરોપ લગાવ્યો છે ત્યારથી તેની અને મંદાર વચ્ચેના સંબંધો બગડ્યા છે

મુંબઈ, તા.૧૮

એક્ટ્રેસ જેનિફર મિસ્ત્રી બંસીવાલે ૧૫ વર્ષ સુધી કામ કર્યા બાદ માર્ચ ૨૦૨૩માં 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શો'માંથી એક્ઝિટ લીધી હતી. જે બાદ એક્સક્લુઝિવ ઈન્ટરવ્યૂમાં એક્ટ્રેસે પ્રોડ્યૂસર આસિત કુમાર મોદી, પ્રોજેક્ટ હેડ સોહેલ રામાણી અને એક્ઝિક્યુટિવ પ્રોડ્યૂસર જતિન બજાજ સામે શારીરિક શોષણ સહિતના આરોપો લગાવ્યા હતા. જો કે, તેના કો-એક્ટર મંદાર ચાંદવાડકરે ઈન્ટરવ્યૂમાં સેટ પર પુરુષોને વધારે મહત્વ આપવામાં આવતું હોવાની વાતનો ઈનકાર કર્યો હતો તેમજ ત્યાંનું વાતાવરણ હેલ્ધી અને હેલ્પી હોવાનું કહ્યું હતું. હવે, ફરીથી વાત કરતાં જેનિફરે આસિત મોદી, સોહિલ અને જતિનનો બચાવ કરવા પર મંદાર પર આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ સાથે તેણે ખુલાસો કર્યો હતો કે, શું થયું તે જાણવા માટે છેલ્લા કેટલાક મહિનાઓમાં તે દર પાંચ દિવસે એકવાર તેને ફોન કરતો હતો. મને ખબર છે કે પ્રોડક્શન હાઉસ મારા પક્ષમાં નહીં બોલે, તેઓ ખરેખર પ્રોડક્શન હાઉસને જ સપોર્ટ કરશે. પરંતુ શોમાંથી મારા ખાસ મિત્ર મંદારે મને વધારે નિરાશ કરી છે. દર વર્ષે તેના બર્થ ડે પર હું સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતી હતી. તે મારો ક્લોઝ ફ્રેન્ડ રહ્યો છે અને જેનિફર શા માટે આ બધું કહી રહી છે તે હું નથી જાણતો અને TMKOCના સેટ પર પુરુષને મહિલા કરતાં પુરુષને વધારે આંકવામાં નથી આવતાં તેમ તેણે કહ્યું ત્યારે મને નવાઈ લાગી હતી. સૌથી પહેલા તો તે પોતે પુરુષ છે તેથી તે આ વાત નહીં સ્વીકારે. હું જે કંઈ કહી રહી છું તે એ જાણે છે. અમારા જીવનમાં શું થઈ રહ્યું છે તેની એક-એક વાતની ખબર છે, ખાસ કરીને મારી. સોનાલિકા જોશી, અંબિકા રંજનકર અને મંદાર... અમે ક્લોઝ ફ્રેન્ડ્સ છીએ. તે મારા એક-એક શબ્દ વિશે જાણે છે', તેવો ખુલાસો તેણે કર્યો હતો. જેનિફરે આગળ જણાવ્યું હતું કે, જ્યારે તેણે પોતાની ફરિયાદનો ડ્રાફ્ટ સોહેલ રામાણીને મોકલ્યો ત્યારે સૌથી પહેલો ફોન મંદારને કર્યો હતો. '૪ એપ્રિલે જ્યારે મેં ફરિયાદનો ડ્રાફ્ટ સોહિલને વોટ્સએપ પર મોકલ્યો ત્યારે મેં મંદારને સૌથી પહેલા જણાવ્યું હતું. તેણે બીજા દિવસની શરૂઆત સુધીમાં મને છ વખત ફોન અને ઢગલો મેસેજ કર્યા હતા. તેણે મને કહ્યું હતું કે, તેને સોહેલથી જાણવા મળ્યું હતું કે હું તેમની સામે શારીરિક શોષણનો કેસ કરવાની છે. આ સાથે તેણે મને હું આમ કેમ કરી રહી છું તેમ પૂછ્યું હતું. મેં તેને આ મુદ્દાથી બહાર રહેવા કહ્યું હતું. મેં તેને કહ્યું હતું કે, જો હું તમને સપોર્ટ ન આપી શકે અથવા સત્ય ન બોલી શકે તો આમા પડીશ નહીં. મેં તેને હું જે કરી રહી છું તે માટે ન રોકવા કહ્યું હતું. તેણે મને શો વિશે વિચારવા કહ્યું હતું અને મેં તેને જવાબમાં કહ્યું હતું કે, મારી શુભેચ્છા શો સાથે છે. મેં તેને કહ્યું હતું કે, હું જે કંઈ છું તે શોના કારણે છું અને આ માટે આભારી છું.

બ્રિટનમાં ભારતીય બાળકની હત્યાનો કેસ ફરી ખોલવા નિર્ણય

નવી દિલ્હી, તા.૧૮

બ્રિટનમાં ભારતીય મૂળનો આઠ વર્ષનો બાળક વિશાલ મહેરોત્રાની ૨૯ જુલાઈ, ૧૯૮૧ના રોજ ગૂમ થઈ ગયો હતો અને તેની લાશ સાત મહિના બાદ એક ગામડા પાસેથી મળી આવી હતી. જોકે આ મામલામાં કોઈને દોષી ઠેરવી શકાયા નહોતા.

હવે પોલીસે આ મર્ડર કેસની ફાઈલ ૪૨ વર્ષ બાદ ફરી ખોલવાનો નિર્ણય કર્યો છે. આ હત્યા કેસ પર એક ડોક્યુમેન્ટરી તાજેતરમાં રિલિઝ કરવામાં આવી હતી. એ પછી પોલીસ અધિકારીઓ વિશાલના પિતા વિશંભર મહેરોત્રાને મળ્યા હતા. તપાસ અધિકારીઓએ વિશાલના પિતાને કહ્યુ હતુ કે, આ કેસની હવે ફરી તપાસ કરવામાં આવી રહી છે. વિશાલના પિતા તો છેલ્લા કેટલાય વર્ષોથી પોતાના મૃત દીકરાને ન્યાય મળે તે માટે અભિયાન ચલાવી રહ્યા છે. સ્થાનિક પોલીસ તંત્રના અધિકારી માર્ક ચેપમેને કહ્યુ હતુ કે, અમે મહેરોત્રા પરિવારજનોનુ દર્દ અને તેમના દીકરાની હત્યા કોણે કરી તેનો જવાબ મેળવવા માટેની ઈચ્છાને સમજી શકીએ છે. પોલીસ વિશાલની હત્યા કોણે કરી તેની સઘન તપાસ કરી છે અને જો બીજી કોઈ પણ કડી અમને મળતી હોય તો તે દીશામાં તપાસ કરવાની પણ અમારી તૈયારી છે.

પોલીસ આ કેસમાં સક્રીય એટલા માટે થઈ છે કે, તાજેતરમા વિશાલના મર્ડર પર જે ડોક્યુમેન્ટરી બતાવવામાં આવી છે તે અનુસાર એક એવા વ્યક્તિ તરફ શંકાની આંગળી ચીંધાઈ છે જેને બાળકોના શોષણના અપરાધો બદલ દોષી જાહેર કરાયો હતો. આ મામલાના કેટલાક દસ્તાવેજો ૧૯૯૦થી પોલીસની પાસે છે.

છાત્ર સાથે મારામારીના કેસમાં આપના ધારાસભ્યને સજા

અખિલેશપતિ ત્રિપાઠીને આખો દિવસ કોર્ટમાં ઊભા રહેવાની સજા

દંડની રકમમાંથી ૬૫૦૦ રૂપિયા કોર્ટમાં જમા કરાવવા અને ૨૩,૫૦૦ રૂપિયા ફરિયાદીને આપવાનો આદેશ

નવીદિલ્હી, તા.૧૮

વિદ્યાર્થી સાથે મારમારીના કેસમાં આપના ધારાસભ્યને સજા સંભળાવાઈ છે. દિલ્હીના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અખિલેશપતિ ત્રિપાઠીને કોર્ટે દોષિત જાહેર કર્યા છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે અખિલેશ પતિ ત્રિપાઠીને આખો દિવસ કોર્ટમાં ઉભી રહેવાની સજા સંભળાવાઈ છે. ઉપરાંત કોર્ટે અખિલેશ પતિ ત્રિપાઠીને ૩૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.

મળતા અહેવાલો મુજબ કોર્ટે દંડની રકમમાંથી ૬૫૦૦ રૂપિયા કોર્ટમાં જમા કરાવવા અને ૨૩,૫૦૦ રૂપિયા ફરિયાદીને આપવાનો આદેશ કર્યો છે. ઉલ્લેખનિય છે કે, રાઉઝ એવન્યુ કોર્ટે અખિલેશ ત્રિપાઠીને આઈપીસીની કલમ ૩૨૩ હેઠળ દોષીત જાહેર કર્યા છે, જ્યારે આઈપીસીની કલમ ૩૪૧/૫૦૬ (૧) અને કલમ ૩(૧) હેઠળ એસસી/એસટી એક્ટના આરોપોમાંથી દોષમુક્ત જાહેર કર્યા છે.

વર્ષ ૨૦૨૦માં ધારાસભ્ય અખિલેશ પતિ ત્રિપાઠી પર જાણીજોઈને એક વિદ્યાર્થીને ઈજાગ્રસ્ત કરવાનો આરોપ લગાવાયો હતો. કોર્ટે ત્રિપાઠીને માર્ચમાં દોષિત જાહેર કર્યા હતા. ફરિયાદીએ આરોપી ત્રિપાઠી પર જાતિ સંબંધિત ટીપ્પણી કરવાનો પણ આરોપ લગાવ્યો હતો, જે અંગે કોર્ટે કહ્યું કે, ફરિયાદી પક્ષ દ્વારા કરેલા આ આરોપો પર વિશ્વાસ કરવો મુશ્કેલ છે. ઉપરાંત કોર્ટે એવું પણ કહ્યું કે, એવું બિલકુલ લાગી રહ્યું નથી કે આરોપીએ ફરિયાદીને અનુસૂચિત જાતિ હોવાના કારણે અપમાનિત કરવાનો કે ડરાવવાનો પ્રયાસ કર્યો. ત્યારબાદ કોર્ટે સજા માટે ૧૩મી એપ્રિલની તારીખ નક્કી કરી હતી. આ દરમિયાન કોર્ટે ધારાસભ્યની સજા પર પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

ફરિયાદ મુજબ ફેબ્રુઆરી-૨૦૨૦માં વિદ્યાર્થીએ ફરિયાદ નોંધાવી અને દાવો કર્યો હતો કે, ૭ ફેબ્રુઆરી-૨૦૨૦ના રોજ જ્યારે તે ઘરે જઈ રહ્યો હતો, ત્યારે આરોપીઓએ તેને ઝંડેવાલન ચોક, લાલ બાગમાં માર માર્યો હતો. અનુસૂચિત જાતિ સાથે જોડાયેલા ફરિયાદીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે, ત્રિપાઠીએ તેમની વિરુદ્ધ જાતિવાદી શબ્દોનો ઉપયોગ કર્યો હતો.

ઉત્તર કોરિયાના તાનાશાહનો વધુ એક તરંગી આદેશ

યુવાનોને કિંગ જોંગને આદરણિય પિતા કહીને બોલાવવા ફરમાન

અંદરખાને વિરોધ : યુવાઓનું કહેવું છે કે, કિમ જોંગ એટલા સન્માનિય નથી કે તેમને પિતા કહીને બોલાવવા પડે

નવીદિલ્હી, તા.૧૮

ઉત્તર કોરિયાના ભેજાગેપ તાના શાહ કિમ જોંગની સરકાર લોકોને જાત જાતના તરંગી આદેશો આપતી હોય છે. હવે તેમાં વધુ એક ઉમરો થયો છે. ઉત્તર કોરિયાના યુવાઓને ફરમાન કરવામાં આવ્યુ છે કે, તેઓ કિમ જોંગને હવે આદરણીય પિતા કહીને બોલાવશે. અંદર ખાને આ પ્રકારના આદેશનો વિરોધ પણ થઈ રહયો છે. યુવાઓનુ કહેવુ છે કે, કિમ જોંગ એટલા સન્માનિય નથી કે તેમને પિતા કહીને બોલાવવા પડે. જોકે ઉત્તર કોરિયામાં આ પ્રથા નવી નથી. આ પહેલા કિમ જોંગના પિતા અને દાદાને પણ પ્રજા આદરણિય પિતા કહીને સંબોધન કરતી હતી.

રેડિયો ચેનલના અહેવાલ અનુસાર ૩૮ વર્ષના કિમ જોંગ પણ હવે પિતા અને દાદાના રસ્તે જઈ રહ્યા છે. ૧૪થી ૩૫ વર્ષની વચ્ચેના યુવાઓને કહેવાયુ છે કે, તમારે હવે કિમ જોંગને આદરણીય પિતા કહીને બોલાવવાના છે. જોકે ઘણા લોકોને ૩૮ વર્ષના વ્યક્તિને કેવી રીતે પિતા તરીકે સંબોધન કરી શકાય તે વાત સમજાતી નથી. ઘણા લોકોનુ માનવુ છે કે ,કિમ જોંગ વયમાં નાના છે ત્યારે તેમને પિતા કહીને બોલાવવુ યોગ્ય નથી.

આ પહેલા કિમના દાદા અને ઉત્તર કોરિયાના સ્થાપક કિમ જોંગ ઈલ સુંગે ૧૯૭૬માં ૫૫ વર્ષની વયે આ સંબોધનનો ઉપયોગ શરુ કર્યો હતો. જોકે તે વખતે નાની વયના બાળકો તેમને દાદાજી કહેતા હતા. એ પછી કિમના પિતાએ ૨૦૧૧માં પોતાને પિતા કહેવડાવવાની પરંપરા શરુ કરાવી હતી . તે વખતે તેમની વય ૫૩ વર્ષની હતી. આ જ વર્ષે તેમનુ અવસાન થયુ હતુ.

હવે ઉત્તર કોરિયાનુ મીડિયા કિમ જોંગનો પિતા તરીકે પ્રચાર પ્રસાર કરી રહ્યુ છે. ઉત્તર કોરિયાનુ મીડિયા કહી રહ્યુ છે કે, કિમ જોંગ એક નિડર દેશભક્ત અને જોશીલા નેતા છે. તેમણે ઉત્તર કોરિયાની તાકાત અને સન્માનનો દુનિયામાં પ્રચાર પ્રસાર કર્યો છે. હવે તેમને પિતા તરીકે સંબોધિત કરવામાં આવશે.

સાંસદ-ધારાસભ્ય મુખ્તાર અંસારી નિર્દોષ જાહેર થયો

પોલીસે અંસારીને કાવતરાખોર માનીને તેમની સામે કલમ ૧૨૦બી હેઠળ કેસ નોંધ્યો હતો, ત્યારબાદથી જેલમાં હતો

મુહમ્મદાબાદ, તા.૧૮

એડિશનલ સેશન્સ જજ એમપી એમએલએ કોર્ટ દુર્ગેશની અદાલતે મુહમ્મદાબાદ વિસ્તારમાં હત્યાના પ્રયાસના કાવતરાના આરોપી મુખ્તાર અન્સારીને નિર્દોષ જાહેર કર્યા છે. વર્ષ ૨૦૦૯માં મીર હસન ઉર્ફે મીરકલ્લુ નિવાસી ચકશાહ મુહમ્મદ ઉર્ફે મલિકપુરાએ સોનુ યાદવ વિરુદ્ધ મુહમ્મદાબાદ પોલીસ સ્ટેશનમાં હત્યાના પ્રયાસનો કેસ નોંધાવ્યો હતો. પોલીસે મુખ્તાર અંસારીને કાવતરાખોર માનીને તેમની સામે કલમ ૧૨૦બી હેઠળ કેસ નોંધ્યો હતો. ત્યારબાદથી અન્સારી જેલમાં બંધ હતો. જોકે આ કેસમાં મુખ્ય આરોપી સોનુ યાદવને કોર્ટે નિર્દોષ જાહેર કર્યો હતો, જ્યારે સાંસદ-ધારાસભ્ય મુખ્તાર અંસારી વિરુદ્ધ કોર્ટમાં કેસ ચાલી રહ્યો હતો. આ મામલે ૬ મેના રોજ મુખ્તાર વતી મૌખિક દલીલો કરવામાં આવી હતી. જે બાદ કોર્ટે નિર્ણય માટે ૧૭ મેની તારીખ નક્કી કરી હતી. બુધવારે ચુકાદો સંભળાવતા સાંસદ-ધારાસભ્ય કોર્ટના ન્યાયાધીશ દુર્ગેશે મુખ્તાર અંસારીને હત્યાના કાવતરાના કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા. એમપી એમએલએ કોર્ટ દુર્ગેશની અદાલતે અગાઉ બે ગેંગસ્ટર કેસમાં મુખ્તાર અંસારીને દસ વર્ષની સજા ફટકારી હતી. ગેંગસ્ટરને પ્રથમ સજા બનારસના અવધેશરાય હત્યા કેસમાં અને બીજી સજા બનારસના જ કોલસાના વેપારી અને હિન્દુવાદી નેતા નંદકિશોર રુંગટાના અપહરણ અને હત્યા કેસમાં દસ વર્ષની સંભળાવાઈ હતી.

વધુ ઉંમર ગન લાયસન્સ રીન્યુ ન કરવાનું બહાનું ન હોઈ શકે : હાઈકોર્ટ

અમદાવાદ,તા.૧૮

ગુજરાત હાઈકોર્ટે એક વૃદ્ધનું ગન લાઈસન્સ રીન્યુ ન કરવા માટેના સરકારના નિર્ણયને રદ કરી દીધો હતો, અરજદાર વૃદ્ધ છે અને નિવૃત્ત નાગરિકનું જીવન જીવી રહ્યા છે, સાથે તેમણે ૧૯૮૨થી ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કર્યું નથી તેવા આધારે તેમની અરજી નકારી કાઢવામાં આવી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટ અને ગૃહવિભાગના આદેશોને નકારી કાઢતા ન્યાયમૂર્તિ વૈભવી નાણાવટીએ સરકારના નિર્ણય ઉપર પુનઃવિચાર કરવાનો નિર્દેશ આપ્યો છે અને સ્પષ્ટ કર્યું છે કે ગન લાઈસન્સ ધારકની વધુ ઉંમર અને આવક એ લાઈસન્સ રીન્યુ ન કરવાના માપદંડ હોઈ શકે નહીં. જેમાં ખાસ કરીને જ્યારે ત્યારે અરજદાર ૫૭ વર્ષથી ગન લાઈસન્સ ધરાવે છે.

સમગ્ર કેસની વાત કરીએ તો જુનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે રહેતા અહેમદદીન શેખ પાસે ૨૨ વર્ષની ઉંમરથી હથિયારનું લાઈસન્સ હતું. અગાઉ તેમની પાસે બહુવિધ હથિયારો હતા, પરંતુ તાજેતરમાં તેમની પાસે એનપી બોર રાઈફલ રાખવાનું લાઈસન્સ હતું, જે ડિસેમ્બર ૨૦૧૯ એક્સપાયર થઈ ગયું. જૂનાગઢ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા તેના રીન્યુઅલ માટેની રિકવેસ્ટને એમ કહીને નકારી કાઢવામાં આવી હતી કે શેખ સીનિયર સિટિઝન તરીકે જીવન પસાર કરી રહ્યા છે અને રિટાયર્ડ વ્યક્તિને જીવનું કોઈ જોખમ હોઈ શકે નહીં, કારણ કે તેઓ કોઈપણ વ્યવસાય સાથે સંકળાયેલા નથી. ગન લાઈસન્સ રીન્યુ કરવા માટે અહેમદદીન શેખે ગૃહ વિભાગ સમક્ષ અપીલ કરી હતી. ત્યારે ગૃહ વિભાગ દ્વારા એવું કહેવામાં આવ્યું હતું કે, અહેમદદીન ૮૦ વર્ષથી વધુ ઉંમરના છે અને એકલવાયું જીવન જીવતા હોવાથી તેમને હથિયાર ની જરૂર નથી. સેક્રેટરીએ એમ પણ કહ્યું હતું કે શેખે ૧૯૮૨થી ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કર્યું નથી તેથી તેમની આવક સામાન્ય લાગે છે. તદુપરાંત ગુજરાત રાજ્યમાં પ્રવર્તતી કાયદો અને વ્યવસ્થાની શાંતિપૂર્ણ પરિસ્થિતિને જોતા શેખને કોઈ ભય હોય તેમ લાગતું નથી. તેમની પાસે માત્ર સ્ટેટસ સિમ્બોલ તરીકે ગન લાઈસન્સ નહોઈ શકે, એમ ગૃહ વિભાગે જણાવ્યું હતું. ગૃહવિભાગે લાઈસન્સ રીન્યુઅલ ન કરતા આખરે શેખે ગુજરાત હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. દલીલો બાદ હાઈકોર્ટ દ્વારા એવું કહેવામાં આવ્યું હતું કે, સરકાર આ આધાર ઉપર લાઈસન્સ રીન્યુઅલ કરવાની ના પાડવી જોઈએ કે શેખ વૃદ્ધ છે અને સીનિયર સિટીઝન તરીકે જીવન જીવે છે. હકીકત એ છે કે, શેખે ૧૯૮૨થી ઈન્કમટેક્સ રિટર્ન ભર્યું નથી તેથ તે હથિયારનું લાઈસન્સ રીન્યુઅલ કરવાનું કારણ હોઈ શકે નહીં તેવું કહેતા કોર્ટે જુનાગઢ જિલ્લા મેજિસ્ટ્રેટને શેખની વિનંતી ઉપર નવેસરથી વિચાર કરવાનો નિર્દેશ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, સ્વરક્ષણને હથિયારનું લાઈસન્સ મેળવવા માટેના સૌથી મોટા કારણ તરીકે જોવામાં આવે છે. એક મીડિયા રિપોર્ટ અનુસાર અરજદારે નિર્ધારિત ફોર્મની સાથે, જીવ ઉપર જોખમ હોય અને પોલીસ ફરિયાદ દાખલ કરી હોય તો તેની નકલ, ત્રણ વર્ષના રિટર્નની નકલ, ઉંમરનો પુરાવો (સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ કે જન્મનો દાખલો કે સર્જનનો દાખલો), રહેઠાણ, ભાડાકરાર, રાશનકાર્ડની જેવા પુરાવાની નકલ મુખ્યત્વે આપવાની રહે છે. અરજદાર ખેડૂત હોય તો આઠ-'અ'ની નકલ અને અરજદાર વેપારી હોય તો પેઢીનામા કે વેપારની નોંધણીની નકલ આપવાની રહે છે. આર્મ લાઈસન્સ માટે સૌથી મહત્વની બાબત એ છે કે, અરજદારની ઉંમર ૨૧ વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.

માવઠાથી ખેતીને થયેલા નુકસાન અંગે રાજ્યના જિલ્લામાં પ૬પ ટીમો દ્વારા સર્વે કામગીરી પૂર્ણ કરવામાં આવી

અગાઉ જાહેર કરાયેલ સહાય પેકેજનો ખેડૂતો સુધી લાભ પહોંચાડવા હાથ ધરાયેલી કવાયત

ગાંધીનગર,તા.૧૮

રાજ્યમાં માર્ચ-૨૦૨૩ માસમાં વિવિધ જિલ્લાઓમાં પડેલ કમોસમી વરસાદ અન્વયે રાજ્ય સરકારે ખાસ સહાય પેકેજ જાહેર કર્યું છે. આ સહાય પેકેજનો ખેડૂતોને લાભ મળે તે માટે રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં કુલ પ૬પ ટીમો દ્વારા અસરગ્રસ્ત ખેડૂતોના ખેતરે જઈ સ્થળ મુલાકાત કરીને સર્વે હાથ ધરાયો હતો. કમોસમી વરસાદ સંદર્ભે ગ્રામીણ કક્ષાએથી ખેડૂત આગેવાનો, સરપંચો, પદાધિકારીઓ દ્વારા મળેલી રજૂઆતો/અરજીઓના અહેવાલ ધ્યાને લઈ અસરગ્રસ્ત વિસ્તારોમાં જિલ્લા તંત્ર તથા ખેતીવાડી ખાતાના ફિલ્ડ સ્ટાફ દ્વારા તાત્કાલિક બે દિવસમાં પ્રાથમિક સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી હતી તથા વિગતવાર સર્વેની જરૂરિયાત જણાતા સ્થાનિક પરિસ્થિતિ મુજબ તા.૦૭/૦૩/૨૦૨૩થી લઈ તબક્કાવાર વિવિધ જિલ્લાઓમાં સર્વે ટીમની રચના કરી વિગતવાર સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જસદણ તાલુકાના આટકોટ ગામમાં પણ ખેડૂતવાર વિગતવાર સર્વે કરી સર્વે યાદી બનાવવામાં આવી છે જેમાં જે બે ખેડૂતોનો સર્વેમાં સમાવેશ થયેલ છે તથા તેઓનાં ખેતર ઉપર સર્વે ટીમ દ્વારા તા. ૦૯-૧૦/૦૩/૨૦૨૩નાં રોજ સ્થળ મુલાકાત લીધેલ જેમાં એક ખેડુતનાં ખેતરમાં ઘંઉ પાકનુ વાવેતર માલુમ પડેલ તથા કુલ ઘઉ વાવેતર ૨ હેકટર પૈકી ૦.૬૪ હેક્ટર વિસ્તાર અસરગ્રસ્ત/ઢળી પડેલ હોવાનુ જણાયું છે તથા બીજા ખેડુતનાં ખેતરમાં ૧.૬૦ હેકટર વિસ્તારમાં ઉનાળુ તલ પાકનું આગોતરૂં વાવેતર માલુમ પડેલ તથા તલ પાક વાનસ્પતિક વૃદ્ધિ અવસ્થાએ માલુમ પડેલ પરંતુ બન્ને ખેડૂતના ખેતર ઉપર નિયત ધોરણ તથા માપદંડ અનુસાર નોંધપાત્ર નુકસાન જણાયું નહોતું એટલે એમનો સહાયમાં સમાવેશ કરાયો નથી. આ અંગેના માધ્યમોમાં પ્રસારિત થયેલા સમાચારોનું ખંડન કરવામાં આવે છે. જિલ્લા કક્ષાએથી અસરગ્રત ખેડૂતોને સહાયભૂત થવા રાજ્ય સરકાર દ્વારા તા.પમી મે ૨૦૨૩થી કૃષિ રાહત પેકેજ જાહેર કરાયું છે જેમાં કમોસમી વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતોને નોંધપાત્ર સહાય મળે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા SDRFનાં ધોરણો ઉપરાંત રાજ્ય બજેટમાંથી ખાસ કિસ્સામાં ટોપ-અપ સહાયમાં અત્યાર સુધીનો મહત્તમ વધારો કરી ખેતી અને વર્ષાયું બાગાયતી પાકો માટે રાજ્ય ભંડોળમાંથી વધારાની સહાય પ્રતિ હેક્ટર રૂા.૯,૫૦૦/ તથા બહુવર્ષાયુ બાગાયતી પાકોના કિસ્સામાં રાજ્ય ભંડોળમાંથી વધારાની સહાય પ્રતિ હેક્ટર રૂા.૧૨,૬૦૦/- ચૂકવવાની જોગવાઈ અસરગ્રસ્ત ખેડૂતોને મદદરૂપ થવાના આશયથી કરવામાં આવી છે. કમોસમી વરસાદની કામગીરી અંતર્ગત સમગ્ર રાજ્યમાં રજૂઆતો અન્વયે અસરગ્રસ્ત ખેડૂતોનાં ખેતરની મુલાકાત કરવામાં આવી છે. અસરગ્રસ્ત ખેડૂતોનાં latitude/longitudeનાં ફોટા મહદંશે લેવામાં આવ્યા છે. તથા સર્વે થયા અંગેના ખેડૂતો/ સ્થાનિક પંચો/ પદાધિકારીઓ/આગેવાનોની સહી સાથે પંચ રોજકામ કરવામાં આવ્યું છે. દરેક નુકશાનગ્રસ્ત ખેડૂતની વિગત સર્વે યાદીમાં નોધવામાં આવેલ છે.

વડાપ્રધાન મોદી મે મહિનાનાં અંત સુધીમાં નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન કરશે; આ શાનદાર ત્રિકોણાકાર ભવનને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે

નવી દિલ્હી તા.૧૮

સંસદ ભવનની નવી બિલ્ડિંગને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે અને તે આ મહિનાના અંત સુધીમાં તૈયાર થઈ જશે. સૂત્રોએ ૧૬ મેના રોજ જણાવ્યું હતું કે એવી અટકળો છે કે નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન મે ૨૦૨૩ના અંતમાં, જ્યારે ભાજપ સરકાર તેના નવ વર્ષ પૂર્ણ કરશે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવે તેવી શક્યતા છે. સૂત્રોએ ૧૬ મેના રોજ જણાવ્યું હતું કે, નવી સંસદ ભવનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે અને તે આ મહિનાના અંત સુધીમાં તૈયાર થઈ જવાની શક્યતા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સિવિલ સ્ટ્રક્ચરની સફાઈ શરૂ થઈ ગઈ છે. ત્રિકોણાકાર આકારની આ નવી સંસદ ભવન બિલ્ડિંગનું બાંધકામ બે વર્ષ પહેલા શરૂ થયું હતું. નવી ઈમારત સેન્ટ્રલ વિસ્ટાના પુનઃ વિકાસનો એક ભાગ છે, જે દેશનો પાવર કોરિડોર છે. રાષ્ટ્રપતિ ભવનથી ઈન્ડિયા ગેટ સુધીના ત્રણ કિમીના રસ્તાનું નવીનીકરણ, એક સામાન્ય કેન્દ્રીય સચિવાલયનું નિર્માણ, વડાપ્રધાનનું નવું કાર્યાલય અને નિવાસસ્થાન અને નવું વાઈસ પ્રેસિડેન્ટ એન્કલેવ પણ આ સેન્ટલ પબ્લિક વર્ક્સના પ્રોજેક્ટનો એક ભાગ છે. એવી અટકળો છે કે નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન મે ૨૦૨૩ના અંતમાં, જ્યારે ભાજપ સરકાર તેના નવ વર્ષ પૂર્ણ કરશે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવે તેવી શક્યતા છે.

ડિસેમ્બર ૨૦૨૦માં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી સંસદ ભવનનો શિલાન્યાસ કર્યો હતો. તેમાં અત્યંત આધુનિક સુવિધાઓ હશે. નવી ઈમારત એ 'આત્મનિર્ભર ભારત'ના વિઝનનો એક આંતરિક ભાગ છે. ૩૦ માર્ચના રોજ મોદી સંસદની નવી ઈમારતની ઓચિંતી મુલાકાત માટે ગયા હતા. તેમણે એક કલાકથી વધુ સમય વિતાવી વિવિધ કામોનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સંસદના બંને ગૃહોની સુવિધાઓનું અવલોકન કર્યું અને બાંધકામ કરી રહેલા કામદારો સાથે વાતચીત પણ કરી હતી.

નવી સંસદ બિલ્ડિંગમાં પરંપરાગત તત્ત્વોના મૂળમાં રહેલા આંતરિક તેમજ બાહ્ય સરંજામના નિર્માણ માટે લાકડાના માળખાનો વ્યાપક ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમાં ઉત્તરપ્રદેશના ભદોહીના હાથથી ગૂંથેલા કાર્પેટ પણ હશે. નવી સંસદ ભવન બિલ્ડિંગનું નિર્માણ ટાટા પ્રોજેક્ટ્સ લિમિટેડ દ્વારા કરવામાં આવી રહ્યું છે જેમાં ભારતના લોકશાહી વારસાને દર્શાવવા માટે એક ભવ્ય બંધારણીય હોલ, સંસદના સભ્યો માટે એક લાઉન્જ, એક પુસ્તકાલય, બહુવિધ કમિટી રૂમ, ભોજન વિસ્તાર અને વિશાળ પાર્કિંગ જગ્યા હશે. આ પ્રોજેક્ટ પૂર્ણ કરવાની મૂળ સમયમર્યાદા ગયા વર્ષે નવેમ્બરમાં હતી.

રાજકોટમાં ડ્રગ્સ ક્યાંથી, કોના ઈશારે આવે છે તે જણાવવા ધીરેન્દ્ર શાસ્ત્રીને પડકાર

અમદાવાદ, તા.૧૮

બાગેશ્વર ધામના બાબા ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી હવે ગુજરાતમાં તેમનો દરબાર લગાવવાના છે. રાજ્યમાં અમદાવાદ, સુરત અને રાજકોટમાં તેમનો દિવ્ય દરબાર યોજાશે. હાલમાં ત્રણેય શહેરોમાં તેમના દરબારની બાગેશ્વર ધામ સેવા સમિતી દ્વારા તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ૨૬ અને ૨૭ મે સુરતમાં, ૨૯ અને ૩૦ મે અમદાવાદમાં તથા ૧ અને ૨ જૂને રાજકોટના રેસકોર્ષ મેદાનમાં બાબાનો દિવ્ય દરબાર યોજાશે. ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીને રાજકોટની કોમર્શિયલ કો-ઓપ બેન્કના સીઈઓએ પડકાર ફેંક્યો છે. જેમાં રાજકોટમાં ડ્રગ્સ ક્યાંથી, કોના ઈશારે આવે છે તે જણાવે. તથા ડ્રગ્સ અંગે જાણકારી આપે તો રૂા. ૫ લાખના ઈનામની જાહેરાત કરવામાં આવી છે. રાજકોટની કોમર્શિયલ કો-ઓપ બેન્કના સીઈઓ પુરૂષોત્તમ પીપળીયાએ ફેસબુક એકાઉન્ટ ઉપર પોસ્ટ કરી ધીરેન્દ્ર શાસ્ત્રીને પડકાર ફેંક્યો છે. પુરૂષોત્તમ પીપળીયાએ પોસ્ટમાં લખ્યું છે કે, તાંત્રિક બાગેશ્વર બાબા જણાવે કે રાજકોટમાં ડ્રગ ક્યાંથી આવે છે અને કોના ઈશારે આવે છે. જો આ બાબતે કંઈ કહેશે તો પાંચ લાખનું ઈનામ આપીશ.

ભરૂચ જિલ્લાની ઓળખ સમાન 'ગોલ્ડન બ્રિજ'નો ૧૪૩ વર્ષમાં મંગલ પ્રવેશ : આજે પણ અડીખમ

ભરૂચ તા.૧૮

ગોલ્ડન બ્રિજ દેશનો સૌથી જૂનો અને કાર્યરત બ્રિજ હોવાનું માનવામાં આવે છે. સૈકાની સફર ખેડી ચુકેલો આ બ્રિજ ઐતિહાસિક ઈજનેરી જ્ઞાન, ટેકનોલોજી અને કુશળતાના ત્રિવેણી સંગમ સમાન માનવામાં આવે છે. ગોલ્ડન બ્રિજ નિર્માણનું એક અજોડ ઉદાહરણ છે. તેનું બાંધકામ ૧૮૮૧માં બ્રિટિશરો દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું હતું, અંગ્રેજોએ બ્રિજ બનાવવાનું કામ ૧૮૭૭માં શરૂ કર્યું હતું. આ પુલ ૧૬ મે, ૧૮૮૧ના રોજ ૪૫.૬૫ લાખ રૂપિયાના ખર્ચે બાંધવામાં આવ્યો હતો આ પૂલને બનાવવા અને જાળવવા માટે થયેલા ભારે ખર્ચને કારણે તેને ગોલ્ડન બ્રિજ તરીકે ઓળખવામાં આવ્યો. આઝાદી પછી, તે રાષ્ટ્રીય ધોરીમાર્ગનો ભાગ હતો. સૈકા ઉપરાંતથી અડીખમ ઉભો છે. બ્રિટિશ શાસન વખતે બાંધવામાં આવેલા રેલવે બ્રિજને બાદમાં રોડ બ્રિજમાં ફેરવી દેવામાં આવ્યો હતો. એશિયાની સૌપ્રથમ ટ્રેન ૧૮૫૩ના એપ્રિલમાં મુંબઈમાં શરૂ થઈ ગઈ હતી. બ્રિટિશરો રેલવે નેટવર્કનો વિસ્તાર કરવા માંગતા હતા પરંતુ નર્મદા નદીને પાર કરવામાં બાધા નડતી હતી. તેથી બ્રિટિશ શાસકોએ એ વખતના બોમ્બે પ્રાંતના વહીવટીય વડામથક બોમ્બે (મુંબઈ)ને ગુજરાત અને તેનાથી આગળના વિસ્તારો સાથે જોડતો એક રેલવે બ્રિજ નર્મદા નદી ઉપર બાંધવાનું નક્કી કર્યું હતું. એ બ્રિજ બંધાવાથી વેપાર-ઉદ્યોગની પ્રવૃત્તિઓને મોટો વેગ મળે એમ હતું. આ બ્રિજનું નામ 'નર્મદા બ્રિજ' રાખવામાં આવ્યું હતું પરંતુ તે જ યુગમાં એ 'ગોલ્ડન બ્રિજ' તરીકે જાણીતો થયો હતો. બ્રિજ પાછળ તે સમયે ૪૫.૬૫ લાખનો ખર્ચ થયો હતો. આ પૂલ પાછળના અધધ ખર્ચના કારણે તેનું નામ ગોલ્ડન બ્રિજ રાખવામાં આવ્યું હતું. લોકો એવું બોલતાં કે 'ઓહો કેટલો બધો ખર્ચો કર્યો!! આટલા ખર્ચામાં તો સોનાનો પૂલ બંધાઈ જાય.' અને તેનું નામ સોનાનો પૂલ એટલે કે ગોલ્ડન બ્રિજ પડી ગયું હતું. જાણીતા બ્રિટિશ આર્કિટેક્ટ સર જોન હોકશો એ નિર્માણની જવાબદારી લીધી હતી. એમણે ૧૮૬૧માં નર્મદા બ્રિજ બાંધવાની શરૂઆત કરી હતી, પરંતુ ૧૮૬૩, ૧૮૬૮, ૧૮૭૧, ૧૮૭૨, ૧૮૭૩, ૧૮૭૬માં નર્મદામાં આવેલા ભયાનક પૂરને કારણે બ્રિજના મોટા અને નાના ભાગો તૂટી પડ્યા હતા. એને કારણે અનેક કામદારો પણ માર્યા ગયા હતા. ૧૮૭૭માં એ જ સ્થળે નવેસરથી અને લોખંડનો મજબૂત પૂલ બાંધવાનું શરૂ કર્યું હતું. આખરે ૧૮૮૧ના મે મહિનામાં એ પૂલ આકાર પામ્યો હતો. ૧.૪૧ કિલોમીટર લાંબો પૂલ લોખંડનો હતો. આજે ગોલ્ડન બ્રિજની બાજુમાં નર્મદા મૈયા બ્રિજ આકાર પામતા હવે ગોલ્ડ બ્રિજ નિવૃત્ત થયો છે જોકે બહુવય ઈતિહાસ અને કારીગરીના અજોડ ઉદાહરણરૂપ આ બ્રિજનો વૈભવ સહેજ પણ ઓછો થયો નથી. એક સમયે ૨૪ કલાક ધમધમતો ગોલ્ડન બ્રિજ આજે મોટાભાગના સમયમાં સુમસામ ભાસે છે. જેમ એક વૃદ્ધ ઉંમર સાથે ઘરમાં મહત્વ ગુમાવે છે તેમ આ બ્રિજ હવે ખૂણામાં ઉભો તેના ભવ્ય ઈતિહાસની યાદ તાજી કરાવે છે. 'વર્લ્ડ હેરિટેજ ડે'ના દિવસે પણ ભરૂચવાસીઓ આ બ્રિજની યાદ કરવાનું વિસરી ગયા હોય તેમ લાગી રહ્યું છે.

આ તો ચમત્કાર જ કહેવાય

ઉજ્જડ જમીનમાં કીવીની ખેતી કરી લાખોની કમાણી કરે છે યુવક

પાંચ વર્ષ સુધી મલ્ટીનેશનલ કંપનીમાં ઊંચા હોદ્દા પર કામ કર્યા બાદ મનદીપે પરિવાર સાથે પોતાના વતન સોલન આવવાનો નિર્ણય કર્યો હતો

નવી દિલ્હી, તા.૧૮

વર્તમાન સમયે ખેતી સેક્ટર ઝડપથી આગળ વધી રહ્યું છે. પરંતુ આજના યુવાનોને ખેતી કરવામાં વધુ રસ ન હોવાનું જણાઈ આવે છે. અલબત્ત, કેટલાક યુવાનો એવા પણ છે, જેમણે ઉચ્ચ અભ્યાસ કર્યા બાદ લાખો રૂપિયાનો પગાર મળવા છતાં ખેતીમાં ઝંપલાવ્યું છે. આવો જ એક યુવાન હિમાચલનો છે. જેનું નામ મનદીપ છે. તેણે એમબીએનો અભ્યાસ પૂરો કર્યા બાદ મેનેજર તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. પાંચ વર્ષ સુધી મલ્ટીનેશનલ કંપનીમાં ઊંચા હોદ્દા પર કામ કર્યા બાદ મનદીપે પરિવાર સાથે પોતાના વતન સોલન આવવાનો નિર્ણય કર્યો હતો. સોલન આવીને મનદીપે પડતર જમીનમાં ખેતી કરવાનું વિચાર્યું હતું. જોકે, તે અન્ય ખેડૂતોની જેમ પરંપરાગત નહીં, પણ કંઈક અલગ રીતે જ ખેતી કરવા માંગતો હતો. જેથી તેણે હાર્ટીકલ્ચર ખેતી તરફ વળવાનું વિચાર્યું હતું. ખેતી અંગે ઊંડાણથી જાણકારી મેળવી- આ માટે પહેલાં તો મનદીપે તેના વિસ્તારની ઋતુ અને હવામાન કેવું હોય છે? તે અંગે જાણકારી મેળવી હતી. ત્યારબાદ તે ખેતી અંગે વધુ જાણકારી મેળવવા માટે યુનિવર્સિટીના પ્રોફેસરને મળ્યો હતો. આટલું કર્યા બાદ તેણે કીવીની ખેતી કરવાનો નિર્ણય લીધો હતો. મનદીપએ કીવીની ખેતી અંગે સંપૂર્ણ જાણકારી મેળવવા માટે અનેક પુસ્તકો વાંચ્યા હતા. તેણે પોતાનો મોટાભાગનો સમય લાઈબ્રેરીમાં વિતાવ્યો હતો. તેણે યુનિવર્સિટીના પ્રોફેસર સાથે ખેતી અંગે ચર્ચા પણ કરી હતી. આ બધું કર્યા બાદ તે કીવીની ખેતીમાં આગળ વધ્યો હતો. મનદીપે ૨૦૧૪માં સોલનના બાગાયત વિભાગ સાથે વાત કર્યા બાદ ૧૪ વીઘા જમીન પર કિવી ગાર્ડન બનાવવાનું કામ શરૂ કર્યું હતું. આ ગાર્ડનમાં તેણે કીવીની અદ્યતન જાતોનું વાવેતર કર્યું હતું. ત્યારબાદ કીવીમાંથી આવક મેળવવાનો સમય હતો. ૨૦૧૭માં તેણે કિવીની સપ્લાય માટે વેબસાઈટ પર ઓનલાઈન બુકિંગ લેવાનું શરૂ કર્યું હતું. આ વેબસાઈટ પર ખરીદનારને જે તે ફળ ક્યારે તોડવામાં આવ્યું હતું? ક્યારે ડબ્બામાં પેક કરાયું? તે સહિતની જાણકારી આપવામાં આવતી હતી. તેનો કારોબાર ધીમે ધીમે ફેલાવવા લાગ્યો હતો. તેને હૈદરાબાદ, બેંગલુરુ, દિલ્લી, ઉતરાખંડ, પંજાબ અને હરિયાણા સહિતના રાજ્યોમાંથી કીવીના ઓર્ડર મળ્યા હતા.

જળસંપત્તિ, પાણી પુરવઠા, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો અંગે ચર્ચા યોજાઈ

ગાંધીનગર,તા.૧૮

જળસંપત્તિ, પાણી પુરવઠા, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષ સ્થાને સંસદસભ્યો તથા ધારાસભ્યોની સ્થાયી પરામર્શ સમિતિની બેઠક મંગળવારે ગાંધીનગરમાં રાજ્યમંત્રી ભીખુસિંહજી પરમાર તથા નાયબ દંડક રમણભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. પરામર્શ સમિતિના સભ્ય ધારાસભ્યો દ્વારા સંબંધિત વિભાગવાર જુદી જુદી રજૂઆતો કરવામાં આવી હતી. જેમાં પાણી પુરવઠા અને જળસંપત્તિ વિભાગ અંતર્ગત સુજલામ સુફલામ યોજનામાંથી પાઈપલાઈન મારફતે તળાવો ભરવા, હયાત જળસંગ્રહની સંગ્રહક્ષમતા વધારવી, નર્મદા તેમજ સુજલામ સુફલામ કેનાલના નિર્માણથી ખેતરમાં જવાના રસ્તાઓ માટે ઉભી થયેલી મુશ્કેલી, ગામોના તળાવોની ગંદકી દૂર કરવા તળાવો કેનાલની સફાઈ, સરકારી સંસ્થાઓ વચ્ચે સંકલન વગેરે અંગે ચર્ચા કરવામાં આવી હતી. જ્યારે અન્ન અને નાગરિક પુરવઠા અંતર્ગતની બાબતોમાં ડોર સ્ટેપ ડિલિવરી, પુરવઠા વિભાગના નવા મોટા સરકારી ગોડાઉન બનાવવા, સસ્તા અનાજની દુકાનોમાં ખુટતા જથ્થાની પરમીટ આપવા, ઈએફપીએસ સિસ્ટમમાં પડતી મુશ્કેલીઓ સહિતના મુદ્દાઓ વિશે ચર્ચા રજૂઆતો કરવામાં આવી હતી.

દુબઈથી અમૃતસર જનારી ફ્લાઈટમાં નશામાં ધૂત પેસેન્જરે એરહોસ્ટેસ સાથે ઝઘડો કર્યા બાદ કરી છેડતી

નવી દિલ્હી, તા.૧૮

છેલ્લા ઘણા સમયથી અલગ અલગ કંપનીની ફ્લાઈટ વિવિધ કારણોસર ચર્ચામાં છે. નશામાં ધુત પેસેન્જર મહિલા પેસેન્જર ઉપર પેશાબ કરે છે ત્યારબાદ એક ફ્લાઈટમાં પેસેન્જર ઉલ્ટી કરે છે, ફ્લાઈટમાં પીરસવામાં આવતા ફૂડમાંથી કીડા નીકળે છે ત્યારે હાલમાં જ ઈન્ડિગો ફ્લાઈટનો એક કિસ્સો સામે આવ્યો છે. દુબઈથી અમૃતસર જનારી ફ્લાઈટમાં એક પેસેન્જરે એરહોસ્ટેસ સાથે ઝઘડો કર્યો બાદ તેની છેડતી કરી હતી. ફરિયાદ નોંધાયા બાદ આ પેસેન્જરની ધરપકડ કરવામાં આવી છે. મળતી જાણકારી મુજબ, પંજાબના જલંધરના કોટલી ગામમાં રહેનાર રાજિંદરસિંહનો ૧૩મી મેના રોજ દુબઈ અમૃતસરની ફ્લાઈટમાં એર હોસ્ટેસ સાથે ઝઘડો થયો હતો અને ત્યારબાદ આ રાજિંદરસિંહે એરહોસ્ટેસની છેડતી કરી હતી. રાજિંદરસિંહ પહેલાથી નશામાં હતા. સમગ્ર બનાવ અંગે એરહોસ્ટેસે ક્રૂ મેમ્બરને આ અંગેની જાણકારી આપી હતી. ઘટનાની જાણકારી મળ્યા બાદ ફ્લાઈટના સુરક્ષા મેમ્બરોએ અમૃતસર નિયંત્રણ રૂમમાં સમગ્ર મામલે જાણકારી આપી હતી અને અમૃતસર એરપોર્ટ ઉપરના સિક્યુરિટી મેનેજરે રાજિંદરસિંહ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. સમગ્રમામલે રાજાસાંસી પોલીસે ફરિયાદ નોંધી રાજિંદરસિંહની ધરપકડ કરી હતી. પોલીસે જ્યારે રાજિંદરસિંહની ધરપકડ કરી ત્યારે તે નશાની હાલતમાં હતો. પોલીસે આપેલી જાણકારી મુજબ, રાજિંદરસિંહ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૪ (મહિલાની ગરીમાને નુકસાન પહોંચાડવાના ઈરાદે તેના ઉપર હુમલો કે શક્તિનો પ્રયોગ) અને કલમ ૫૦૯ (કોઈ મહિલાની ગરીમાને નુકસાન પહોંચાડવાના ઈરાદે શબ્દનો ઉપયોગ અથવા ઈશારા)મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

ચિંતન શિબિર એટલે વિકાસ માટેનું સામુહિક મનોમંથન

સ્વાગત કાર્યક્રમની જેમ વડાપ્રધાનની આ સુશાસન પહેલ પણ પુરા કરશે વીસ વર્ષ

જીવનનું કોઈપણ કાર્ય કેમ ન હોય, વિચાર્યા વગર કરી શકાતું નથી. અને જો વિચાર્યા વગર કરી નાખ્યું, તો એનું પરિણામ શું આવશે; એ ચોક્કસ પણે કહી શકાતું નથી. કામ ગમે તેટલું નાનું હોય કે મોટું, ચોક્કસ વિચાર અને વિઝન સાથે કરીએ તો ધાર્યું પરિણામ મળવાની શક્યતાઓ અનેકગણી વધી જાય છે. વળી, જો એમાં એક કરતા વધુ લોકોના મંતવ્યો ભળે, અનુભવીઓનું માર્ગદર્શન ભળે, તો પછી તો સોને પે સુહાગા !

આ તો વાત થઈ અંગત જીવનની કે પરિવારની. આવા કિસ્સામાં પોતાની જાત કે પરિવારના સભ્યો સાથે સલાહ સૂચન કરવાનું થાય, જે પ્રમાણમાં સરળછે. પણ વ્યાવસાયિક કે સામાજિક જીવનની વાત હોય તો ! પ્રમાણમાં સલાહ સૂચન અઘરૂ છે, પણ એનું મહત્વર ખૂબ વધી જાય છે. એ જ રીતે, જ્યારે વાત આખી સરકારની હોય તો ! એ સરકારની કે જેમના કામથી દેશનો એકે-એક નાગરિક પ્રભાવિત થવાનો હોય. એક ખોટો નિર્ણય લાખો લોકોના જીવનને કષ્ટમય બનાવી દે એમ હોય, કે પછી એક સારો નિર્ણયલાખો લોકોના જીવનને સુખમય બનાવી શકવા સક્ષમહોય. આવા વખતે વિચારોનું આદાન-પ્રદાન કે મંથન કેટલું મહત્વનું બની જાય એની કલ્પના પણ ન કરી શકાય! જો કે, આવી વિચારગોષ્ઠીનું મહત્વ સમજીને જ તત્કાલીન ગુજરાતનાં મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સરકારને મનોમંથન કરવા પ્રોત્સાહિત કરી હતી. એમાંથી જન્મ થયો ચિંતન શિબિરનો. એક એવી શિબિર જેમાં નેતાઓ, વરિષ્ઠ અધિકારીઓ સમસ્યાઓ ઉપર વિચારે, એ વિચારોનું આદાન પ્રદાન કરે, અને એ સમસ્યાનું કોઈ નક્કર નિરાકરણ લાવવા માટેની એક કાર્ય યોજના ઘડી કાઢે. આમ, ચિંતન શિબિર એટલે બીજું કંઈ નહીં, પરંતુ વિકાસ માટેનું સામૂહિક મનોમંથન.!

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૦૩માં ગુજરાતનાં મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન ચિંતન શિબિરની શરૂઆત કરાવી હતી. તેમની આ સુશાસન માટેની પહેલને આગળ વધારતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ ૧૯ થી ૨૧ મે દરમ્યાન દસમી ચિંતન શિબિરનો શુભારંભ કરાવશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા ખાતે યોજાનારી આ શિબિરમાં મુખ્યમંત્રી સહિત રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ, મુખ્ય સચિવ તેમજ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ, મુખ્ય સલાહકાર સહિત વરિષ્ઠ અધિક મુખ્ય સચિવો, સચિવો, અગ્ર સચિવો તથા જિલ્લાના કલેક્ટર-ડી.ડી.ઓ, મહાનગરોના કમિશ્નરો, ખાતાના વડાઓ એમ કુલ મળીને ૨૩૦ જેટલા મહાનુભાવો જોડાશે.

આ વર્ષે યોજાનારી ચિંતન શિબિરમાં પાંચ વિષયો ઉપર મનોમંથન થવાનું છે. તેમાં આરોગ્ય અને પોષણ, શહેરીકરણ અને માળખાકીય વિકાસ, સરકારી અને તમામ સ્વાયત સંસ્થાઓના કર્મચારીઓ માટે તાલીમ અને ક્ષમતા નિર્માણ, શિક્ષણમાં ગુણાત્મક સુધારો તેમજ ગ્રામીણ વિસ્તારોમાં માળખાકીય વિકાસ અને ક્ષમતાનિર્માણને આવરી લેવાશે. શિબિરમાં સહભાગી થનારા અધિકારીઓ, પ્રત્યેક ગ્રુપમાં ૪૫, એમ પાંચ ગ્રુપમાં ચર્ચાસત્રોમાં જોડાશે અને ચર્ચાને અંતે પોતાના નિષ્કર્ષ-ભલામણો પ્રસ્તુત કરશે. એટલું જ નહીં, વિવિધ વિષયોના તજજ્ઞો આ સત્રોમાં પ્રેરક માર્ગદર્શન પણ આપશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરાવેલી સુશાસનની એક મહત્વપૂર્ણ પહેલ 'સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમે' હાલમાં જ ૨૦ વર્ષ પૂરા કર્યા છે. એ જ રીતે, ૨૦૦૩ માં શરૂ થયેલી ચિંતન શિબિર પણ પોતાના ૨૦માં વર્ષમાં પ્રવેશ કરી ચૂકી છે. જેમ, સ્વાગત જેવો ફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્ય રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારે પણ અપનાવ્યો છે, એ જ રીતે, ચિંતન શિબિરનું આયોજન એક યા બીજા સ્વરૂપમાં અન્ય સરકારોએ અપનાવ્યું છે. ઓકટોબર ૨૦૨૨ માં કેન્દ્ર સરકારે રાજ્યોના ગૃહ મંત્રીઓની ચિંતન શિબિર યોજી હતી; તો હાલમાં જ ૧૧ મેના રોજ કેન્દ્રના સામાજિક અને અધિકારિતા મંત્રાલયે પોતાના અધિકારીઓ માટેની ચિંતન શિબિર યોજી હતી. વળી, ૧૭મે ના રોજ કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયે પોતાના વરિષ્ઠ અધિકારીઓ માટે નવી દિલ્હી ખાતે ચિંતન શિબિરનું આયોજન કર્યું છે. જેમ સ્વાગત કાર્યક્રમ કોઈ એક વ્યક્તિની અંગત સમસ્યાનું ત્વરિત સમાધાન આપે છે, એજ રીતે, ચિંતન શિબિર આખા જન-સમુદાય માટે કોઈ વિષય પર વધુ સારૂ સમાધાન પૂરૂ પાડવાની તક આપે છે. આમ, કોઈ પહેલ પોતાના ૨૦માં વર્ષે પણ ચાલુ હોય અને અન્ય સરકારો દ્વારા પણ અપનાવાઈ હોય, એ વાત જ, એ પહેલ કેટલી સફળ છે અને લોક-ઉપયોગી બની રહી છે તેની ચાડી ખાય છે. રોજબરોજના રાબેતા મુજબના કામમાં વ્યસ્ત રહીને ખાસ મુદ્દાઓ પર લાંબા ગાળાની યોજના બનાવવાનો ક્યારેક સમય રહેતો નથી. વળી, કોઈ એક કાર્યયોજના જે-તે વિભાગના અધિકારીઓ જ બનાવતા હોય છે, તેમાં અન્ય અધિકારીઓ કે તજજ્ઞોનો અભિપ્રાયર લેવો પણ અઘરૂ બની રહેતું હોય છે, ત્યારે આવી ચિંતન શિબિર; આ ખોટને પુરવાનું કામ કરે છે. ચિંતન શિબિરમાં અધિકારીઓ પોતાના નિત્યક્રમથી દૂર; સ્વસ્થ ચિતે, ભેગા મળીને કોઈ એક વિષય પર સઘન મનોમંથન કરી શકે છે. આમ, ચિંતન શિબિર કેટલીય ઈનોવેટિવ પહેલની જનક બની શકે; કે જે લોકોને જીવન જીવવાની સરળતામાં (**Ease of Living**)માં અનેક ગણો વધારો કરી આપે. બની શકે કે વર્ષોથી વણઉકેલાયેલા પ્રશ્નોનું સમાધાન ત્રણ દિવસની ચિંતન શિબિરમાં આવી જાય! રોજબરોજના કામમાં સાઈડમાં રહી જતાં મુદ્દાઓ ઉપર ચિંતન શિબિરમાં મનોમંથન થઈ જાય! અને જેમ સમુદ્રમંથનને અંતે અમૃત મળી આવ્યું એમ ચિંતન શિબિરને અંતે કોઈ ઠોસ સમાધા મળી જાય.!

આલેખન : જીગર ખુંટ , નાયબ માહિતી નિયામક

વિપક્ષની આંદોલનની ચિમકી

AMC દ્વારા મંજૂર કરાયેલા રૂા.૧૧૧૫ કરોડના રોડના કામને લઇ વિવાદ

લોકસભા ચૂંટણી પહેલા શહેરમાં અંદાજીત રૂા. ૧૨૦૦ કરોડના રોડ રસ્તા બનાવામાં આવશે હજુ રોડ રસ્તા બનાવા માટે ટેન્ડર મંજૂર કર્યા છે, ત્યા જ વિવાદનો વંટોળ ઉભો થયો છે

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા આગામી લોકસાભા ચૂંટણી પહેલા શહેરમાં અંદાજીત ૧૨૦૦ કરોડના રોડ રસ્તા બનાવામાં આવશે. હજુ રોડ રસ્તા બનાવા માટે ટેન્ડર મંજૂર કર્યા છે. ત્યા જ વિવાદનો વંટોળ ઉભો થયો છે. વિપક્ષે કોંગ્રેસ દ્વારા કરોડોના રોડ મંજુર કરવા મામલે ભાજપ પર આકરા પ્રહાર કર્યા હતા. અને આગામી સમયમાં આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે. પાછલા વર્ષે ૮૦૦ કરોડ અને અને આ વર્ષે ૧૨૦૦ કરોડના કામ મળી કુલ ૨૦૦૦ કરોડના રોડના કામ મંજુર અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા કરાયા છે.

અમદાવાદ મહાનગર પાલિકાના વિપક્ષ નેતા શહેજાદ ખાન પઠાણે જણાવ્યું હતું કે, શહેરની પ્રજાના લાભને બદલે કોન્ટ્રાક્ટરોના લાભ માટે કરોડોના કામ મંજુર કરાયા છે. પાછલા નાણાંકીય વર્ષમાં મંજુર કરાયેલા ૮૮૦ કરોડના ૭૦૫ રોડ બનાવવાના કામ પૈકી ૫૫૪ કરોડના ૫૧૨ રોડના કામો જ થયા છે. ૧ એપ્રિલ ૨૦૨૨થી ૨૭-૩-૨૦૨૩ સુધીમાં ૮૮૦ કરોડના ૭૦૫ રોડ બનાવવામાં આવનાર હતા. જેમાં ૫૧૨ રોડની કામગીરી પૂર્ણ થયા છે. બનાવેલા રોડ ક્યારે બન્યા, કેટલી લંબાઈ પહોળાઈના રોડ છે, કયા કોન્ટ્રાકટરે બનાવ્યા, રોડના ટેન્ડર અંદાજ કરતાં કેટલી વધુ/ઓછી અને કેટલી રકમનું આવ્યું તેની વિગતવાર માહીતી માંગતા પત્રો કમિશનર અને મેયરને લખ્યા છે. આ બાબતે કોઈપણ પ્રકારની માહિતી નહિ અપાય અથવા વિલંબ કરવામાં આવશે તો કોંગ્રેસ પક્ષ આ બાબતે ઉગ્ર આંદોલન કરશે. ૧ એપ્રિલ ૨૦૨૨થી ૨૭-૩-૨૦૨૩ સુધીમાં બનાવેલ રોડની અપાયેલી માહિતી મુજબ કુલ ૭૦૫ કરોડના વિવિધ કામો જેવા કે રીસરફેસ, વાઈડનીંગ રીસરફેસ, બેઝવર્ક રીસરફેસના કામોના કુલ ૮૮૦ ક્રોડના કામો કરવાના હતાં. તે પૈકી હાલ ૫૧૨ રોડના ૫૫૪.૩૫ કરોડના કામો પૂર્ણ થયા છે. ૨૦૭ રોડના ૩૩૦.૦૨ કરોડના કામો પ્રગતિમાં છે. ગત વર્ષના ૮૮૦.૬૦ કરોડના કામો તથા હમણાં થોડા સમય પહેલાં રોડના મંજુર કરાયેલા ૬૪૧ કરોડ તેમજ હાલમાં મંજુર કરેલ ૪૦૫ કરોડ તથા વ્હાઈટ ટોપિંગ રોડ બનાવવા બાબતના ૨૦૦ કરોડના કામો મળી કુલ ૧૨૪૬ કરોડ તથા અગાઉના રોડના ૮૮૦ કરોડ મળી કુલ ૨૧૩૨.૮૬ કરોડના રોડના કામો છે. એએમસી રોડ એન્ડ બિલ્ડીંગ કમિટી ચેરમેન મહાદેવ દેસાઈ વિપક્ષના આરોપ સામે અલગજ દાવા રજૂ કરી રહ્યા છે. આ વર્ષે અમે ૧૧૧૫ કરોડના રોડ મંજૂર કર્યા છે, ચોમાસા પહેલા ૧૪૨ રોડના કામ હાથ પર લીધા છે. ચૂંટાયેલી પાંખ અને વહીવટી પાંખ મળીને રોડની ગુણવત્તા મામલે સતત મહેનત કરી રહી છે. પાછલા બે વર્ષમાં બનેલા એકપણ રોડ તૂટ્યા નથી, જ્યાં રોડ બન્યા છે એની તમામ માહિતી તે સ્થળે તકતી રૂપે મૂકીએ છીએ. આ વર્ષે ચોમાસામાં નવી વ્હાઈટ ટોપિંગ પદ્ધતિ થી રોડ બનાવવાનું આયોજન કર્યું છે, ડામરના રોડમાં કોઈ ઈશ્યુ થશે તો કોન્ટ્રાકટરના ખર્ચે જ રોડ બનાવીશું.

એએમસી અને રોડની ગુણવત્તાનો વિવાદ એકબીજાના પર્યાય બની ગયા છે. શહેરમાં રોડની સ્થિતિને લઈને હાઇકોર્ટ પણ સતત ફટકાર લગાવી રહી છે, ત્યારે આ વર્ષે બનનારા રોડની ગુણવત્તા પર સૌની નજર રહેશે.

આ વર્ષની થીમ સંગ્રહાલયો, ટકાઉપણું અને સુખાકારી રાખવામાં આવી

આજે આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસની ઉજવણી કરાશે

નરેન્દ્ર મોદીના વરદ હસ્તે કચ્છ મ્યૂઝિયમનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો જે મ્યુઝિયમને ગુજરાતના જૂના મ્યુઝિયમનો દરજ્જો આપવામાં આવ્યો છે

કચ્છ, તા.૧૮

ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિઓ પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા કચ્છ મ્યૂઝિયમની સાર સંભાળ અને રખ રખાવની કામગીરી કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૧માં આવેલા વિનાશકારી ભૂકંપ બાદ ૨૦ ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ હાલના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે કચ્છ મ્યૂઝિયમનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. અને આજે લાખો પ્રવાસીઓ કચ્છમાં ફરવા આવે ત્યારે અચુક આ સ્થળની મુલાકાત લે છે.કચ્છ મ્યુઝિયમની સ્થાપનાના ઈતિહાસ પર નજર કરીએ તો કચ્છના રાજા મહારાવ ખેંગારજી ત્રીજા દ્વારા આચાર્ય જે.ડી.એસ્પેરેન્સના માર્ગદર્શન હેઠળ સ્કૂલ ઓફ આર્ટના ભાગરૂપે ૧ જુલાઈ, ૧૮૭૭ના રોજ તેની સ્થાપના કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, ફેબ્રુઆરી ૧૮૮૪માં રાવ ખેંગારજીના લગ્નપ્રસંગે કચ્છની કળા અને હસ્તકલાનું એક વિશાળ પ્રદર્શન યોજવામાં આવ્યું. જ્યારે પ્રદર્શન પૂર્ણ થયું ત્યારે આ કલાકૃતિઓને ક્યાં સ્થળે સંગ્રહિત કરવી એ પ્રશ્ન ઉભો થયો. આ કલાકૃતિઓના સંગ્રહ માટે એક અલગ ઈમારતી જરૂરિયાત ઉભી થતા બોમ્બેના તત્કાલિન ગવર્નર સર જેમ્સ ફર્ગ્યુસન દ્વારા કચ્છ મ્યુઝિયમની વર્તમાન બિલ્ડીંગનો શિલાન્યાસ કરવામાં આવ્યો. કચ્છમાં ખેંગારજી ત્રીજાના શાસન દરમિયાન કચ્છ મ્યુઝિયમનો જન્મ ગુજરાતના અન્ય મ્યુઝિયમના ચળવળના ઈતિહાસમાં એક સીમાચિન્હરૂપ અવસર તરીકે સ્થાપિત થયો. બોમ્બેના તત્કાલિન ગવર્નરના પ્રયાસોને લીધે મહારાજા દ્વારા આ મ્યુઝિયમનું નામ ફર્ગ્યુસન મ્યુઝિયમ રાખવામાં આવ્યું હતું. સમય જતાં બોમ્બેમાંથી ગુજરાતને એક સ્વતંત્ર રાજય બનાવવામાં આવ્યું ત્યારે આ મ્યૂઝિયમને ફરીથી લોકો માટે ખોલવામાં આવ્યું અને તેનું નામ કચ્છ મ્યૂઝિયમ રાખવામાં આવ્યું.આ મ્યૂઝિયમને ખાસ પ્રકારના લાલ રંગની રેતીના પથ્થર માંથી બનાવવામાં આવ્યું છે. વર્ષ ૨૦૦૧ મા આવેલા ભૂકંપના લીધે કચ્છમાં અનેક ઈમારતો જમીનદોસ્ત થઈ ગઈ. કચ્છ મ્યુઝિયમને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું. ગુજરાત સરકારના પ્રયાસોથી ભૂકંપ બાદ કચ્છ મ્યુઝિયમની ઈમારતનું નવીનીકરણ કરવામાં આવ્યું. ભૂકંપની સ્થિતિ પછી મ્યૂઝિયમના વિકાસને ધ્યાનમાં રાખીને બાજુમાં આવેલી આલ્ફ્રેડ હાઈસ્કૂલની ઈમારતને પણ રાજય સરકાર હસ્તગત કરવામાં આવી.

ઈ.સ. ૧૭૯૫માં ટીપુ સુલતાન દ્વારા રંગપટ્ટણની વિશાળ તોપ હૈદરી કચ્છી લશ્કરના વડા જમાદાર ફતેહ મહમ્મદને ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. ભેટમાં મળેલી આ તોપ કચ્છ મ્યુઝિયમ પરિસરમાં પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. રસપ્રદ કહાની એવી છે કે, ટીપુ સુલતાને કચ્છના ઊંચી નસ્લના ઘોડાઓ લેવા માટે આ તોપ ભેટમાં આપી હતી. આ ઉપરાંત અનેક બહુમૂલ્યો વસ્તુઓનો સંગ્રહ મ્યુઝિયમમાં કરવામાં આવ્યો છે.

કચ્છ મ્યુઝિયમ ફક્ત વસ્તુઓના સંગ્રહ કરવા માટે જ નથી પણ આગામી પેઢીમાં સાંસ્કૃતિક વારસાના જતન પ્રત્યે જાગૃતતા આવે તે દિશામાં કામ કરી રહ્યું છે. કચ્છ મ્યુઝિયમ ઈ.સ.પૂર્વે ૨૫૦૦ થી લઈને ૨૧મી સદી સુધીની વિવિધ પ્રાચીન વસ્તુઓ અને કલાના અવશેષોનો ખજાનો ધરાવે છે. ગુજરાતમાં આવા બહુ ઓછા સ્થળો છે.

શિક્ષકો માટે સૌથી મોટા સમાચાર

જિલ્લા આંતરિક બદલી કેમ્પના પ્રથમ તબક્કાનો કાર્યક્રમ જાહેર

નવા નિયમો આધિન પ્રથમવાર જિલ્લા આંતરિક બદલી કેમ્પનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે

અમદાવાદ, તા.૧૮

શિક્ષકોની બદલીને લઈ મહત્વના સમાચાર સામે આવી રહ્યાં છે, લાંબા સમયથી રાહ જોઈ રહેલા રાજ્યની સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકના હિતમાં શિક્ષણ વિભાગે નિર્ણય લીધો છે. તમને જણાવી દઈએ કે, નવા બદલી નિયમો મુજબ જિલ્લા આંતરીક બદલી કેમ્પના પ્રથમ તબક્કાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. લાંબા વિવાદ બાદ થોડા સમય અગાઉ જ બદલી મુદ્દેનવા નિયમો જાહેર કરવામાં આવ્યા હતા જે બાદ પ્રથમ વાર નવા નિયમો આધિન પ્રથમવાર જિલ્લા આંતરિક બદલી કેમ્પના પ્રથમ તબક્કાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં પ્રથમ તબક્કો તારીખ ૦૨ જૂનથી ૧ જુલાઈ ૨૦૨૩ સુધી યોજાશે

ડૉક્ટરે ફેંક્યો પડકાર

અમદાવાદમાં બાબા બાગેશ્વરના દરબાર પહેલા જ વિવાદ શરૂ

અમદાવાદમાં આગામી ૨૯ અને ૩૦ મેના રોજ બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીનો દરબાર લાગવાનો છે તે પહેલા જ તેમને મળી છે એક ચેલેન્જ

અમદાવાદ, તા.૧૮

બાબા બાગેશ્વર એટલે કે ધીરેન્દ્રશાસ્ત્રી આગામી દિવસોમાં ગુજરાતની મુલાકાતે આવવાના છે અને રાજયના વિવિધ શહેરોમાં તેમનો દરબાર લાગવાનો છે. અમદાવાદમાં આગામી ૨૯ અને ૩૦ મેના રોજ બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીનો દરબાર લાગવાનો છે, તે પહેલા જ તેમને મળી છે એક ચેલેન્જ. અમદાવાદ મેડિકલ એસોસિએશનના સભ્ય અને જાણીતા ડૉકટર વસંત પટેલે બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીને પડકાર ફેંક્યો છે કે, જો બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીમાં કોઈ શકિત છે તો કિડની અને કેન્સર હોસ્પિટલમાં દર્દીઓને સાજા કરે. બાબા બાગેશ્વર ગુજરાતમાં આવે તે પહેલા જબરદસ્ત વિવાદ શરૂ થઈ ગયો છે. ગુજરાતમાં ધીરેન્દ્ર શાસ્ત્રીનો દરબાર અલગ-અલગ શહેરોમાં લાગવાનો છે. તેમાં શરૂઆત સુરતથી થવાની છે. ત્યાર બાદ તેમનો દરબાર અમદાવાદમાં લાગવાનો છે. અમદાવાદમાં ઘાટલોડીયાના ચાણક્યપુરી વિસ્તારમાં તેમનો આ દરબાર ભરાશે. ત્યાર બાદ બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીનો રાજકોટમાં પણ દરબાર લાગવાનો છે. બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીના દરબારમાં મોટી સંખ્યામાં લોકોની ભીડ ઉમટે છે. અમદાવાદમાં બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીનો દરબાર લાગે તે પહેલા જ એક મોટો વિવાદ થયો છે. બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીને અમદ્યવાદ મેડિકલ એસોસિયેશનના ડોકટર દ્વારા પડકાર ફેંકવામાં આવ્યો છે. અમદાવાદમાં પ્રેક્ટિસ કરતાં ડૉકટર વસંત પટેલે સોશિયલ મીડિયા પર બાબા ધીરેન્દ્ર શાસ્ત્રી સામે પડકાર ફેંક્યો છે કે, બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીમાં જો ખરેખર કોઈ શકિત છે તો તેઓ કિડની અને કેન્સર હોસ્પિટલમાં દર્દીઓને સાજા કરે. તેમજ દેશમાંથી નક્સલવાદને આતંકવાદનો ખાતમો કરે. મહત્વનું છે કે, બાબા ધીરેન્દ્રશાસ્ત્રી તેમનો દિવ્ય દરબાર ગુજરાતમાં અલગ-અલગ શહેરોમાં લગાવે તે પહેલા જ તેમની સામે વિરોધના સૂર ઉઠ્યા છે. એટલે આગામી દિવસોમાં તેમનો આ દિવ્ય દરબાર ભરાય છે કે પછી વિવાદ સર્જાય છે, તે જોવાનું રહ્યું.

કોઈ હિન્દુ દીકરો વિરોધ કરશે તો જોવા જેવી થશે:કરણી સેના

રાજકોટમાં કરણી સેના આવી બાબા બાગેશ્વરના સમર્થનમાં

રાજકોટમાં અમારી ૨૦૦થી ૨૫૦ લોકોની ટીમ બાબાના દરબારમાં હાજર રહેશે

રાજકોટ, તા.૧૮

રાજકોટમાં કરણી સેના બાબા બાગેશ્વરના સમર્થનમાં આવી છે. ઠેર ઠેર જ્યારે વિરોધ ધિરેન્દ્ર શાસ્ત્રીને લઈ થઈ રહ્યો છે. ત્યારે કરણી સેનાએ બાબા ધિરેન્દ્ર શાસ્ત્રીના સમર્થનમાં નિવેદન આપ્યું છે. કરણી સેનાના પ્રમુખે આ બાબતે પડકાર ફેંકયો છે. તેમના દ્વારા જાહેરમાં કહેવામા આવ્યું છે કે જો કોઈ હિન્દુના દીકરાએ હિન્દુનો વિરોધ કર્યો તો જોવા જેવી થશે. આમ કહી રાજપૂત કરણી સેના દ્વારા બાબા ધિરેન્દ્ર શાસ્ત્રીને સમર્થન આપવામાં આવ્યું છે.

મહત્વનું છે કે આગામી ૧ અને ૨ જૂનના રોજ બાબા ધિરેન્દ્ર શાસ્ત્રીનો રાજકોટમાં દરબાર લાગવાનો છે ત્યારે આ દરબારમાં જો કોઈ હિન્દુનો દીકરો વિરોધ કરશે તો જોવા જેવી થશે તેવું કરણી સેનાના પ્રમુખે જણાવ્યુછે. અને કહ્યું કાર્યક્રમમાં અમારી ૨૦૦થી ૨૫૦ લોકોની ટીમ બાબાના દરબારમાં હાજર રહેશે.

કાર્યક્રમ દરમ્યાન કોઈ વિરોધ કરવા આવશે તો અમે જોઈ લઈશું. કરણી સેનાના પ્રમુખે કહ્યું હિન્દુ ધર્મનો કોઈ વિરોધ કરે તો અમારે બાબાના સમર્થનમાં એક રાજપૂતર તરીકે આવવું અવશયક છે.

અન્ય દેશમાં રિફાઈન થયેલું ઓઈલ રશિયાનું ન કહી શકાય:જયશંકર

નવી દિલ્હી, તા.૧૮

છેલ્લા એક વર્ષથી ભારત રશિયા પાસેથી મોટા પાયે ક્રૂડ ઓઈલ ખરીદીને તેમાંથી પેટ્રોલ ડિઝલ બનાવીને યુરોપને એક્સપોર્ટ કરી રહ્યુ છે. ભારતના વેપાર સામે યુરોપિયન યુનિયનના વિદેશ તેમજ સુરક્ષા નીતિના પ્રમુખ જોસેફ બોરેલને વાંધો પડી ગયો છે. જોસેફનુ કહેવુ છે કે, યુરોપિયન યુનિયને રશિયાનુ પેટ્રોલ ડીઝલ યુરોપમાં વેચવા બદલ ભારત સામે કાર્યવાહી કરવી જોઈએ.

સુરતમાં ફરી એક વખત વાલીઓ માટે ચેતવણી રૂપ કિસ્સો સામે આવ્યો

ઘરમાં રમતા ૪ વર્ષના બાળકની અન્નનળીમાં નટ બોલ્ટ ફસાયો

સુરત, તા.૧૮

સુરતમાં ફરી એક વખત વાલીઓ માટે ચેતવણી રૂપ કિસ્સો સામે આવ્યો છે. ભેસ્તાન વિસ્તારમાં ઘરમાં રમતી વેળાએ એક બાળક નટ બોલ્ટ ગળી ગયો હતો. જેને લઈને પરિવાર ચિંતામાં મુકાયો હતો. બાળકને લઈ પરિવાર તાત્કાલીક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં આવી પહોંચ્યો હતો. અહી એક્સ રે કરાવતા બોલ્ટ અન્નનળીમાં ફસાયો હોવાનું સામે આવ્યુ હતુ. મળતી માહિતી અનુસાર સુરતના ભેસ્તાન વિસ્તારમાં રહેતા ઈમરાન શેખ કલરકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેનો ૪ વર્ષીય પુત્ર નોમાન ઘરમાં રમી રહ્યો હતો. આ દરમ્યાન તે નટ બોલ્ટ ગળી ગયો હતો. આ બનાવની જાણ દીકરાએ પરિવારજનોને કરતા પરિવાર ચિંતામાં મુકાઈ ગયો હતો. પરિવાર બાળકને લઈને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ પહોંચ્યો હતો. સુરતમાં ૩ વર્ષીય બાળક રમતા રમતા એક રૂપિયાનો સિક્કો ગળી ગયો હોવાની ઘટના સામે આવી છે. બાળકની માતાને જાણ થતા તેને બાળકના મોઢામાંથી સિક્કો કાઢવાના અગણિત પ્રયત્ન કર્યો હતા. છતા પણ સિક્કો નહીં નીકળતા બાળકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ડોક્ટરે બાળકના એક્સરે ના રિપોર્ટ કરાવ્યા હતા. જેમાં બાળકની અન્નનળીમાં સિક્કો હોવાનું સામે આવ્યું હતું. ડોક્ટરે દૂરબીન દ્વારા સર્જરી કરીને સિક્કો બહાર કાઢ્યો.આ અગાઉ સુરતના લિંબાયત વિસ્તારમાં ૧ વર્ષીય બાળકીનું ટબમાં ડૂબી જવાથી મોત નીપજ્યું હતું.

કર્ણાટકમાં ચૂંટણી ફરજમાં રહેલા ગુજરાતના SRP જવાનનું નિધન

અમદાવાદ તા.૧૮

કર્ણાટક ખાતે ચૂંટણી ફરજ દરમિયાન હાર્ટએટેક આવવાથી ગુજરાતના **SRP** જવાનનું નિધન થયું છે. ચાલું ફરજ દરમિયાન રઘુભા કરશનજી જાડેજાનું અવસાન થતા અરેરાટી મચી ગઈ હતી. જવાનના નિધન બાદ તેમના પાર્થિવદેહને તેમના વતન કચ્છના કાદિયા નાના ખાતે લાવવામાં આવ્યો હતો. જે બાદ જવાને નખત્રાણાના કાદિયા ખાતે ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાઈ આપવામાં આવી હતી. **SRP** જવાનને અંતિમ વિદાઈ આપવા મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

જૂનાગઢમાં પૂ.મુકતાનંદ બાપુની રકતતુલા અને ગુજરાત, પંજાબ, ઓસ્ટ્રેલીયા સહિત ૧૧૦ સ્થળોએ રકતદાન કેમ્પ યોજાયો

૬૫માં પ્રાગટયોત્સવની અનોખી ઉજવણી, અનેકમાં એકનું દર્શન અને પરોપકારી એજ મનુષ્યનો સાચો ધર્મ છે : પૂ. મુકતાનંદ બાપુ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૮

જૂનાગઢમાં પ્રેમાનંદ વિદ્યા મંદિર ખાતે અખીલ ભારત સાધુ સમાજનાં પ્રમુખ પૂ. મુકતાનંદબાપુનાં ૬૫માંપ્રાગટય દિન નિમિત્તે રકતદાન કેમ્પ અને બાપુની રકતતુલાનો કાર્યક્રમ યોજાયો હતો. રાજગોર બ્રાહ્મણ યુવક મંડળનાં મોભી અશોકભાઈ પંડયા તથા પ્રમુખ કમલેશભાઈ ભરાડ તેમજ સમસ્ત બ્રહ્મ યુવા સંગઠનનાં સંસ્થાપક જયદેશભાઈ જોષી અને સમગ્ર ટીમ દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં ગઈકાલે સવારે રકતદાન કેમ્પનું દિપ પ્રાગટય કરી ડો. રાહુલ એ. પંડયા, પૂ. ગણેશાનંદ બાપુ, પૂ. સુબોધાન બાપુ, માજી ધારાસભ્ય ભીખાભાઈ જોષી સહિતનાંએ પ્રારંભ કરાવ્યો હતો. અને આ કેમ્પમાં ૨૪૦ બોટલ જેટલું રકત એકત્ર થયું હતું. અને સાંજે ૪ કલાકે પૂ. મુકતાનંદ બાપુની રકતતુલા કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં પૂ. શેરનાથ બાપુ, ગણેશાનંદ બાપુ, શિક્ષણાવિદ ગીજુભાઈ ભરાડ, કેળવણીકાર કે.ડી. પંડયા, જી.પી. કાઠી, પાર્થ ગિરીશભાઈ કોટેચા, પૂર્વમેયર આદ્યાશકિતબેન મનજમુદાર, ધીરૂભાઈ ગોહેલ, યોગીભાઈ પઢીયાર, આરતીબેન જોષી, ગીતાબેન જોષી, ગીતાબેન મહેતા તેમજ અમદાવાદથી અરવિંદભાઈ રવીયા, અસ્મિતાબેન રવીયા તેમજ વોરા સમાજ, કડીયા સમાજ અને વિવિધ સમાજો, સંસ્થાઓ દ્વારા પૂ. બાપુનું ફુલહાર પહેરાવી શાલ ઓઢાડી ૬૫થી વધુ સમાજ અને સંસ્થાઓ દ્વારા સન્માન કરાયું હતું.

પૂ. મુકતાનંદ બાપુએ જણાવ્યું હતું કે બધામાં પરમાત્માનું દર્શન કરો અનેકમાં એકજ પરમાત્મા છે. તેઓએ વધુમાં જણાવેલ કે અગાઉ હાથીની અંબાડી ઉપર બેસાડી મોટો ઉત્સવ મનાવતાં સેવકોને મેં જણાવ્યું કે આરોગ્ય ક્ષેત્રે રકતદાન પ્રવૃત્તિને વધુ વેગ આપો. આજથી અઠયાવીસ વર્ષ પહેલા ચાપરડાની નદીમાંથી પસાર થતાં બરડીયા ગીરની એક પ્રસુતાનો પ્રસુતિ પીડા સાથે જીવ જતા મેં મનોમન સંકલ્પ કર્યો કે મારે હોસ્પીટલ અહીં ચાંપરડામાં શરૂ કરાવી છે. આજે મારા પરોપકારી વિચારે આકાર લીધો અને જય અંબે મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ શરૂ કરાય જયાં રાજકોટ, અમદાવાદમાં મોટી હોસ્પીટલોમાં મળતી આરોગ્યલક્ષી સેવા એમડી ડોકટરો વિના મુલ્યે દર્દીઓને તપાસી દવા અને સારવાર આપી રહયા છે. અને કોરોના જેવા જીવલેણ રોગમાં હજારો લોકોનું જીવન આ હોસ્પીટલનાં ડોકટરોએ બચાવ્યું છે. અને આ પંથકનાં લોકો માટે આર્શિવાદ રૂપ સાબીત થઈ રહી છે. પૂ. બાપુએ વધુમાં જણાવેલ કે માનવ જીવનમાં ઉત્તમ વિચારોની સાથે સેવા કાર્યોની સુવાસ ચોતરફ સુગંધીત બનાવે છે અને આવા સદકાર્યો કરવા સૌનો અનુરોધ કરેલ. તેઓએ હિન્દુત્વની વિસ્તૃત વ્યાખ્યા આપતા જણાવેલ કે અનેકમાં એકનું દર્શન કરવું એ હિન્દુત્વ છે. નાત-જાતથી ઉપર પણ રાષ્ટ્રને વફાદાર અને રાષ્ટ્રનાં બંધારણનું જાળવવું એ વ્યકિત સાચા હિન્દુસ્તાની છે. એક વિકલાંગ દિકરીએ પૂ. બાપુની સેવાથી પ્રભાવિત થઈ અમેરીકામાં મુકતાનંદજી ટ્રસ્ટ બનાવી સેવા કાર્ય શરૂ કર્યુ છે.

પૂ. બાપુનાં પ્રાગટય દિન નિમિત્તે રાજકોટ, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ગુજરાત, પંજાબ, ઓસ્ટ્રેલીયા સહિત ૧૧૦ સ્થળોએ રકતતુલાનાં કાર્યક્રમો ચાહકવર્ગ દ્વારા યોજાયા હતાં. આ કાર્યક્રમમાં ગીજુભાઈ ભરાડ તથા પૂ. શેરનાથ બાપુએ પણ પ્રાસંગીક ઉદબોધન કરેલ. અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા રાજગોર બ્રાહ્મણ યુવક મંડળનાં મોભી અશોકભાઈ પંડયા, પ્રમુખ કમલેશ ભરાડ, ચેતન દવે, ભાવેશ બોરીસાગર, અલ્પેશ જોષી, જીત તેરૈયા તેમજ સમસ્ત બ્રહ્મ યુવા સંગઠનાં સંસ્થાપક જયદેવભાઈ જોષી, પી.સી. ભટ્ટ, દેવાંગ વ્યાસ, સમીક જોષી અને સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન ડો. માતંગ પુરોહીતે કર્યુ હતું.

પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન

SLRs કંપાર્ટમેન્ટ ભાડાપટ્ટે આપવાના કોન્ટ્રેક્ટ માટે ઈ-હરાજી

ફાઈલ નં: WR-BVP0COMM(LSG)/8/2022-O/o ACM/BVP/WR; સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફિસ, પશ્ચિમ રેલવે, ભાવનગર પરા ડિવિઝન, પ્રથમ માળ, કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ, ડીઆરએમ ઓફિસ, નજીકમાં વડવા, આરટીઓ સર્કલ પાસે, ભાવનગર પરા, ભાવનગર-364 003. ઈમેલ: dcm.bvp.wr@gmail.com ફાઈલ નં: C.78/1/36/E-Auction file તારીખ: 12.05.2023 ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા IREPS દ્વારા BVP ડિવિઝનમાંથી ઉપડતી ટ્રેનોના SLRs કંપાર્ટમેન્ટ ભાડાપટ્ટે આપવાના કોન્ટ્રેક્ટ માટે ઈ-હરાજી આમંત્રિત કરે છે. હરાજી IREPS વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવી છે વિગતો નીચે મુજબ છે:-

ઈ-હરાજી આમંત્રણ નોટિસ

કોન્ટ્રેક્ટનો પ્રકાર: પાર્સલ સ્પેસનું લીઝિંગ — કેટલોગ નંબર. LEASE-2023-05

સ્થાન અને એસેટની વિગતો

4.0/3.9 ટન SLRs ભાડાપટ્ટે આપવાના કોન્ટ્રેક્ટ માટે હરાજી

અ.નં.	ટ્રેન નં.	કંપા.	ફ્રિક્વન્સી	થી	સુધી
1	19107	F/SLR	રવિવાર	ભાવનગર ટર્મિનસ	ઉદયપુર
2	19107	R/SLR	રવિવાર	ભાવનગર ટર્મિનસ	ઉદયપુર
3	19120	F/SLR2"	દૈનિક	વેરાવળ	અમદાવાદ
4	19120	R/SLR1"	દૈનિક	વેરાવળ	અમદાવાદ
5	19319	F/SLR1"	બુધવાર	વેરાવળ	ઇન્દોર
6	19319	F/SLR2"	બુધવાર	વેરાવળ	ઇન્દોર
7	22964	R/SLR	રવિવાર	ભાવનગર ટર્મિનસ	બાંદ્રા ટર્મિનસ
8	20956	F/SLR	સોમવાર, મંગળવાર, બુધવાર, શુક્રવાર અને રવિવાર	મહુવા	સુરત
9	20956	R/SLR	સોમવાર, મંગળવાર, બુધવાર, શુક્રવાર અને રવિવાર	મહુવા	સુરત
10	22994	F/SLR	ગુરુવાર	મહુવા	બાંદ્રા ટર્મિનસ
11	22990	F/SLR	શનિવાર	મહુવા	બાંદ્રા ટર્મિનસ

(1) ઈ-હરાજી શરૂ થવાની તારીખ: 26.05.2023 11:00 કલાકથી. (2) હરાજીમાં ભાગ લેવા માટે IREPS E-Auction leasing portal પર રજીસ્ટ્રેશન જરૂરી છે. (3) વધુ વિગતો માટે, લૉગ ઇન: www.ireps.gov.in

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly 12

વંથલી તાલુકાના થાણાપીપળી ગામે છરી વડે જીવલેણ હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

વંથલી તા.૧૮

વંથલી તાલુકાના થાણાપીપળી ગામે છરી વડે જીવલેણ હુમલાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે વંથલી પોલીસે આપેલી વિગત અનુસાર શાપુર ગામે રહેતા ઈમરાન જુમાભાઈ કેવર ડફેર(ઉ.વ.૨૦)એ સબીરભાઈ સલીમભાઈ સુમરા ગામેતી રહે.શાપુર વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી તથા સાહેદ યુસુફભાઈ તથા ફીરોજભાઈ તથા ઈકબાલભાઈ તથા આરોપી શબીરભાઈ એમ બધા મોટરસાઈકલ લઈ વાડીઓમાં આટો મારવા ગયેલ હતા તે દરમ્યાન આ કામના આરોપીએ ફરિયાદી તથા સાહેદોની હસી મજાક કરેલ જેથી ઈકબાલભાઈએ આરોપીને હસી મજાક કરવાની ના પાડેલ તો આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરિયાદી તથા સાહેદોને જેમફાવે તેમ ગાળો દેવા લાગેલ જેથી ઈકબાલભાઈએ આરોપીને ગાળો બોલવાની ના પાડતા આરોપીએ પોતાના પેન્ટના નેફામાંથી એક છરી કાઢી ઈકબાલભાઈને પેટના ડાબા પડખાના ભાગે જોરથી છરીના ઘા મારી પેટના આંતરડાના લોચા કાઢી નાખી ઈકબાલભાઈને ગંભીર, જીવલેણ મરણતોલ ઈજા કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવતા પોલીસે વિવિધ કલમ અંતર્ગત આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ વંથલીના પીએસઆઈ વાય.બી. રાણા ચલાવી રહ્યા છે.

મેંદરડાના સાત વડલા વિસ્તારમાં ગળાફાંસો ખાઈ મહિલાનો આપઘાત

મેંદરડાના સાત વડલા વિસ્તારમાં રહેતા પુજાબેન ગોપાલભાઈ ડાભી (ઉ.વ. ૩૫) તામશી મગજના હોય અને અવાર-નવાર નાની-મોટી વાતોમાં આવેશમાં આવી જતા હોય જેથી પોતે પોતાના ઘરે પોતાની મેળે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધા હોવાનો બનાવ બનવા પામતા મેંદરડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જૂનાગઢમાં જુગાર દરોડો : પાંચ ઝડપાયા

જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગઈકાલે ચોક્કસ બાતમીના આધારે ગેંડાઅગર રોડ ઢોરા ઉપર ટેલીફોન એકસચેન્જની દિવાલ નજીકથી જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને વરલી મટકાનો જુગાર રમતા મોબાઈલ, રોકડ, મોટરસાઈકલ વિગેરે મળી કુલ રૂા.૪૨,૩૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રવિવારે ખજુરભાઈ અને લાલાભાઈ જૂનાગઢમાં ગિરનાર વોટર પાર્કમાં ધુબાકા મારશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૮

સુવિખ્યાત યુટયુબર અને સેવાભાવી વ્યકિત એવા ખજુરભાઈ (નીતીન જાની) અને લાલાભાઈ રવીવારનાં રોજ જૂનાગઢની મહેમાનગતી માણવા આવી રહયા છે. જૂનાગઢનાં ભેંસાણ રોડ ઓમ કોલેજની સામે આવેલ ગિરનાર વોટરપાર્ક એન્ડ રીસોર્ટની તેઓ મુલાકાત લેનાર છે. આ રીસોર્ટનાં સંચાલક લલીતભાઈ જોષીએ જણાવ્યું હતું કે ખજુરભાઈ અને લાલાભાઈ આ રીસોર્ટમાં બપોરે ૧૨ કલાકે આવી પહોંચશે અને લોકો સાથે વોટરપાર્કમાં ધુબાકા મારશે તો લોકોએ વહેલા તે પહેલાનાં ધોરણે મો. નં. ૮૯૮૦૮ ૨૨૧૦૦ ઉપર બુકીંગ કરાવવા યાદીમાં જણાવેલ છે.

મહાનગર સેવા સદન, જૂનાગઢ

વોટર વર્કસ શાખા

જાહેર નિવીદા નં.૪૯/૨૦૨૨-૨૩

(ચોથો પ્રયત્ન)

વો.વ.જા.નં.૧૬૪ — તા.૧૬/૦૫/૨૩

કમિશ્નરશ્રી, જૂનાગઢ મહાનગર સેવાસદન, "સ્વામી વિવેકાનંદ ભવન", આઝાદ ચોક, જૂનાગઢ ફોન નં.(૦૨૮૫) ૨૬૫૩૩૮૯ વોટર વર્કસ વિભાગ દ્વારા ડીઝાઈન એન્ડ કન્સ્ટ્રકશન ઓફ સંપ, ઈએસઆર વીથ પમ્પ હાઉસ, એસ.આઈ.ટી.સી ઓફ પમ્પીંગ મશીનરીઝ, ગ્રીવાકર્ડીંગ, સપ્લાઈંગ, લોવરીંગ, લેઈંગ એન્ડ જોઈન્ટીંગ ઓફ પાઈપ લાઈન વીથ મીસેલેનીયસ વર્કસ ઈન્કલુડીંગ ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સ ફોર વન યર્સ અંડર એસ.જે.એમ.એમ.એસ.વી.વાય સ્કીમ ફોર ઝોન-૩ ના કામ માટે આર.એન્ડ બી. તથા પાણી પુરવઠા બોર્ડના ટેન્ડર મુજબ લાયકાત ધરાવતા અનુભવી ઈજારદારશ્રીઓ પાસેથી ફક્ત ઓન લાઈન આઈટમ રેટથી (સરકારશ્રીના પ્રવર્તમાન તમામ ટેક્ષ સાથે) ટેન્ડરો આવકારવામાં આવે છે.

ઓન લાઈન ટેન્ડર ભરવા તેમજ ભરેલ ટેન્ડરો ઓન લાઈન મુકવા સબંધીત વધુ વિગત website: https://junagadh.nprocure.com ઉપરથી કચેરીના કામકાજના દીવસો દરમ્યાન ૧૧-૦૦ થી ૧૮-૦૦ વાગ્યા સુધી જાણવા મળશે. કોન્ટ્રાકટરશ્રીઓએ ટેન્ડરની શરતો અંગે લેખીત રજુઆત કરવાની હોય તો પ્રીબીડ મીટીંગ પૂર્ણ થાય ત્યાં સુધીમાં અત્રેની કચેરીએ લેખીતમાં જાણ કરવાની રહેશે. ઓન લાઈન ભરેલ ટેન્ડરમાં બધાજ ડોક્યુમેન્ટ ઓનલાઈન સબમીટ કરવાના રહેશે તથા તે અંગેના દસ્તાવેજો કામનું નામ લખી ફક્ત રજી.એ.ડી./ સ્પીડ પોસ્ટથી કમિશ્નરશ્રીની કચેરીએ નિયત સમય મર્યાદામાં મોકલવાના રહેશે અને પોસ્ટથી રવાના કરેલ દસ્તાવેજો જો મોડા મળશે તો તે અંગેની કોઈ જવાબદારી કચેરીની રહેશે નહી. ટેન્ડર ફી અંગેનો ડીડી. તથા બાનાની રકમ (ઇ.એમ.ડી.) નો એફ.ડી.આર. તથા ડી.ડી., ટેન્ડરમાં દર્શાવેલ અનુભવ તથા અન્ય આધારો અંગેના ડોક્યુમેન્ટસ ઓન લાઈન ટેન્ડર ભરતી વખતે સોફ્ટ કોપીમાં સબમીટ કરવાના રહેશે અન્યથા ટેન્ડર ઓન લાઈન ખોલવામાં આવશે નહી. ઓન લાઈન આવેલ ટેન્ડરો જો શકય હોય તો જ હાજર રહેલ ઈજારદારશ્રીની હાજરીમાં ખોલવામાં આવશે.

આ કામો અંગેની વિગતવાર ટેન્ડર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ અને માહિતી વિભાગની વેબ સાઈટ www.statetenders.gujarat.gov.in પર જોવા મળશે.

Due Date:22/05/23 — Last Date -12/06/2023

કોરા ભાવ પત્રક ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ તથા સમય	તા.૧૨/૦૬/૨૦૨૩ ૧૮-૦૦ કલાક સુધી
ભરેલ ભાવ પત્રક ઓન લાઈન ભરવાની છેલ્લી તારીખ તથા સમય	તા.૧૨/૦૬/૨૦૨૩ ૧૮-૦૦ કલાક સુધી
પ્રીબીડ મીટીંગની તારીખ/સમય	તા.૨૬/૦૫/૨૦૨૩ ૧૧ થી ૧૨-૦૦ કલાક સુધી
ટેન્ડર ડોકયુમેન્ટ રજી. પોસ્ટ એ.ડી. થી રજુ કરવાની તારીખ તથા સમય	તા.૧૬/૦૬/૨૦૨૩ ૧૭-૦૦ કલાક સુધી
ભરેલ ભાવ પત્રકો ઓન લાઈન ખોલવાની સંભવિત તારીખ તથા સમય	તા.૧૬/૦૬/૨૦૨૩ ૧૨-૦૦ કલાક

(સહી/- અવાચ્ય)

કમિશ્નર

મહાનગરપાલિકા, જૂનાગઢ

માહિતી/જૂના/૧૮૨/

જૂનાગઢની જાણીતી ન્યુ લાઈફ કેર હોસ્પિટલના શુભારંભને એક વર્ષ પુર્ણ થતા પ્રથમ વર્ષગાંઠની ઉત્સાહભેર ઉજવણી

ન્યુ લાઈફ કેર હોસ્પિટલના વડા અને જાણીતા ડો. કે.પી. ગઢવી ઉપર શુભેચ્છાઓનો વરસાદ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢના જાણીતા ગાયનેકોલોજીસ્ટ ડો. કે.પી. ગઢવીના વડપણ હેઠળની ન્યુ લાઈફ કેર હોસ્પિટલના શુભારંભ થયાને એક વર્ષ પુર્ણ થતા પ્રથમ વર્ષગાંઠની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ગત રવિવારે ઝાંઝરડા ચોકડી ઉપર આવેલ નિલકંઠ ફાર્મ ખાતે એક ભવ્ય સમારોહ યોજવામાંઆવ્યો હતો. શુભેચ્છકોની બહોળી હાજરી વચ્ચે પ્રથમ વર્ષ ગાંઠની થયેલી ઉજવણીમાં સ્નેહિજનો, શુભેચ્છકોએ ડો. કે.પી. ગઢવી ઉપર શુભેચ્છાઓનો વરસાદ વરસાવ્યો હતો અને વધુ યશસ્વી કામગીરી તેમના ક્ષેત્રમાં દાખવી શકે તેવી શુભકામનાઓ વ્યકત કરવામાં આવી હતી. એડવોકેટ પી.ડી. ગઢવીના સુપુત્ર ડો. કે.પી. ગઢવી છેલ્લા ૨૧ વર્ષથી જૂનાગઢ ખાતે એક સફળ ગાયનેકોલોજીસ્ટ તરીકે કાર્યરત છે. માત્ર ગાયનેકોલોજીસ્ટ તરીકે જ નહીં પરતું સમાજ સેવાના અનેક કાર્યો ફ્રી નિદાન કેમ્પ, ગરીબ દર્દીઓની રાહતદરે સારવાર અને વિવિધ સમાજ સેવી સંસ્થાઓના સેવાના કાર્યો સાથે જોડાયેલ છે. ડો. કે.પી. ગઢવી દ્વારા એક વર્ષ પહેલા ન્યુ લાઈફ કેર હોસ્પિટલ નો શુભારંભ કર્યાબાદ ૨૭૨ જેટલી ડિલિવરી અને ૧૭૮ જેટલી હાઈ રિસ્ક સર્જરી કરવામાં આવી. ન્યુ લાઈફ કેર હોસ્પિટલ પરિવાર દ્વારા પ્રથમ વર્ષગાંઠની ઉજવણીમાં સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જયોતિબેન સંજયભાઈ કોરડિયા, ગીરીશભાઈ ચોકસી અને ચેતનભાઈ ફડદુએ હાજરી આપી અને ડો. કે.પી. ગઢવીની સફળતામાં ભાગીદાર એવા તેમના ધર્મપત્ની પૂનમબેન ગઢવી દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ન્યુ લાઈફ કેર હોસ્પિટલની એક વર્ષ પૂર્ણ થયાની ઉજવણીના ભાગરૂપે "નારી તું નારાયણી" પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તકનો મુખ્ય હેતુ એ દર્દીઓ છે કે જે એક સમયે ન્યુ લાઈફ કેર હોસ્પિટલમાં નિદાન અર્થે આવેલ હતા અને આજે ન્યુ લાઈફ કેર હોસ્પિટલનો જાણે એક ભાગ હોય તેવી પ્રતીતિ થઈ રહી હતી. તે દર્દીઓ અને તેમના સગા સંબંધી વ્યક્તિઓના જીવનમાં હકારાત્મકતાનો સંચાર થાય અને સ્ત્રી પ્રત્યે સન્માનની લાગણી થાય તે શુભ આશયથી "નારી તું નારાયણી" પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. ન્યુ લાઈફ કેર હોસ્પિટલ પરિવાર દ્વારા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ જહેમત ઉઠાવવામાં આવી હતી. ડો. કે.પી. ગઢવી અને ન્યુ લાઈફ કેર હોસ્પિટલ પરિવાર દ્વારા દર્દીઓ અને તેમના સગા સંબંધીઓ ઉત્સાહપૂર્વક આ ઉજવણીમાં ભાગલીધો તે બદલ ડો. કે.પી. ગઢવી અને તેમનાં પિતા નામાંકિત એડવોકેટ પી.ડી. ગઢવી દ્વારા ઉજવણીમાં ભાગ લેનાર દરેક વ્યક્તિનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. સમાજે આપેલ, સમાને પરત કરવાના નિઃસ્વાર્થ આશયથી કરવામાં આવેલ ઉજવણી સાચા અર્થમાં પરમાર્થના હેતુને સાર્થક બનાવ્યો છે.

જૂનાગઢમાં વૃધ્ધ નિવૃત કર્મચારીનું માથામાં ઈજા થવાથી મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢમાં કર્મચારીનગર ખાતે રહેતા નિવૃત કર્મચારી વશરામભાઈ નાથાભાઈ રાઠોડ(ઉ.વ.૮૦) છેલ્લા ઘણા સમયથી એકલવાયું જીવન જીવતા હતા અને તેને પરિવારમાં કોઈ પત્ની કે સંતાનો નથી તેમજ મકાનમાં એકલા રહેતા હતા આ દરમ્યાન કોઈપણ બિમારી સબબ કે કોઈપણ અગમ્ય કારણોસર પડી જતા માથામાં ગંભીર ઈજાથવાથી અથવા તો અન્ય કોઈપણ કારણસર તેઓનું મૃત્યુ થયુંછે. આ બનાવ અંગે સી ડીવીઝન પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. સી ડીવીઝન પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.ડી. ડાંગર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

દુઃખદ અવસાન / પ્રાર્થના સભા

ગૌ.વા. જયંતિલાલ જાદવજીભાઈ રાજા

ગૌ.વા. તા. ૧૭-૫-૨૦૨૩, વૈશાખ વદ-તેરસ, બુધવાર

ગૌ.વા. શ્રી રાજા જયંતિભાઈ જાદવજીભાઈ તે ગો.વા. શ્રી ઇશ્વરલાલ જાદવજીભાઈ રાજાના ભાઈ તેમજ ગો.વા. શ્રી સંજયભાઈ રાજા, શ્રી હંસાબેન પ્રકાશકુમાર લાખાણીના પિતાશ્રી, શ્રીમતિ નીતાબેન, રાજેશકુમાર, શ્રી રાકેશભાઈ રાજાના કાકા અને ગો.વા. શ્રી ગોરધનદાસ કરશનજી કારીયા પરિવાર જૂનાગઢના જમાઈ તા. ૧૭-૫-૨૦૨૩ને બુધવાર, વૈશાખ વદ તેરસના રોજ શ્રીજી ચરણ પામેલ છે.

સદ્દગતની પ્રાર્થના સભા/સાદડી (પીયર પક્ષ અને સસુરપક્ષ બન્નેની) તા. ૧૮-૫-૨૦૨૩, ગુરૂવારને વૈશાખ વદ-ચૌદશના દિવસે સાંજે ૫. ૦૦ થી ૬. ૦૦ કલાકે, ભુતનાથ મહાદેવ મંદિરના પટાંગણમાં, જૂનાગઢ ખાતે રાખેલ છે.

પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન

ઈલેક્ટ્રોનિક એલસી ગેટ ટેલિફોન સિસ્ટમનું સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ અને કમિશનીંગ

W.118/NIT/E-Tender/2023-24/04/WA તારીખ: 10/05/2023: ઈ-ટેન્ડર આમંત્રણ નોટિસ: ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (ડબલ્યુએ) પશ્ચિમ રેલવે ભાવનગર દ્વારા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આમંત્રિત છે; (1) ટેન્ડર નં. 6-2023: ભાવનગર ડિવિઝનના ભાવનગર-ઢોળા, રાજકોટ-સોમનાથ, ઢસા-જેતલસર, બોટાદ-સાબરમતી, પોરબંદર-કાનાલુસ અને જેતલસર-વાંસજાળિયા સેક્શનના નોન ઈન્ટરલોકિંગ એલસી ગેટ ખાતે પોર્ટેબલ કીંગ સુવિધા સાથે ઈલેક્ટ્રોનિક એલસી ગેટ ટેલિફોન સિસ્ટમનું સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ અને કમિશનીંગ. (અંદાજિત ખર્ચ ₹ 1,21,91,958.7/-) બિડર્સ ઓનલાઈન બિડ ભરે કે www.ireps.gov.in પર જ અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે વેબસાઈટ www.ireps.gov.in ની વિઝીટ કરવા વિનંતી. ઓનલાઈન અરજી માટેની છેલ્લી તારીખ 09/06/2023 ના 15:00 કલાક સુધી છે. 09

અમને લાઈક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે ઓખા - દિલ્હી સરાઈ રોહિલ્લા વચ્ચે સમર સ્પેશ્યલ ટ્રેન્સનું વિસ્તરીકરણ કરશે

ટ્રેન નં.	પ્રારંભિક અને ગંતવ્ય સ્થળ	દોડવાના દિવસ	સુધી વિસ્તરીકરણ
09523	ઓખા - દિલ્હી સરાઈ રોહિલ્લા	મંગળવાર	27.06.2023
09524	દિલ્હી સરાઈ રોહિલ્લા - ઓખા	બુધવાર	28.06.2023

હોલ્ટના સમય સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો મહેરબાની કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો.

ટ્રેન નં. ૦૯૫૨૩ની વિસ્તૃત ટ્રિપ્સ માટેનું બુકિંગ તા. ૧૮.૦૫.૨૦૨૩ ના દરેક પીઆરએસ કાઉન્ટર્સ અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ટ્રેન તરીકે ખાસ દરે દોડશે.

પશ્ચિમ રેલવે

www.wr.indianrailways.gov.in

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

મહેરબાની કરીને દરેક રિઝર્વ્ડ ટિકિટ સાથે અસલ ઓળખપત્ર સાથે રાખો

પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન

ટેન્ડર આમંત્રણ નોટિસ

A અને B ક્લાસ સ્ટેશન પર "ટી એન્ડ રિફ્રેશમેન્ટ સ્ટોલ" ની જોગવાઈ કરવી

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે પ્રતિનિધિત્વ કરતા ડિવિઝનલ રેલવે મેનેજર, કોમર્શિયલ, પશ્ચિમ રેલવે, ભાવનગર દ્વારા ભાવનગર ડિવિઝનના નીચે જણાવેલ A અને B ક્લાસ સ્ટેશન પર "ટી એન્ડ રિફ્રેશમેન્ટ સ્ટોલ" ની જોગવાઈ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે

અ.નં.	સ્ટેશન	કેટેગરી	સ્થાન	રિઝર્વ પ્રાઈસ (₹ માં) / પ્રતિવર્ષ પ્રથમ ત્રણ વર્ષ માટે તથા 4થા અને 5 મા વર્ષ માટે રિઝર્વ પ્રાઈસ પર 10% ની વૃદ્ધિ	નિર્ધારિત કેટેગરી	ઇએમડી (₹ માં)
			ટી એન્ડ રિફ્રેશમેન્ટ સ્ટોલ			
1	ભાવનગર ટર્મિનસ	A	પ્લેટફોર્મ નં. 1	220500+GST	મહિલા (સામાન્ય)	23000
2	વેરાવળ	A	પ્લેટફોર્મ નં. 2/3	208000+GST	સામાન્ય	21700
3	બોટાદ	B	પ્લેટફોર્મ નં. 1	132000+GST	સામાન્ય	13900
4	બોટાદ જં.	B	પ્લેટફોર્મ નં. 2/3	120000+GST	મહિલા (સામાન્ય)	12500
5	બોટાદ	B	પ્લેટફોર્મ નં. 4/5	115500+GST	સામાન્ય	12100
6	પોરબંદર	B	પ્લેટફોર્મ નં. 2	178000+GST	સામાન્ય	18600
7	પોરબંદર	B	પ્લેટફોર્મ નં. 2	178000+GST	સામાન્ય	18600
8	પોરબંદર	B	પ્લેટફોર્મ નં. 3/4	130500+GST	સામાન્ય	13600
9	ગોંડલ	B	પ્લેટફોર્મ નં. 1	124500+GST	મહિલા (સામાન્ય)	13000
10	ગોંડલ	B	પ્લેટફોર્મ નં. 2	121500+GST	સામાન્ય	12700
11	જુનાગઢ	B	પ્લેટફોર્મ નં. 2/3	117000+GST	મહિલા (સામાન્ય)	12200

ટેન્ડર ખોલવાની અને બંધ થવાની તારીખ:- ટેન્ડર ઈસ્યુ કરવાની તારીખ 09/05/2023; ટેન્ડર બંધ થવાની તારીખ 15/06/2023 ના 15.00 કલાકે અને ટેન્ડર ખોલશે તારીખ 15/06/2023 ના 15.30 કલાકે; ટેન્ડર ફોર્મની કિંમત: ₹ 5,500 (GST સહિત); કોન્ટ્રેક્ટની અવધિ: 5 વર્ષ; ઓફરની માન્યતા: 60 દિવસ; વેબસાઈટ: https://ireps.gov.in; સરનામું: ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફિસ, ડીઆરએમ ઓફિસ, પશ્ચિમ રેલવે, પહેલો માળ, વડવા પાસે, ભાવનગર પરા 364003; (1) બિડ ડોક્યુમેન્ટ: ટેન્ડર ડોક્યુમેન્ટ IREPS પોર્ટલ https://www.ireps.gov.in પર ઉપલબ્ધ છે અને તે ઓફર જમા કરાવવા માટે ડાઉનલોડ કરી / જોઈ શકાય છે. ટેન્ડર ડોક્યુમેન્ટમાં દર્શાવેલ ટેન્ડર ડોક્યુમેન્ટની કિંમત ટેન્ડરર દ્વારા IREPS પોર્ટલ www.ireps.gov.in પર ઓનલાઈન જમા કરાવવાની રહેશે, (2) બિડ ડોક્યુમેન્ટ IREPS પોર્ટલ www.ireps.gov.in પરથી પણ ડાઉનલોડ કરી શકાય છે. અને બિડને IREPS પોર્ટલ www.ireps.gov.in પર બિડિંગ ડોક્યુમેન્ટની કિંમતની ઈ-પેમેન્ટ રિસીપ્ટ સાથે ઓનલાઈન જમા કરી શકાય છે, જેમાં નિષ્ફળ થયેથી ઓફરને સંક્ષિપ્તમાં રદ કરવામાં આવશે; (3) અર્નેસ્ટ મની: બિડની સાથે સંબંધિત ટેન્ડર નોટિસની સામે દર્શાવ્યા મુજબની અર્નેસ્ટ મની સાથે હોવી જરૂરી છે. ટેન્ડર ડોક્યુમેન્ટમાં દર્શાવેલ અર્નેસ્ટ મનીની કિંમત ટેન્ડરર દ્વારા IREPS પોર્ટલ www.ireps.gov.in પર ઓનલાઈન જમા કરાવવાની રહેશે. (4) બિડ્સની પ્રાપ્તિ: બિડરે તેની બિડ IREPS પોર્ટલ, www.ireps.gov.in પર ઉપરોક્ત ટેબલમાં, દરેક બિડ નોટિસની સામે દર્શાવેલ તારીખે 15:00 કલાક સુધીમાં જમા કરવી જોઈએ. બિડ્સ તે જ દિવસે IREPS પોર્ટલ, www.ireps.gov.in પર 15.30 કલાકે ખોલવામાં આવશે; (5) રેલવે કોઈપણ અથવા તમામ બિડને કોઈપણ કારણ જણાવ્યા વગર સ્વીકારવાનો/અસ્વીકાર કરવાનો અધિકાર અનામત રાખે છે; (6) પાત્રતા માપદંડને પૂર્ણ કરનાર બિડરનું મૂલ્યાંકન એ. બિડ દસ્તાવેજમાં આપેલા મૂલ્યાંકનના માપદંડોના આધારે કરવામાં આવશે; (7) આ ટેન્ડરની સામે મેન્યુઅલ ઓફર માન્ય નથી અને આવી પ્રાપ્ત થયેલ કોઈપણ મેન્યુઅલ ઓફરને ધ્યાનમાં લેવાશે નહીં. 08

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

રૂા. ૭૦ કરોડનાં ખર્ચે ઉપરકોટનાં નવિનિકરણની કામગીરી પૂર્ણ : ટુંક સમયમાં જ લોકાર્પણ



જૂનાગઢતા. ૧૮

ભારતભરમાં પ્રાચીન વિરાસતમાં મહત્વનું સ્થાન ધરાવતાં જૂનાગઢની શાન સમા ઐતિહાસીક ઉપરકોટનાં નવીનીકરણની કામગીરી પૂર્ણ થઈ ચુકી છે. ગુજરાત સરકારનાં પ્રવાસન વિભાગ દ્વારા રીસ્ટોરેશનની કામગીરીનું કામ દેશની નામી કંપની સવાણી કન્ઝર્વેશન પ્રાઈવેટ લીમીટેડ કંપનીને આપવામાં આવ્યું હતું. અને રૂા. ૭૦ કરોડનાં ખર્ચે ઉપરકોટનાં રીસ્ટોરેશનની કામગીરી પૂર્ણ થઈ છે. અને આગામી સમયમાં નવીનીકરણ પામેલા અને ભૂતકાલીન રાજાશાહી યુગ અને નવાબી શાસન કાળનાં સોનેરી દિવસોની યાદગીરી અપાવનારા ભવ્યભૂતકાળની વિરાસત એટલે ઐતિહાસીક ઉપરકોટ ભૂતકાળનાં સંભારણા સમો સજીવન થયો છે. નવીનીકરણ પામેલ ઉપરકોટ ભવ્ય અદભૂત અને અદ્રીતીય બનેલો છે. અને આગામી સમયમાં જ ઉપરકોટનાં નજરાણાની ભેટ જૂનાગઢને મળનારી છે અને તે અંગેની તૈયારી પણ હાલ ચાલી રહી છે. રૂા. ૭૦ કરોડનાં ખર્ચે જેનું નવીનીકરણ થયું છે તેવો ઉપરકોટનો કિલ્લો ગુજરાતનું શ્રેષ્ઠ અને 'હોટ ફેવરીટ' પ્રવાસન ધામ ટુરીસ્ટો માટે બનવાનું છે. ઉપરકોટનાં લોકાર્પણ સમારોહમાં ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિતનાં મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહેનાર છે. અને એલોકાર્પણની ઘડીની રાહ જૂનાગઢવાસીઓ જોઈ રહયા છે.

જૂનાગઢનાં ભવ્ય ભૂતકાળની વિરાસતસમો ઉપરકોટનો સુપ્રસિધ્ધ કિલ્લો ભવ્ય ભૂતકાળનાં સંભારણા રજુ કરતો ઉભો છે. અડીખમ યોધ્ધાની માફક ઉભેલા ઉપરકોટનાં નજારાને માણવા પ્રવાસી જનતાનો પ્રવાહ સતત આવતો રહયો છે. રાજાશાહી યુગનાં શુરવીર, પરાક્રમી રાજાઓનાં તેમનાં વસંજોનાં આધારસ્તંભો સમાન સ્થળ અહીં જોવા મળે છે. રા'કવાટ, રા'ણકદેવી, રા'ખેંગાર, રા'નવઘણ, રા'માંડલીક જગપ્રખ્યાત કથાનક (વાર્તા) ખાસ કરીને ગુજરાતી ફિલ્મોમાં અવાર નવાર દર્શાવવામાં આવી છે. ઉપરકોટનાં નિર્માણ બાદ કાળની અનેક થપાટો લાગેલ આ ભવ્ય કિલ્લાને જીર્ણોદ્વારની પ્રક્રિયા કરવાની તાતી જરૂરીયાત હતી. અહીંનાં આગેવાનો, લોકોએ પણ અનેકવાર ઉચ્ચકક્ષાએ રજુઆતો કરી હતી. તેમજ પ્રવાસી જનતા દ્વારા પણ આ બાબતે રજુઆત કરાઈ હતી. લોકોની લાગણીને ધ્યાને લઈ તેમજ ગુજરાત સરકાર અને પ્રવાસન વિભાગની પ્રવાસધામોને વિકસાવવાની મહત્વની યોજના સમા શુભ મુર્હુતે ઉપરકોટનાં રીસ્ટોરેશન માટેની પ્રક્રિયા હાથ ધરાઈ. દેશની નામી કંપની સવાણી હેરીટેજ કન્ઝર્વેશન પ્રા.લી.ને કામગીરી સુપ્રત કરવામાં આવી અને ત્યારબાદ ઉપરકોટનાં નવીનીકરણ માટેની કામગીરી હાથ ધરવામાં આવી. ગુજરાતનાં તત્કાલીન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, તત્કાલીન પ્રવાસી મંત્રી જવાહરભાઈ ચાવડાની સતત દેખરેખ અને ઉપરકોટનાં વિકાસ માટે નાણાંની કોથળી ખુલ્લી મુકવામાં આવી અને સરકાર દ્વારા સમયાંતરે ગ્રાન્ટ ફાળવામાં આવી. એક નોંધનીય બાબત તો એ છે કે ઉપરકોટનાં રીસ્ટોરેશનની કામગીરીમાં ખાસ પ્રકારનું મટીરીયલ્સ વાપરવામાં આવ્યું અને જેનાં કારણે ઉપરકોટનો ભવિષ્યમાં પણ કોઈ આંચ ન આવે તેવી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ૨૦૧૯માં શરૂ થયેલી નવીનીકરણની કામગીરી આખરે પૂર્ણ થવા પામી છે. સવાણી હેરીટેજ કન્ઝર્વેશન પ્રાઈવેટ લીમીટેડ દ્વારા શ્રેષ્ઠતમ કામગીરી બજાવી છે.

ઉપરકોટનાં ભવ્ય ભૂતકાળને સજીવન કરવાની કામગીરી એટલે કે નવીનીકરણની કામગીરી અંગે માહિતી આપતાં મુખ્ય ઝોનલ એન્જીનીયર કુલદીપ પાઘડારે જણાવ્યું હતું કે ઉપરકોટનાં નવીનીકરણની કામગીરી ત્રણ વર્ષ ચાલી છે અને રૂા. ૭૦ કરોડનાં ખર્ચે ઉપરકોટને ભવ્ય બનાવામાં આવેલ છે. નવીનીકરણની કામગીરીમાં ૨૨૬૩૯૧ સ્કવેર ઘનફુટ લાઈમ સ્ટોન વાપરવામાં આવ્યો છે. ઉપરાંત ૧૧૦૬૦૦ ઘનફુટ સ્ટોન વપરાયો છે. ૧૬૮૦૦૦૦ માનવ કલાકની મહેનત પડેલી છે. ૨૫ જેટલા મહત્વનાં સ્થાનોનું રીસ્ટોરેશન કરાયું છે. ૧૫૦૦ટન લાકડું વપરાયું છે. ઉપરાંત ૩૦૦૦થી વધારે ટન ચુનો વપરાયો છે. આ સિવાય અન્ય ખાસ સામગ્રીનો પણ ઉપયોગ કરાયો છે. અને કાબેલ એન્જીનીયર અને કર્મચારીઓ દ્વારા ટીમ વર્કથી બજેટમાં બેસ્ટ કામગીરી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર ભૂમિ સાથેની વાતચીતમાં ઝોનલ એન્જીનીયર કુલદીપ પાઘડારે જણાવ્યું હતું કે ઉપરકોટમાં રહેલા વિવિધ સ્થાનો જેવા કે રાણકદેવી મહેલ, નવઘણ કુવો, અનાજ કોઠાર, બ્યુટીફીકેશન ગજીબો, હાઈટેક ગજીબો, વોચ ટાવર, ગાર્ડન, વોકવે વગેરેમાં ખુબ જ મહત્વની કામગીરી કરવામાં આવી છે. એટલું જ નહીં અહીં આવનાર ટુરીસ્ટોને સમગ્ર ઉપરકોટનો ભવ્ય નજારો નિહાળવા માટે ત્રણથી ચાર કલાકનો સમય લાગતો ઉપરાંત રાજાશાહીની યાદ સમા ઉપરકોટનાં સંભારણાની ડોકયુમેન્ટરી, લાઈટીંગ સાઉન્ડ શો સીસ્ટમ પણ ઉભી કરાઈ છે. અને નવીનીકરણ પામેલો ઉપરકોટ ભવ્ય અને અદભૂત બની જતાં અહીં આવનારા ટુરીસ્ટો માટે વારંવાર આવવાનું મન થાય એવો બની ગયો છે. ગુજરાત સરકાર અને ટુરીઝમ વિભાગે જૂનાગઢ શહેરને એક અમૂલ્ય અને અદભૂત નજરાનાની ભેટ ઉપરકોટનાં માધ્યમથી આપી છે. અત્રે ઉલ્લેખીય છે કે ગુજરાત ટુરીઝમનાં બ્રાન્ડ એમ્બેસેડર અમિતાભ બચ્ચનને લઈ ટુરીઝમ વિભાગ દ્વારા 'કુછ દિન ગુજારો ગુજરાત મેં' એડ ફિલ્મમાં પણ ઉપરકોટને એન્ટ્રી દર્શાવવામાં આવેલ છે. જૂનાગઢનાં ઐતિહાસીક ઉપરકોટને ભવ્ય મૂર્તિમંત સ્વરૂપ અપાયું છે. અને જયારે ઉપરકોટનાં લોકાર્પણ બાદ ઉપરકોટની મુલાકાતે આવનારા ટુરીસ્ટોની સંખ્યામાં ધરખમ વધારો થવાનો છે ત્યારે હાલની સ્થિતિ જોતા ઉપરકોટ ખાતે આવનારા પ્રવાસીઓને પ્રવેશથી લઈ વાહન પાર્કીંગમાં પણ અગવડતા થવાની સંભાવનાં છે ત્યારે ટુરીસ્ટોને કોઈપણ જાતની અગવડતા ન પડે તેવી ખાસ વ્યવસ્થા કરવામાં આવનાર હોવાનું પણ જાણવા મળે છે. આગામી સમયમાં ભવ્ય લોકાર્પણ સમારંભ માટેની હાલ તૈયારી કરવામાં આવી રહી છે. અને ટુંક સમયમાં ઉપરકોટનાં લોકાર્પણનો કાર્યક્રમ જાહેર કરવામાં આવશે તેવા નિર્દેશો મળે છે.

સંકલન :- એસ. આઈ. બુખારી
જગડુશા ડી. નાગ્રેચા
ગ્રાફીક્સ :- એચ. કે. સોનગરા, ગૌતમ વી. ઠાકર

નવાબી સમયની ઐતિહાસીક શાન સમાન....

મહાબત મકબરો એટલે જૂનાગઢનો 'તાજ મહલ'

નવાબ મહાબતખાનજી અને દિવાન બહાઉદીનભાઈ મકબરાની ગુજરાત સરકાર અને પ્રવાસન વિભાગ દ્વારા રૂા. ૭ કરોડનાં ખર્ચે રીસ્ટોરેશનની કામગીરી સંપન્ન

જૂનાગઢ તા. ૧૮

નવાબી શાસન સમયનાં ભવ્યભૂતકાળનાં ગોલ્ડન સમયની યાદ સમી અનેક ઈમારતો જૂનાગઢ શહેરની શોભામાં અભિવૃધ્ધિ કરી રહી છે. અને નવાબી શાસન સમયની યાદગીરીને જીવંત રાખનાર જૂનાગઢની શાન સમો મહાબત મકબરો શિલ્પ અને સ્થાપત્ય કલાનો અદભૂત નમુનો છે. જૂનાગઢની મુલાકાતે આવનાર પ્રવાસીઓ મહાબત મકબરાની અચુક મુલાકાત લે છે અને તાજમહલની પ્રતિકૃતિ સમા મહાબત મકબરાને નિહાળી તેનું નકશી કામ નિહાળી દંગ રહી જાય છે. જૂનાગઢનાં 'તાજમહલ' એટલે કે મહાબત મકબરાની ખ્યાતી દૂર દૂર સુધી ફેલાયેલી છે. દેશ અને પરદેશનાં ટુરીસ્ટો મહાબત મકબરાની મુલાકાત લે છે અને સાથે જ મકબરાની તસ્વીર પણ લઈ કાયમી સંભારણું જૂનાગઢનું લઈ જઈ સંગ્રહ કહે છે. ગુજરાત સરકાર અને ટુરીઝમ વિભાગની મહત્વની યોજના એટલે કે ગુજરાતનાં પ્રવાસન ધામોનો સંપૂર્ણ વિકાસ અને જીર્ણોધ્ધાર કરવાની કામગીરી અંતર્ગત ભવ્ય ભૂતકાળને જીવંત રાખવાનાં ભગીરથ પ્રયાસનાં ભાગરૂપે રીસ્ટોરેશન નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી છે. દરમ્યાન ગુજરાત સરકાર અને ટુરીઝમ વિભાગનાં મહત્વનાં પ્રોજેકટ અંતર્ગત જૂનાગઢની શાન સમા તત્કાલીન નવાબ મહાબતખાનજી અને દિવાન બહાઉદીનભાઈનાં મકબરાનું રીનોવેશન કામ હાથ ધરવામાં આવ્યું. સરકાર અને ટુરીઝમ વિભાગ દ્વારા રૂા. ૭ કરોડની નાણાંની ફાળવણી કરવામાં આવી અને સવાણી હેરીટેઝ કન્ઝર્વેશન પ્રાઈવેટ લીમીટેડ દ્વારા મહાબત મકબરા અને બહાઉદીનભાઈનાં મકબરાની નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી. આ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. ૧૦૦ જેટલા કારીગરોએ ભારે જહેમત ઉઠાવી અને મકબરાનાં બારી-બારણા, દરવાજા, મીનારાનું નવીનીકરણ કાર્ય હાથ ધર્યું. ખાસ ગોળ, ગુગળ સહિતનું મટીરીયલ્સ પણ વાપરવામાં આવ્યું અને નવીનીકરણની કામગીરી બાદ ભવ્ય દ્રશ્ય મહાબત મકબરા અને બહાઉદીનભાઈનાં મકબરાનું દ્રશ્યમાન થયું છે તે અદભૂત અને અવર્ણનીય છે. રાજાશાહી અને નવાબી શાસન સમયમાં ગુજરાતનું જૂનાગઢ શહેર સ્ટેટનો દરજ્જો ભોગવતું હતું અને જૂનાગઢ સ્ટેટનો દબદબો હતો. આજે પણ જૂનાગઢ શહેર કોઈ સ્ટેટથી કમ નથી. જૂનાગઢ શહેરમાં અનેક જોવાલાયક અને ફરવાલાયક સ્થળો આવેલા છે ત્યારે આ શહેરનાં શાન સમા મકબરાની મુલાકાત પ્રવાસી જનતા લેતી હોય છે અને હવે જયારે સંપૂર્ણ નવીનીકરણ પામેલા મહાબત મકબરો અને બહાઉદીનભાઈનાં મકબરાએ જૂનાગઢની યશકલગીમાં વધુ એક પીછું ઉમેર્યું છે. દરમ્યાન ટુરીઝમ વિભાગનાં ઝોનલ એન્જીનીયર કુલદીપ પાઘડારે સૌરાષ્ટ્ર ભૂમિ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ઐતિહાસીક ઉપરકોટ તેમજ નવાબ મહાબતખાનજી મકબરા અને દિવાન બહાઉદીનભાઈનાં મકબરાની નવીનીકરણની કામગીરી સંપન્ન થઈ છે અને હવે ટુંક સમયમાં લોકાર્પણનો કાર્યક્રમ સમારોહ યોજાવાનો છે જે અંગે કાર્યવાહી હાથ ધરાઈ છે. સરકાર અને ટુરીઝમ વિભાગની સુચના અને માર્ગદર્શન હેઠળ લોકાર્પણનો કાર્યક્રમ જાહેર કરવામાં આવનાર છે. જૂનાગઢ શહેરની જનતાને એક ભવ્ય ઐતિહાસીક વિરાસત પ્રાપ્ત થઈ રહી છે. તેના આનંદ અને ગૌરવની બાબત છે. જૂનાગઢવાસીઓને આ અંગે અભિનંદન આપવામાં આવી રહયા છે.

જૂનાગઢમાં ભક્તિ એપાર્ટમેન્ટમાં ફુલ ફર્નીચર સાથેનો ફલેટ વેંચવાનો છે

જૂનાગઢમાં 2 BHK ફુલ ફર્નીચર સાથેનો ભક્તિ એપાર્ટમેન્ટ ફલેટ નં. ૧૦૩, દુર્વેશનગર સોસાયટી, આલ્ફા સ્કુલ-૧ ની બાજુમાં આવેલો ફલેટ વેંચવાનો છે. જેની કિંમત રૂા. ૧૮ લાખ. ૨૫ ધરાવતી પાર્ટીએ

નીતાબેન કાન્તીભાઈ ફડદુ

મો. ૭૦૧૬૮ ૮૮૪૮૪નો

સંપર્ક સાધવા જણાવેલ છે.

ઓફર...ઓફર... M. 99787 06355
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, માઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. રોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, કિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨